દૈનિક મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 161 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ વદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 July 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૯ જુલાઈ ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૯ ૧૦ ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સુરતમાં વરસાદી તબાહીઃ ૧૩ મોત




## મેઘરાજાએ પોરો તો ખાધો પણ હજી બધે ઘૂંટણસમાં પાણીઃ પ્રજા હવે સમસ્યાઓના વરસાદથી ઝઝૂમી રહી છે



**સુરતની બગડેલી સૂરતઃ** સુરતમાં ભારે વરસાદને લીધે અનેક રસ્તા પર પાણી ભરાયાં હતાં અને તેમાંથી ફૂડ પૅકેટ્સ સાથે પસાર થતાં લોકો તેમ જ એક મંદિર પણ અંશતઃ પાણીમાં ડૂબી ગયું હતું. (પીટીઆઈ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સતત ત્રણ દિવસથી શહેરને ધમરોળ્યા બાદ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વરસાદે પોરો ખાધો હતો. સમગ્ર ગુજરાતમાં બુધવારે નહીવત વરસાદ વરસ્યો હતો. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અનુક્રમે સિઝનનો ૩૪.૧૩ અને ૨૭.૫૯ ટકા વરસાદ વરસ્યો હતો, જ્યારે મધ્ય પૂર્વ ગુજરાત, ઉત્તર ગુજરાત અને કચ્છમાં અનુક્રમે ૧૭.૨૭, ૧૪.૦૯ અને ૧.૯૨ ટકા વરસાદ વરસ્યો છે, જે ઘણો જ ઓછો છે અને લગભગ નહીવત જેવો છે. સુરતમાં ત્રણ દિવસથી સર્જાયેલા મેઘતાંડવને કારણે બાવીસ જણે જીવ ગુમાવ્યા છે, જેમાં છેલ્લા ૨૪ કલાકમાં પડેલા વરસાદને કારણે ૧૩ જણે જીવ ગુમાવ્યાના અહેવાલો પ્રકાશમાં આવ્યા છે. મળતી

(જુઓ પાનું ૪) ▸▸

## યુદ્ધ ફરી શરૂઃ ઈરાનનાં ૮૦ ઠેકાણાં પર અમેરિકાનો હુમલો

- ઈરાનનાં વીજ-પાણી મથકોને ટાર્ગેટ કરશે ટ્રમ્પ
- તહેરાનના તેલ પર ફરી પ્રતિબંધ
- બાહરીન, કુવૈત પર હુમલા
- ક્રૂડ, ગૅસ, ખાતરના ભાવમાં ફરી ઉછાળો

દુબઈઃ અમેરિકા અને ઇરાન વચ્ચે લડાઇ ફરી શરૂ થઇ હતી. અમેરિકાએ બુધવારે સવારે ઇરાન પર હુમલા શરૂ કર્યા હતા. અમેરિકા દ્વારા ઇરાનને તેલ વેચવા તાજેતરમાં અપાયેલી પરવાનગી ફરી રદ કરાઇ હતી. તહેરાને હોર્મુઝ ખાડીમાંનાં જહાજો પર કરેલા હુમલાના જવાબમાં વૉશિંગ્ટને આ કાર્યવાહી કરી હોવાનું કહેવાય છે. ઇરાને બાહરીન અને કુવૈત પર પણ હુમલા કર્યા હતા. અખાતના દેશોમાં ફરી લડાઇ શરૂ થતાં ખનિજ તેલ, કુદરતી ગૅસ અને ખાતરના ભાવમાં ફરી વધારો થયો છે.

દરમિયાન, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે જણાવ્યું હતું કે યુદ્ધવિરામ માટે થયેલા વચગાળાના કરારનો અંત આવ્યો છે, પણ હું ખાડીના દેશોમાં શાંતિ સ્થાપવા માટેની મંત્રણા ચાલુ રહેવા દઇશ. મને લાગે છે કે બન્ને દેશના નેતાઓ (શાંતિ) મંત્રણા કરીને સમય બરબાદ કરી રહ્યા છે.

ઇરાનની નાગરિકી માળખાકીય સુવિધાઓ પર હુમલો કરવાની અને ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત ખાર્ગ ટાપુ પર કબજો કરી લેવાની અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે બુધવારે

(જુઓ પાનું ૪) ▸▸

## સેન્સેક્સમાં ૧૭૦૦નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હોર્મુઝ અને શેરબજારમાં માંડ માંડ શાંતિ સ્થાપવાની આશા જન્મી હતી ત્યાં ઇરાન સાથે અમેરિકાની નવી ચકમક ઉપરાંત ઈરાન સાથેના શાંતિ કરાર અંગેની ટ્રમ્પની નકારાત્મક ટિપ્પણીઓને કારણે ડહોળાયેલા વાતાવરણમાં ગ્લોબલ ઇક્વિટી, ક્રૂડ ઓઇલ અને ફોરેક્સ માર્કેટમાં પણ ફટકો પડ્યો છે.

બીએસઇનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૭૧.૨૩ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કામકાજના દિવસે રૂ. ૪૮૦.૨૦ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૮.૯૭ લાખ કરોડનો ઘટાડો થયો હતો.

હોર્મુઝ સ્ટ્રેઇટમાં ફરીથી ભયનું વાતાવરણ ખડું થતાં સર્જાયેલા રિસ્ક ઓફ મૂડમાં રોકાણકારોએ કરેલી ગભરાટભરી વેચવાલીના દબાણ વચ્ચે

(જુઓ પાનું ૪) ▸▸

## સરદાર સરોવર પ્રોજેક્ટના ખર્ચની વહેંચણીનો ચાર રાજ્ય વચ્ચે કરાર

### ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાનોએ સહી કરી

નવી દિલ્હીઃ નર્મદા અવૉર્ડના લાભાર્થી રાજ્યો - ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન વચ્ચે ખર્ચની બાકી નીકળતી રકમની ચુકવણી માટે મંગળવારે અંતિમ કરાર થયો હતો.

કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ અને જળશક્તિ પ્રધાન સી. આર. પાટીલની હાજરીમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, રાજસ્થાનના મુખ્ય પ્રધાન ભજનલાલ શર્મા અને મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવે સરદાર સરોવર પ્રોજેક્ટના નિર્માણનો ખર્ચ વહેંચવા માટેના અંતિમ કરાર પર સહી

(જુઓ પાનું ૪) ▸▸

## નિજ્જરની હત્યામાં નથી ભારતનો હાથઃ કૅનેડાની પોલીસે કબૂલ્યું

ટોરન્ટોઃ કૅનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને ચાલી રહેલા વિવાદમાં એક નવો વળાંક આવ્યો છે. રોયલ કૅનેડિયન માઉન્ટેડ પોલીસે (આરસીએમપી) જણાવ્યું છે કે ચાલી રહેલી તપાસમાં એવા કોઈ પુરાવા મળ્યા નથી જેનાથી ભારત સરકાર કે તેના કોઈ પણ અધિકારીની સંડોવણી સાબિત થાય.

અમેરિકાના ન્યાય વિભાગે કૅનેડામાં શીખ અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરના હત્યા કેસમાં જેલમાં બંધ ભારતીય ગૅંગસ્ટર લૉરેન્સ બિશ્નોઈ અને તેના સાથી ગોલ્ડી બાર પર આરોપ સાર્વજનિક કર્યા હતા.

રોઈટર્સના એક રિપોર્ટ અનુસાર,

(જુઓ પાનું ૪) ▸▸



## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પીઓકેમાં સશસ્ત્ર બળવો થાય તો પાકિસ્તાનને ભોં ભારે પડી જાય

**પાકિસ્તાને** પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં પાકિસ્તાન સરકાર સામે રસ્તા પર ઊતરેલાં લોકોનું આંદોલન ઉગ્ર બની રહ્યું છે. ખોરાક, વીજળી અને મૂળભૂત જરૂરીયાતોની માગ સાથે શરૂ થયેલા આંદોલનમાં લોકો હવે પાકિસ્તાનથી મુક્તિ માગી રહ્યા છે. કાશ્મીરની પ્રજા પોતાનો અધિકાર માગી રહી છે ત્યારે પાકિસ્તાનની સરકાર તેમને આતંકવાદી જાહેર કરીને તેમના પર પાશવી અત્યાચારો ગુજારી રહી છે. એક તરફ પાકિસ્તાનની સરકારે આર્થિક નાકાબંધી કરીને કાશ્મીરીઓને મળતી અનાજ સહિતની ચીજો બંધ કરી દીધી છે ત્યારે બીજી તરફ જનાક્રોશને દબાવી દેવા માટે લશ્કરને છૂટો દોર આપી દીધો છે. કાશ્મીરની જનતા આ અત્યાચારો સામે અડીખમ બનીને લડી રહી છે પણ લશ્કરના અત્યાચારો સામે ક્યાં સુધી ઝીંક ઝીલશે એ સવાલ છે ત્યારે એક રસપ્રદ ઘટના બની છે.

પીઓકેની જનતાના અવાજને બુલંદ બનાવવા માટે લોકોના પ્રતિનિધીઓની જોઇન્ટ અવામી એક્શન કમિટી (જેએએસી) બનાવાઈ છે. આ જેએએસીના નેતા સરદાર અમન ખાને ભારતને દરમિયાનગીરી કરવા માટે સીધી અપીલ કરી છે. અત્યારે પીઓકેના જનાક્રોશનું કેન્દ્ર રાવલકોટનું ઈદગાહ ગ્રાઉન્ડ છે. આ ગ્રાઉન્ડમાં મળેલી જંગી જાહેર સભાને સંબોધતાં સરદાર અમન ખાને ભારતને માનવીય સહાય મોકલવા અને નિયંત્રણ રેખા (એલઓસી) પર સરહદ ખોલવા હાકલ કરી છે. અમન ખાને કહ્યું કે, પીઓકેમાં રાશનની અછત છે અને પાકિસ્તાન અત્યાચારો કરી રહ્યું છે તેથી અમને ભારતની મદદની જરૂર છે.

સોશ્યલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં અમન ખાન કહે છે કે, પાકિસ્તાન આર્મીએ પીઓકેના લોકોના અવાજને દબાવવા માટે માઝા મૂકી છે એ આર્થિક નાકાબંધી કરી છે તેથી પીઓકેના રહેવાસીઓ ખોરાક અને દવાઓની અછતનો સામનો કરી રહ્યા છે. લોકો ભૂખથી અને દવા વિના તરફડીને મરી રહ્યા છે એ જોતાં ભારત અમારી વહારે આવે. ભારતે સરહદ પણ ખોલવી જોઈએ કે જેથી પરિસ્થિતિ વધુ બગડે તો પીઓકેનાં લોકો પાસે ભારતમાં સ્થળાંતર કરવાનો વિકલ્પ હોય. સરદાર અમન ખાને હાજર હજારો લોકોને વારંવાર સવાલ પણ કર્યો કે, આપણે નિયંત્રણ રેખા તરફ આગળ વધવું જોઈએ? લોકોએ આ સવાલનો જવાબ 'હા'માં આપ્યો છે.

સરદાર અમન ખાને બીજી ચીમકી પણ આપી છે કે, પાકિસ્તાન અમને આતંકવાદી ગણાવીને ગોળીઓ મારી રહ્યું છે પણ પીઓકેનાં લોકો લાંબો સમય ચૂપ નહીં રહે. અમારી પાસે પણ બીજા વિકલ્પો છે ને પાકિસ્તાન અત્યાચારો બંધ નહીં કરે તો અમારે એ રસ્તે જવું પડશે. મતલબ કે, પીઓકેની પ્રજા પણ પાકિસ્તાન આર્મી સામે હથિયારો ઉઠાવી શકે છે.

અમન ખાનની હાકલ અને લોકોનો જવાબ જોતાં લાગે છે કે, પીઓકેમાં સ્થિતિ હજુ વધારે ખરાબ થશે. અત્યારે જ પીઓકેમાં લાખો લોકો રસ્તા પર આવી ગયા છે. પાકિસ્તાની લશ્કરે તેમને ડરાવીને પાછા ઘરોમાં પુરાઈ જવાની મથામણમાં કોઈ કસર છોડી નથી પણ લોકો ડર્યા વિના રસ્તા પર જ અડીખમ છે. પાકિસ્તાનનું આર્મી ગોળીઓ છોડી રહ્યું છે તેમાં લોકો મરી રહ્યા છે, લાઠીઓ વરસાવે છે તેમાં લોકોનાં હાડકાં તૂટી રહ્યાં છે છતાં લોકોનો જુસ્સો તૂટી નથી રહ્યો. આ બુલંદ જુસ્સા સાથે લડી રહેલા લાખો લોકો કાલે નિયંત્રણ રેખા તરફ આગળ વધવાનું નક્કી કરે તો શું થાય એ સમજવાની જરૂર છે.

સૌથી પહેલાં તો લોકોને રોકવા માટે પાકિસ્તાન આર્મી પૂરી તાકાત લગાવી દે તેથી પીઓકેમાં જ આંતરિક વિગ્રહ ફાટી નીકળે. અમન ખાને કહ્યું છે તેમ પીઓકેની પ્રજા હથિયારો ઉઠાવે તો પાકિસ્તાનના સૈનિકો પણ આ વિગ્રહમાં મરે ને મોટો રક્તપાત થઈ જાય. સ્વાભાવિક રીતે જ પાકિસ્તાન આર્મી બધા દેખાવકારોને તો ના જ રોકી શકે ને તેમાંથી થોડાક હજાર લોકો પણ નિયંત્રણ રેખાની નજીક પહોંચી જાય તો સ્થિતિ અત્યંત વિસ્ફોટક બની જાય.

અત્યારે રાવલકોટ પીઓકેની પ્રજાના જનાક્રોશનું કેન્દ્ર છે. રાવલકોટ એલઓસીથી માત્ર ૪૬ કિલોમીટર દૂર છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે જમ્મુ અને કાશ્મીરના પૂંચથી રાવલકોટ વચ્ચે બસસેવા ચાલતી હતી તેથી એકદમ પાકો રોડ બનેલો છે. આ કારણે લોકો માટે નિયંત્રણ રેખા સુધી પહોંચવું મુશ્કેલ નથી. નિયંત્રણ રેખા સુધી પહોંચેલા લોકોને રોકવા માટે પાકિસ્તાન આર્મી પૂરી તાકાત લગાવી દે તેથી નિયંત્રણ રેખા પર જ પીઓકેનાં લોકો અને પાકિસ્તાન આર્મી વચ્ચે જંગ છેડાઈ જાય.

આ જંગમાં સ્વાભાવિક રીતે જ પાકિસ્તાન આર્મીનો હાથ ઉપર રહે કેમ કે પાકિસ્તાન આર્મી વ્યૂહાત્મક સ્થળો પર ગોઠવાયેલી છે અને તેની પાસે અમર્યાદિત દારૂગોળો છે. દેખાવકારોને રોકવા આર્મી ગોળી પણ મારી શકે ને તોપના ગોળા પણ છોડી શકે. વાહનોમાં આવતાં લોકોને ઉડાવવા મિસાઈલ પણ ફેંકી શકે ને આર્મીનાં હેલિકોપ્ટર્સમાંથી બૉમ્બ પણ વરસાવી શકે. આવી સ્થિતિ પેદા થશે જ એવું છાતી ઠોકીને ના કહી શકાય પણ પીઓકેમાં ભીષણ ઘર્ષણ નક્કી છે.

કોઈ પણ જગાએ લોકો મરે એ સારું ના કહેવાય એ જોતાં પીઓકેમાં પણ લોકો મરે એવી આશા રાખતા નથી પણ આપણી શુભ ભાવનાથી કશું રોકાવાનું નથી. પીઓકેને પોતાની સાથે જોડાયેલું રાખવા માટે પાકિસ્તાન મરણિયું બન્યું છે તેથી પીઓકેનાં લોકો આમ પણ ગોળીઓ ખાઈને મરી જ રહ્યા છે. ઘર્ષણ તીવ્ર બને તો થોડાક વધારે લોકો મરે પણ પીઓકેને પાકિસ્તાનથી અલગ કરીને કાયમ માટે શાંતિ સ્થાપવાની એક તક આવી જાય એ પણ વાસ્તવિકતા છે.

પીઓકેની અત્યારની સ્થિતિ ૧૯૭૧ પહેલાંના બાંગ્લાદેશ જેવી છે. બાંગ્લાદેશમાં લોકોના અવાજને દબાવી દેવા પાકિસ્તાને આ રીતે જ અત્યાચારો શરૂ કરતાં બાંગ્લાદેશની પ્રજાએ હથિયારો ઉઠાવી લીધેલાં. શેખ મુજીબુર રહેમાનની હાકલને વધાવીને મુક્તિબાહિનીની રચના કરાઈ અને આ મુક્તિબાહિનીને મદદ કરીને ઈન્દિરા ગાંધીની સરકારે પાકિસ્તાનને ભારત પર આક્રમણ કરવા મજબૂર કર્યું. ભારત પાકિસ્તાનને ભરી પીવા તૈયાર બેઠેલું તેથી પાકિસ્તાને આક્રમણ કર્યું કે તરત વળતો પ્રહાર કરીને આપણે પાકિસ્તાનના બે ટુકડા કરી નાખ્યા. પીઓકેમાં અત્યારે એવી જ સ્થિતિ છે એ જોતાં યોગ્ય સમયે ઘા મારીને ભારત પીઓકેને આંચકી લઈ શકે છે.

ભારતે સરદાર અમન ખાનની હાકલ સામે કોઈ પ્રતિક્રિયા નથી આપી. એ સ્વાભાવિક પણ છે કેમ કે આપણી વ્યૂહરચના જાહેર કરવાની ના હોય ને બહુ બકબક ના કરવાનું હોય. અત્યારે પીઓકેમાં ઊંડકેલો જનાક્રોશ કે સરદાર અમન ખાનની હાકલ પણ મોદી સરકારની વ્યૂહકચનાનો ભાગ હોય એવું બને. એવું હોય તો મોદી સરકાર સાચી દિશામાં જઈ રહી છે. આ મુદ્દે અત્યારે કોઈ પણ પ્રકારની ચર્ચા રાષ્ટ્રના હિતમાં નથી તેથી આ વિષયને છોડીએ પણ સાથે સાથે આશા રાખીએ કે, પીઓકેની પ્રજાનો સંઘર્ષ ફળે અને પીઓકેની પ્રજા પાકિસ્તાન આર્મીને ભગાડીને ભારત સાથે જોડાય. પીઓકે ભારતનો જ વિસ્તાર છે તેથી પીઓકેનાં લોકોની તકલીફોને નિવારવામાં ભારત કોઈ કસર નહીં છોડે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, ગુરુવાર, તા. ૯–૭–૨૦૨૬, ભદ્રા પ્રારંભ

- ભારતીય દિનાંક ૧૮, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જ્યેષ્ઠ વદ–૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જ્યેષ્ઠ, તિથિ વદ–૯
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૫મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર અશ્વિની બપોરે ક. ૧૪–૫૫ સુધી, પછી ભરણી
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૨, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- –: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ સવારે ક. ૦૬–૪૭, સાંજે ક. ૧૮–૧૧
- ઓટઃ બપોરે ક. ૧૨–૨૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૧૧ (તા. ૧૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, નિજ જ્યેષ્ઠ કૃષ્ણ – નવમી. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૧–૩૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત મુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુ–કળશ, રિક્તા • તિથિમાં લગ્નમુહૂર્ત ગ્રાહ્ય છે. (આથી રિક્તા તિથિ છતાંય સામાન્ય દર્શાવેલ છે.) ગુરુ–કેતુ ગ્રહદેવતાનું પૂજન, પરદેશગમનનું પસ્તાનું, પ્રયાણ શુભ, નવાં વસ્રો, આભૂષણ, વિદ્યારંભ, નવા વાસણ, પશુ લે–વેંચ, પ્રથમ વાહન, નૌકા બાંધવી, યંત્ર આરંભ, દસ્તાવેજ, દુકાન–વેપાર, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, પશુ લે–વેંચ, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, સપ્તસતી પાઠ વાંચન, શ્રી દત્તાત્રેય પૂજન, દત્તબાવની વાંચન.

આચમનઃ સૂર્ય–રાહુ અર્ધચતુષ્કોણ ભાવહીન, બુધ–મંગળ અર્ધચતુષ્કોણ અતશયોક્તિ કરનારા

ખગોળ જ્યોતિષઃ સૂર્ય–રાહુ અર્ધચતુષ્કોણ, બુધ–મંગળ અર્ધચતુષ્કોણ

ગ્રહગોચરઃ સૂર્ય–મિથુન, મંગળ–વૃષભ, વક્રી બુધ–મિથુન, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–સિંહ, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# આખેરતના ખૌફ સિવાય તમામ પ્રકારના ભયથી નજાત મેળવવા ઈચ્છો છો?

**મોમીનોમાં** વધતો જતો ખૌફ અને અસલામતીની ભાવના પાછળના કેટલાક કારણો આપણે ગયા અંકમાં વાંચી ગયા. ઈસ્લામ તેની ઉમ્મતને જે માર્ગદર્શન આપે છે તે માત્ર જાણી લેવાથી અર્થ સરવાનો નથી. જ્યાં સુધી હિદાયતો પર ચિંતન-મનન અને એ પછી અમલમાં મુકવામાં ન આવે ત્યાં સુધી બેહાલી પીછો છોડવાની નથી. કાલ્પનિક ભય પર નિયંત્રણ મેળવવામાં આજનો મુસલમાન નિષ્ફળ જઈ રહ્યો છે. ખોટા ભયના રોગનો ભોગ બનેલા શખસો ગભરાટ જેવી બીમારીથી પણ પીડાતા જોવા મળે છે. જતે દિવસે તબિયત લથડતી જાય છે અને માનસિક શાંતિ સાથે શારીરિક તંદુરસ્તી જોખમાય છે. આવા ભયથી મુક્તિ મેળવવા માટે ગુજરાતી, અંગ્રેજી, ઉર્દૂ સહિત અનેક ભાષામાં પુસ્તકો લખાયા છે, જેમાં દર્શાવાયું છે કે હિમ્મતથી ભયનો સામનો કરો. બીજાના ડર ઉપર વિશ્વાસ ન રાખો, તમારા ખૌફને ઉચ્ચ શક્તિમાં ફેરવી નાખો તેમજ ભયનું કારણ શોધવા દિલથી પ્રયત્ન કરો. હા, એક અલ્લાહ અને તેની રહેમત ઉપર એતબાર રાખશો તો યકિનથી આમાંથી મુક્તિ મેળવી શકશો. હઝરત અલી અલૈયહિસ્સલ્લામના એક કથનનો સાર એવો છે કે સૌથી પહેલા પોતાની જાતને ઓળખો અને જેણે પોતાની જાતને ઓળખી તેણે તેના અલ્લાહને પણ ઓળખ્યો અને એક વખત અલ્લાહ ઓળખાયો તો પછી તેના પ્રત્યે બહેદ મહોબ્બત પેદા થવાની અને જેવી અલ્લાહ અને બંદા વચ્ચે પરસ્પર મહોબ્બત જન્મી એટલે ભય નાબૂદ થવાનો. કારણ એકબીજા તરફ ખેંચતાણ થતી રહેશે ત્યારે એક પ્રકારની રૂહાની શક્તિ ઉત્પન્ન થશે. આવી પરિસ્થિતિમાં કાલ્પનિક ભય સદાને માટે દૂર થશે. તવારીખે ઈસ્લામમાં ભયમુક્ત થવાના આવા અનેક દાખલા મૌજુદ છે.

દીને ઈસ્લામમાં એક લાખ અને ચોવીસ હજાર જેટલા પયગંબરો થઈ ગયા. આખરી પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલૈયહિ વસ્સલ્લમે પરવરદિગારે આલમને એવી દુઆ ગુજારી હતી કે –'યા અલ્લાહ, મારા ઈલ્મમાં તું વૃદ્ધિ કર અને મને દરેક ચીજોનું ઈલ્મ અતા કર જેથી હું તારી કુદરતના ઊંડાણને સમજુ અને સાથે મારી જાતને ઓળખી ફક્ત તારો જ તથા આખેરતના ખૌફ સિવાય તમામ પ્રકારના દુન્યવી ખૌફથી નજાત મેળવું.' રસૂલ સલ.ની આ દુઆ પોતાની જાતને અને અલ્લાહને ઓળખવા માટે કયામત સુધી દરેક માનવીને મદદરૂપ થવાની. ઈલ્મ મેળવવા માટેનો એક ઉમદા તરીકો–પદ્ધતિ એ પણ, છે કે ધાર્મિક પુસ્તકો–સાહિત્યનો બને તેટલો અભ્યાસ કરવો. દુન્યવી જંજાળ અને મોહમાયામાંથી મન હટાવી, થોડો સમય આ માટે ફાળવવામાં આવશે તો ચમત્કારિક પરિણામ અનુભવશો. હઝરત અલી અલૈયહિસ્સલ્લામ આ અંગે ફરમાવે છે કે – 'અય ઈનસાન, તારું શરીર આ દુનિયામાંથી ઉઠી જાય તે પહેલાં તારું દિલ આ જગતમાંથી હટાવી લે તો જન્નતનો શોખ તથા આખેરતનો ખૌફ પેદા થશે અને બાકીના તમામ પ્રકારના ભયથી મુક્તિ મળશે.'

હઝરત આદમ અલૈયહિસલ્લામ ભયમુક્ત થઈ જન્નતમાં રહેતા હતા, પરંતુ સેતાને તેમને લલચાવી જન્નત છોડાવી, કારણ સેતાન ઈબ્લીસે તો ઈલ્મ સાથે ક્યારનો નાતો તોડી નાખ્યો હતો. જ્યારે હઝરત આદમ અલૈયહિસલ્લામનું પૂતળું તૈયાર થયું અને તેમાં રૂહ ફૂંકવાનું બાકી હતું ત્યારે અલ્લાહતઆલાએ સેતાન ઈબ્લીસ સહિત દરેક ફરીસ્તાઓને ફરમાવ્યું હતું કે, હું જ્યારે આમાં રૂહ મૂકું ત્યારે તમે દરેક તેને સજદો (નમન) કરજો ત્યારે પહેલા તો એ ફરીશ્તાઓએ વિરોધ નોંધાવેલ, પણ જ્યારે અલ્લાહતઆલાએ હઝરત આદમ (અ.સ.)ને દરેક ચીજોના નામનું ઈલ્મ આપ્યું અને ફરીશ્તાઓને ફરમાવ્યું, કે કહો, તમે એ જાણો છો? ત્યારે તેઓ બોલ્યા, નહીં. અમે તો ફક્ત તારા ફરમાબરદાર છીએ અને જે તું જાણે છે, તે અમે નથી જાણતા. અર્થાત્‌ ફરીશ્તાઓએ હઝરત આદમ અ.સ.ને આપેલા ઈલ્મનો એકરાર કર્યો અને ઈલ્મની ફઝીલત (કૃપા) સ્વીકારી તેને સજદો કર્યો, પરંતુ સેતાન ઈબ્લીસે તો અલ્લાહની અદાલતને ચેલેંજ કરી. પરિણામે તેણે પોતાનું આગલું ઈલ્મ પણ ખોયું અને અકડી બેઠો, કે હઝરત આદમ અસ.થી પોતે અફઝલ, ચઢિયાતો, શ્રેષ્ઠ છે, કારણ તે આગમાંથી બન્યો છે! બસ, તે દિવસથી તે કયામત સુધી મરદુદ અને હડધુત બન્યો છે અને અલ્લાહના બંદાને ઈલ્મથી દૂર ભગાડી પોતાના સાથી બનાવે છે તેમજ ખોટા ખોટા ભય પેદા કરતો રહે છે.

– માટે દુન્યવી જંજાળમાંથી મનને હટાવી લેશો તો સેતાનની બાજી ઊંધી વળી જશે અને આખેરતના ખૌફ સિવાયના તમામ પ્રકારના ભયથી નજાત મળશે.

'ખુદા સિવાય કોઈ માબુદ (પૂજનીય) નથી. તે બાદશાહ છે, હક્ક ઝાહિર છે. હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અલ્લાહના રસૂલ વાયદાના સાચા અમાનતદાર છે. 'આ વિર્દ (કલમો) રોજ એકસો વખત પઢનારાની રોજી બહોળી થશે. કબ્રના અઝાબથી બચશે. મરતી વેળા જન્નતમાં જવા માટે સર્વે દરવાજા ખુલી જશે. આ કલમો રોઝ–એ–અનવર સલ. (પયગંબર હઝરત મુહંમદ સલ.ની મઝાર મુબારક)ની જાલી પર લખવામાં આવેલ છે. ■

# બદરીનાથ ચંદા-ચોરીઃ કર્મચારી સામે એફઆઈઆર

### મુખ્ય પ્રધાન કહે છે કે આ તો ગોહત્યા જેવું પાપ

દેહરાદૂન : બદરીનાથ મંદિરના ચઢાવામાં ગેરરીતિના સંદર્ભમાં સસ્પેન્ડ કરાયેલા બદરીનાથ-કેદારનાથ ટેમ્પલ કમિટી (બીકેટીસી)ના એક કર્મચારી સામે ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ (એફઆઈઆર) નોંધાવવામાં આવ્યો હતો. મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ ચંદા-ચોરીના પાપને ગોહત્યા સમાન ગણાવ્યું છે.

એફઆઈઆર બીકેટીસીના ચેરમેનના પર્સનલ આસિસ્ટન્ટ પ્રમોદ નૌટિયાલ સામે મંગળવારે રાત્રે નોંધાવવામાં આવ્યો હતો.

સમિતિની ચાર સભ્યની તપાસ સમિતિએ શોધી કાઢ્યું હતું કે નૌટિયાલ સામેના ચઢાવામાં ગેરરીતિ કરવાના આક્ષેપો પ્રથમ દૃષ્ટિએ સાચા છે. ત્યાર બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. બીકેટીસી બદરીનાથ અને ઉત્તરાખંડના બીજાં ધર્મસ્થાનોની વ્યવસ્થા કરનારી કાયદેસર સંસ્થા છે.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે આ પાપ ગોહત્યા કરવા જેવું છે. આ ગાયને મારવા જેવો ભયંકર ગુનો છે. આ ક્ષમાને પાત્ર નથી અને કાયદો એનું કામ કરશે.

પોલીસે કહ્યું હતું કે નૌટિયાલ સામે ભારતીય ન્યાય સંહિતાની ૩૦૬મી કલમ (માલિકની સંપત્તિમાં નોકરની ચોરી) અને કલમ ૩૧૬(૫) (ખાસ ટ્રસ્ટી દ્વારા વિશ્વાસનો ફોજદારી ભંગ) હેઠળ ગુનો નોંધાયો હતો.

મંગળવારે મુખ્ય પ્રધાનના આદેશથી ઉત્તરાખંડ સરકારે ગઢવાલ કમિશનર આનંદ સ્વધપની આગેવાની હેઠળ ત્રણ સભ્યની તપાસ સમિતિ નિમી હતી. ર

હરિદ્વારમાં પત્રકારો સાથે વાતચીત કરતા મુખ્ય પ્રધાને કહ્યું હતું કે ચંદા-ચોરીની તપાસ કરવા સમિતિની રચના કરાઈ છે અને પોલીસે અહેવાલ આપ્યો છે. (એજન્સી) ■

# એનસીઇઆરટીનું સુધારિત પાઠ્યપુસ્તક બહાર પડાયું

### દેશના ભાગલા પ્રત્યેના વલણનું લખાણ બદલાયું, હિટલરનો ઉલ્લેખ પડતો મુકાયો

નવી દિલ્હીઃ નેશનલ કાઉન્સિલ ઑફ એડ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ (એનસીઇઆરટી) દ્વારા ચાલુ અઠવાડિયે બહાર પાડવામાં આવેલા ધોરણ આઠના સોશ્યલ સાયન્સ (સમાજશાસ્ત્ર)ના પાઠ્યપુસ્તક 'એક્સ્પ્લોરિંગ સોસાયટીઃ ઇન્ડિયા ઍન્ડ બિયૉન્ડ'માં અનેક વિવાદાસ્પદ લખાણ કાઢી નખાયું હતું, પરંતુ હજી પણ તેમાંનું કેટલુંક લખાણ વિવાદાસ્પદ હોવાનું કહેવાય છે.

જૂના પાઠ્યપુસ્તકમાં દેશના ૧૯૪૭માં થયેલા ભાગલા વખતના કૉંગ્રેસના વલણ અંગે લખાયું હતું કે 'દેશમાં કોમી રમખાણ થયા હોવાથી દેશના ભાગલાને સ્વીકારવા સિવાય કોઇ વિકલ્પ મહાત્મા ગાંધી અને કૉંગ્રેસના મોટા ભાગના નેતાઓ પાસે નહોતો બચ્યો.'

નવા પુસ્તકમાં દેશના ભાગલાને લગતું આ લખાણ કાઢી નખાયું છે.

સુધારિત પાઠ્યપુસ્તકમાં અન્ય એક જગ્યાએ લખાયું છે કે 'વિનાયક દામોદર સાવરકરે ૧૯૨૫માં સંપૂર્ણ સ્વરાજ્યની માગણી કરી હતી.' સુભાષચંદ્ર બોઝે હિટલરની મદદ માગી હતી, એવું કહેતા અગાઉના પાઠ્યપુસ્તકમાંનું લખાણ બદલીને સુધારિત પુસ્તકમાં લખાયું છે કે 'સુભાષચંદ્ર બોઝે બ્રિટિશ-વિરોધી પરિબળોની મદદ માગી હતી.'

અગાઉના પાઠ્યપુસ્તકમાં ન્યાયતંત્રને લગતું લખાણ પણ વિવાદાસ્પદ હતું અને સર્વોચ્ચ અદાલતે આ કિસ્સામાં દરમિયાનગીરી કરીને આ પુસ્તકની છપાયેલી અને ડિજિટલ નકલો પાછી ખેંચવા આદેશ આપ્યો હતો. (એજન્સી) ■

# બારુઈપુર બળાત્કાર-હત્યાકેસનો આરોપી ઍન્કાઉન્ટરમાં ઠાર

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના બારુઈપુરમાં ૧૧ વર્ષની સગીરા પર બળાત્કાર કર્યા બાદ તેની હત્યા કરવા સંબંધિત કેસના મુખ્ય આરોપીઓમાંનો એક પ્રભાસ બુધવારે સવારે પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર મરાયો હોવાનું વરિષ્ઠ અધિકારીઓએ કહ્યું હતું. ક્રાઈમ સિન રિક્રિએટ કરવાની કવાયત દરમિયાન આરોપીએ પોલીસની બંદૂક છીનવી લઈ કસ્ટડીમાંથી ભાગી જવાનો પ્રયાસ કરતાં પોલીસ એન્કાઉન્ટરમાં તે ઠાર મરાયો હતો. ઘટનાને પગલે હિંસક પ્રદર્શન ભડકી ઉઠ્યા બાદ તેમ જ લોકોમાં રોષ વધી રહ્યો હોવાને કારણે રાજ્ય પોલીસ દબાણ હેઠળ હોવા વચ્ચે એન્કાઉન્ટરની આ ઘટના બની હતી. રાજ્યમાં ભાજપ સરકારે મે મહિનામાં કાર્યભાર સંભાળ્યા બાદ પોલીસ દ્વારા કરવામાં આવેલું આ પ્રથમ એન્કાઉન્ટર હતું. સગીરા ગુમ થયા બાદના સીસીટીવી કેમેરાના ફૂટેજમાં પ્રભાસ સગીરા સાથે હોવાનું જોવા મળ્યું હતું. આરોપી પ્રભાસ મંડલ કેસને મામલે ધરપકડ કરાયેલો પ્રથમ આરોપી હતો. પ્રભાસને બળાત્કાર-હત્યાકેસનો મુખ્ય આરોપી માનવામાં આવે છે. વરિષ્ઠ પ્રભાસ વિરોધાભાસી નિવેદનો કરી ગેરમાર્ગે દોરતો હોવાને કારણે ક્રાઈમ સીન રિક્રિએટ કરવા તેને મોડીરાત્રે ૧૨.૪૫ વાગે ૨૪ પરગણા જિલ્લાના સર્જ્યપુર લઈ જવામાં આવ્યો હતો. (એજન્સી) ■

# મમતાને ફટકોઃ ટીએમસીના ૪૪૦ કરોડ રૂપિયા ફ્રીઝ કરાયા

કોલકત્તા/ નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ (ઇડી) એ કોલકાતામાં ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ની ૪૪૦ કરોડ રૂપિયાની બૅન્ક ડિપોઝિટ ફ્રીઝ કરવાનો આદેશ જાહેર કર્યો છે. બુધવારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ આ આદેશ જાહેર કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી ટીએમસીના બેન્ક ખાતાઓ સાથે જોડાયેલા નાણાકીય વ્યવહારોમાં ચાલી રહેલી મની લોન્ડરિંગ તપાસના ભાગ રૂપે કરવામાં આવી છે. એજન્સીનો આરોપ છે કે એવિયેશન, મુસાફરી અને સંબંધિત સેવા સાથે જોડાયેલી કંપનીઓના નેટવર્ક મારફતે ૧૫૦ કરોડ રૂપિયાથી વધુની લેવડદેવડ કરવામાં આવી છે. એજન્સી એ પણ તપાસ કરી રહી છે કે શું પાર્ટીના ૨૦૨૪ લોકસભા અભિયાન દરમિયાન ચાર્ટર્ડ ફ્લાઇટ્સ માટે ઉપયોગમાં લેવામાં આવેલા ફંડને અનેક કંપનીઓ મારફતે રૂટ કરવામાં આવ્યા હતા જેથી તેના સ્રોતને છૂપાવી શકાય.

ઇડીએ જણાવ્યું કે તેણે કથિત ભંડોળના ગેરરીતિ કેસમાં તપાસ બાદ ટીએમસીના ત્રણ બેન્ક ખાતાઓ મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ ફ્રીઝ કર્યા છે. આ એકાઉન્ટમાં ૪૪૦ કરોડ રૂપિયાની થાપણો છે. રાજકીય પક્ષ તરફથી કોઈ તાત્કાલિક પ્રતિક્રિયા મળી નથી. કેન્દ્રીય એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (પીએમએલએ) ની કલમ ૧૭ (૧એ) હેઠળ આદેશો જાહેર કરવામાં આવ્યા હતા. આ કલમ ઇડી અધિકારીને સંપત્તિ ફ્રીઝ કરવાનો અધિકાર આપે છે. ઇડીએ જણાવ્યું હતું કે ટીએમસીના ત્રણ એચડીએફસી બેન્ક ખાતાઓમાં ૪૪૦.૪૨ કરોડ રૂપિયાની રકમ રાખવામાં આવી છે. આ ઘટનાક્રમમાં જે ખાનગી બેન્કમાં ટીએમસીના અકાઉન્ટ છે તેણે કોલકાતા હાઇ કોર્ટના નિર્દેશ પર એક રિપૉર્ટ દાખલ કર્યો હતો, જેમાં આ ખાતાઓમાં રાખેલા ભંડોળનો ખુલાસો કરાયો હતો. કોર્ટે રિપૉર્ટ ખોલ્યો ન હતો અને સુનાવણી ગુરુવાર સુધી મુલતવી રાખવામાં આવી હતી. મંગળવારે ઇડીએ કોલકાતામાં પાંચ જગ્યાઓ પર દરોડા પાડ્યા હતા, જેમાં કેરવેલ એવિએશન ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ નામની ખાનગી જેટ અને ચાર્ટર ભાડે આપતી કંપનીનો સમાવેશ થાય છે. ■

# દિલ્હીમાં વરસાદનું તોફાનઃ મકાન તૂટી પડ્યું, અનેક ગુમ

નવી દિલ્હી : દિલ્હીના રોહિણીના સેક્ટર ૧૬માં બુધવારે બાંધકામ ચાલુ હતું એવું ત્રણ માળનું મકાન ધરાશાયી થતાં એક જણનું મોત થયું હતું અને બીજા સાત જણ હજી દટાયા હોવાની આશંકા છે. એનડીઆરએફએ કાટમાળમાંથી બે જણને બહાર કાઢ્યા હતા. એમસીડી સ્કૂલની નજીકનું મકાન ભારે વરસાદને લીધે બપોરના ૪-૨૦ કલાકે જમીનદોસ્ત થયું હતું. ■

# પાકિસ્તાનમાં તૂટી પડેલા કાર્ગો વિમાનનો કાટમાળ મળ્યો

કરાચીઃ પાકિસ્તાનની સર્ચ અને રેસ્ક્યૂ ટીમે પાંચ ક્રૂ મેમ્બર સહિત ગુમ થયેલા ખાનગી માલવાહક વિમાનનો કાટમાળ બુધવારે શોધી કાઢ્યો હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. પાકિસ્તાનના નૌકાદળ અને પાકિસ્તાન મેરિટાઈમ સિક્યોરિટી એજન્સી (પીએમએસએ)એ કે-ટૂ ઍરવેઝના કાર્ગો બી-૭૩૭નો કાટમાળ શોધી અને ઓળખી કાઢ્યો હતો.

ઓરમારાથી દક્ષિણે ૫૩ દરિયાઈ માઈલ દૂરથી આ કાટમાળ શોધી કાઢવામાં આવ્યો હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે ગુમ થયેલા પાંચ ક્રૂ મેમ્બરોને શોધી કાઢવાના પ્રયાસ ચાલી રહ્યા છે. (એજન્સી) ■

# હોર્મુઝમાં ફરી ટેન્શનઃ ઈરાને ભારતીય જહાજને પાછું વાળ્યું


નવી દિલ્હીઃ હોર્મુઝ સામુદ્રધુનીમાં ફરી તણાવપૂર્ણ સ્થિતિ આકાર લઈ રહી હોવા વચ્ચે ત્યાંની વર્તમાન સ્થિતિમાં ઝડપથી બદલાવ આવી રહ્યો છે અને રાજકીય તણાવ ફરી વધી રહ્યો છે. આ તણાવપૂર્ણ પરિસ્થિતિ વચ્ચે ઇરાને એક ભારતીય જહાજને પાછું મોકલ્યું છે.

ઇરાને ભારતીય જહાજને હોર્મુઝ સામુદ્રધુનિ પાર કરવા નહોતી દીધી અને તેને પાછું મોકલ્યું હતું. આ ભારતીય જહાજ ઓમાની કોરિડોરનો ઉપયોગ કરી હોર્મુઝ ઓળંગી રહ્યું હતું જેનો ઇરાને વિરોધ કર્યો હતો.

અગાઉ ૨૪ જૂને ઓમન અને સંયુક્ત રાષ્ટ્રસંઘના ઈન્ટરનેશનલ મેરિટાઈમ ઑર્ગેનાઈઝેશને હોર્મુઝમાં ફસાયેલાં જહાજોને બહાર કાઢવા ઓમાનના કિનારા વિસ્તારમાં એક અસ્થાયી કોરિડોરની જાહેરાત કરી હતી અને તેની સુરક્ષા અમેરિકા કરશે એમ જણાવ્યું હતું. ઓમાન કોરિડોરનો ઉપયોગ કરતા જહાજોને ઇસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડ રેડિયો કમ્યુનિકેશન મારફતે સતત ચેતવણી આપતા હતા અને તેમને ઓમાન કોરિડોરને બદલે ઇરાન દ્વારા નક્કી કરવામાં આવેલા કોરિડોરનો ઉપયોગ કરવાનું જણાવતા હતા. ■

Govt. of Uttarakhand

देवभूमि रजत उत्सव



# VIKSHIT BHARAT SHASHAKT UTTARAKHAND



Under the bold and visionary leadership of Hon'ble Prime Minister Shri Narendra Modi, we are committed to the idea of inclusive development while harnessing our nation's natural beauty, rich cultural heritage, and immense potential. Our foremost aim to make Uttarakhand a model of progress, where every individual can contribute meaningfully to national prosperity and welfare.

**Pushkar Singh Dhami**
Chief Minister, Uttarakhand

We must make Swadeshi our pride. Adopting it shouldn't be limited to purchasing goods; it is every citizen's duty to proudly promote it. This will strengthen local industries, increase employment, and contribute to the country's economic progress. Every citizen should purchase Swadeshi goods during festivals. This small step can play a significant role in the country's greater progress, and it is every citizen's responsibility to adopt it.

**Narendra Modi**
Prime Minister

HOUSE OF HIMALAYAS

# Organic products of Uttarakhand are now the first choice of the world

## House of Himalayas Provides global market to local produts

**Inspired by the vision of Prime Minister Narendra Modi, the Uttarakhand government under the leadership of Chief Minister Pushkar Singh Dhami is promoting the advanced products of the hilly areas. Along with this, many initiatives have also been started for their marketing. The launch of 'House of Himalayas' is an important step in this direction. Under this, high quality products of Uttarakhand have been prepared according to the markets of the country and the world. These have emerged as a major brand of products from the hilly region of Uttarakhand.**

During the Uttarakhand Global Investors Summit 2023, Prime Minister Narendra Modi launched the 'umbrella brand' named 'House of Himalayas' along with other multimillion projects. Now, products manufactured by local groups will be marketed under the unified name 'House of Himalayas', focusing on quality and packaging. This innovative initiative aims to promote Uttarakhand's local products globally. Known previously as Himadri, Hilans, and Gramya-Shri, these products will now collectively shine under the brand 'House of Himalayas', showcasing the wonders of the region to the world. This step is a significant move to make Uttarakhand's products vocal for local and take them from local markets to the global stage. Inspired by the vision of Prime Minister Narendra Modi, the Uttarakhand government under the leadership of Chief Minister Pushkar Singh Dhami is promoting the advanced products of the hilly areas. Along with this, many initiatives have also been started for their marketing. The launch of 'House of Himalayas' is an important step in this direction. Under this, high quality products of Uttarakhand have been prepared according to the markets of the country and the world. These have emerged as a major brand of products from the hilly region of Uttarakhand.

**Superior Quality:** The product line-up at the House of Himalayas are truly exceptional, known for their unmatched quality and superior effectiveness. This exceptional distinction sets them apart from mass-produced alternatives available in the market.

## Why is the House of Himalayas so special?

**The Assurance of Authenticity:** Products created under this initiative truly honour an array of traditional methods and authentic experiences. They reach consumers only after going through high-quality standards. Further, certificates are also issued to confirm their premium quality.

**A Commitment Towards The Community:** Choosing the House of Himalayas means supporting local communities through truly meaningful social initiatives. With every product you purchase, you contribute socially and economically.

**The Idea of Open Sourcing:** This initiative emphasizes complete transparency in the sourcing of materials and production processes, maintaining consumer trust.

**Emphasizing on Ethical Priority:** The brand embraces ethical sourcing and improved production practices that are widely appreciated for their integrity.

**Enhanced Brand Experience:** By including comprehensive product information, attention to every detail, and delivering superior products, the brand ensures a memorable experience for every customer.



ODTP
ONE DISTRICT TWO PRODUCTS
UTTARAKHAND

## With the One District-Two Product Scheme, Uttarakhand's products are attracting the world

| District | Product-1 | Product-2 |
|---|---|---|
| Almora | Ball Mithai | Tweed |
| Bageshwar | Copper Products | Kiwi Products |
| Chamoli | Handloom Products | Rose Water |
| Haridwar | Jaggery | Honey |
| Champawat | Iron Based Products | Honey |
| Dehradun | Bakery Products | Mushroom |
| Rudraprayag | Temple Imitation | Cholai Products |
| Nainital | Aipan Craft | Fruit Processing |
| Pauri | Wooden Craft | Herbal Products |
| Udhamsingh Nagar | Mentha Oil | Moonj Grass Products |
| Uttarkashi | Red Rice | Apple Products |
| Pithoragarh | Woolen Carpets | Munsyari Rajma |
| Tehri | Paneer | Tehri Nath |

## Uttarakhand's Crafts & Organic Products from Local to Global

### Tourists should spend 5% of their travel spending on local products: Prime Minister

To achieve the goal of self-reliant country Prime Minister Narendra Modi has spoken of Vocal for local. With the aim of promoting local products, One District-One Product Scheme has been started by the Government of India.

Uttarakhand Government has taken this scheme forward as "One District Two Products" under the leadship of Chief Minister Pushkar Singh Dhami.

Programme done in Mana Village near Badrinath Dhaam Prime Minister Shri Narendra Modi has appealed to the people of the country to spend 5% of their travelled spending on Local Products.

Due to this tremendous step, a big change will be seen in local economy.



Any region is identified by its local language & products. Efforts should be made to promote them.

## Traditional Products of Devbhoomi awarded with special GI Tag

### BHOTIYA DAAN OF UTTARAKHAND



It is a traditional handwoven carpet made by the Bhotiya community in Uttarakhand. These carpets are known for their warmth, durability, and intricate designs.

### UTTARAKHAND THULMA



Thulma blanket are handwoven by the Bhotiya community in Uttarakhand using sheep or yak wool. These blankets are known for their warmth & durability.

### Geographical Indication (GI) Crafts Products

**A Geographical Indication (GI) is a sign used on products that have a specific geographical origin and possess qualities or a reputation that are due to that origin. In other words, it is a certification that identifies a product as originating from a particular region, where a given quality, reputation or other characteristic of the product is essentially attributable to its geographic origin.**


**The following craft products of Uttarakhand have been awarded GI tag by the Office of the Controller General of Patents, Designs and Trademarks, Department for Promotion of Industry and Internal Trade (DPIIT), Government of India:**

### UTTARAKHAND BITHCU BUTI




Nettle fibre is used to create a range of products, including fabrics, bags, and ropes. The nettle plant is abundant in the region, and its fibre is valued for its strength and eco-friendliness.

### UTTARAKHAND LIKHAI (WOOD CARVING)



Uttarakhand is famous for its exquisite wood carvings seen in architectural elements, furniture, and decorative items. Skilled artisans intricately carve wood to create beautiful designs and motifs.

### NAINITAL MOOMBATTI (CANDLE)




Uttarakhand is known for its artistic candles crafted in various shapes, sizes, and colors. These candles often reflect the region's cultural motifs and symbols.

### UTTARAKHAND RINGAAL CRAFT



Ringaal products are crafted from a type of local grass called 'Ringaal.' Artisans use it to create items like mats, baskets, and ropes due to its strength and flexibility.

### RANGWALI PICHORA OF KUMAON



Rangwali Pichora is a traditional craft involving the creation of colorful hand printed/handwoven cotton/silk/woolen shawls. The designs and patterns showcase the rich cultural heritage of the Kumaon region.

### UTTARAKHAND AIPAN



Aipan is a traditional folkart form involving the creation of intricate geometric patterns using rice paste or chalk. It's usually seen on floors, walls, or courtyards during religious and cultural ceremonies.

### CHAMOLI WOODEN RAMAAN MASK



Ramaan masks are carved from wood and used in traditional folk dances and cultural performances. These masks often represent deities, animals, or mythological figures.

### UTTARAKHAND TAMTA PRODUCTS



Artisans in Uttarakhand craft various items like utensils, decorative pieces, and religious artifacts using copper. These items are known for their intricate designs and durability.

Issued in Public Interest by Department of Information & Public Relations, Uttarakhand | www.uttarainformation.gov.in | DIPR_UK | UttarakhandDIPR | UttarakhandDIPR

પહેલા પાનાનું ચાલુ

## સુરતમાં વરસાદી તબાહી

માહિતી અનુસાર પૂરનાં પાણીમાં ડૂબી જવાથી ૧૧ જણનાં મોત થયા છે જ્યારે એકનું પડી જવાથી અને એક યુવકનું વીજ કરંટથી મોત થયું હોવાના અહેવાલો છે.

મૃતકોની મળતી વિગતો અનુસાર ડિંડોલીમાં ૫૮ વર્ષીય સફાઈ કામદાર પ્રસાદ વીરચંદ કાપડે કામકાજ પરથી ઘરે આવતા સમયે તેઓ ડૂબી ગયા હતા. પૂણાગામના બે યુવક મહેશભાઈ ઝાલોદરા અને પરેશસિંહ ખેંગાર પણ પાણીના પ્રવાહમાં ડૂબી જતા મોતને ભેટ્યા હોવાના અહેવાલો છે. આ ઉપરાંત સચિન વિસ્તારમાં ડૂબી જવાથી એક વ્યક્તિનું મોત થયું હતું.

આ ઉપરાંત ઉન પાટીયા પાસે પણ બે જણ ડૂબી ગયા હતા તો ૨૦ વર્ષીય યુવકને ફ્રીજનો કરંટ લાગતા તેનું મોત થયું હતું. વડોદ ગામમાં એક દિવ્યાંગનું પડી જવાથી તેમનું મોત થયું હોવાના અહેવાલો મળ્યા હતા.

છેલ્લા ૨૪ કલાકમાં (બુધવારે સવારે છ વાગ્યા સુધી) સુરત શહેરમાં ૧૪.૯ ઇંચ, પલસાણામાં ૧૮.૧૯ ઇંચ, કામરેજ ૧૭.૪૦ ઇંચ, નવસારીમાં ૧૫ ઇંચ વરસાદ વરસ્યો હતો. સુરતમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાને લીધે બુધવારે પણ જનજીવન ખોરંભે ચડેલું હતું. લોકો ઘૂંટણિયાસમા પાણીમાં ચાલવા મજબૂર થયા હતા. શહેરમાં રાહત અને બચાવ કામગીરી હેઠળ અત્યાર સુધીમાં ૩,૪૧૬ લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે, જ્યારે ૩૮૬૨ લોકોનું સુરક્ષિત સ્થળાંતર કરી નજીકના કોમ્યુનિટી હોલ તેમજ શાળાઓમાં સુરક્ષિત આશ્રય અપાયો છે. જે તમામ માટે ફૂડ પેકેટ્સની વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે ઘરોમાં માલસામાન, વાહનોને પારાવાર નુકસાન થયું હોવાના અહેવાલો છે. આ સાથે અબોલ પ્રાણીઓ પણ ભારે અઘરી સ્થિતિમાં મુકાયાં હતાં.

શહેરમાં પૂર જેવી સ્થિતિને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારે શહેરમાં બચાવ અને રાહત કામગીરીને અસરકારક બનાવવા માટે સુરતના પૂર્વ મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલને મોટી જવાબદારી સોંપી હતી.

દરમિયાન મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ટ્વિટ કરી હતી કે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહે મારી સાથે ટેલીફોનિક વાતચીત કરીને ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદની સ્થિતિ અંગેની વિગતો જાણી હતી. વહીવટીતંત્ર આગોતરા આયોજન અને સજ્જતાથી પરિસ્થિતિને પહોંચી વળે તે અંગે તેઓએ માર્ગદર્શન આપ્યું હતું અને કેન્દ્ર સરકાર તરફથી તમામ જરૂરી સહયોગની ખાતરી આપી હતી.

આ સાથે ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટની બેઠકમાં પણ વરસાદી સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, પ્રવર્તમાન વરસાદી પરિસ્થિતિનો પ્રત્યક્ષ તાગ મેળવવા, અસરગ્રસ્તોની સ્થિતિ જાણવા અને રાહત-બચાવ કામગીરીનું જાત નિરીક્ષણ કરવા માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ આજે સુરત અને વલસાડ જિલ્લાની રૂબરૂ મુલાકાત લેશે. ■

## નિજ્જરની હત્યામાં

આ કેસ અમેરિકા, કેનેડા અને યુરોપમાં સંગઠિત ગુના નેટવર્ક્સ પર કરવામાં આવી રહેલી વ્યાપક કાર્યવાહીનો એક ભાગ છે, પરંતુ અમેરિકન આરોપ પત્રમાં આ હત્યામાં ભારત સરકારની કોઈ પણ ભૂમિકાનો આરોપ લગાવવામાં આવ્યો નથી. જસ્ટિન ટ્રુડોએ પદ છોડ્યા અને માર્ક કાર્નીએ કેનેડાના વડા પ્રધાનનું પદ સંભાળ્યા પછી ભારત અને કેનેડા વચ્ચેના વર્ષોના તણાવપૂર્ણ સંબંધો પછી નવી રાજદ્વારી સંબંધો ફરીથી મજબૂત બની રહ્યા છે. ભારતીય સરકારી અધિકારીઓ વિરુદ્ધ પુરાવાને નકારી કાઢતા રોયલ કૅનેડિયન માઉન્ટેડ પોલીસ (આરસીએમપી) ના ડેપ્યુટી કમિશનર લિસા મોરલેન્ડે ભારપૂર્વક કહ્યું હતું કે હાલમાં તપાસ ચાલી રહી છે. ■

## યુદ્ધ ફરી શરૂ

ધમકી આપી હતી. અમેરિકા અને ઇરાન વચ્ચેના શસ્ત્રવિરામ અંગે નિર્માણ પામેલી અચોક્કસતા વચ્ચે ટ્રમ્પે આ ધમકી આપી હતી.

અખાતના દેશોમાં અમેરિકાના સૈન્ય મથકો પર ઇરાન દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ અમેરિકા નવેસરથી ઇરાન પર હુમલા કરવાની તૈયારી કરી રહ્યું હોવાની ટ્રમ્પે જાહેરાત કરી હતી. હુમલો કરવાની જરૂર પડશે તો અમેરિકા ઇરાનના વીજળીના મથકો અને સમુદ્રના ખારા પાણીને મીઠું બનાવતા પ્લાન્ટ પર હુમલો કરશે, એમ ટ્રમ્પે કહ્યું હતું. મંગળવારે કરવામાં આવેલા હુમલામાં ઇરાનના ખર્ગ ટાપુનો પણ સમાવેશ થાય છે. જોકે તેમાં ઓઇલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ ન થતો હોવાનું ટ્રમ્પે કહ્યું હતું.

અમે ખર્ગ ટાપુ પર કબજો કરી લઈશું અને ઇરાન કંઈ નહીં કરી શકે, એમ ટ્રમ્પે કહ્યું હતું. ટ્રમ્પે ઇરાન સાથેના વચગાળાના શાંતિ કરારનો અંત આવ્યો હોવાનું નિવેદન કરતા બ્રેન્ટ ક્રૂડના ભાવમાં પાંચ ટકાનો વધારો થયો હતો. (એજન્સી) ■

## સેન્સેક્સમાં

સેન્સેક્સમાં ૧૭૦૦ પોઇન્ટનો અને ક્રૂડ ઓઇલમાં લગભગ સાત ટકાનો જોરદાર કડાકો બોલાયો છે. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૬.૧૮ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૭૮.૭૪ ડૉલરની સપાટીએ પહોંચ્યું હતું.

હોર્મુઝની ખાડીમાં ઇરાને મરચંટ જહાજ પર કરેલા હુમલા અને ત્યારબાદ અમેરિકાએ ઇરાન પર ૮૦ ઠેકાણે કરેલા બોમ્બમારા સામે ઇરાને કરેલા વળતા પ્રહારથી ફેલાયેલા ગભરાટ વચ્ચે સેન્સેક્સ ૧,૬૭૭.૧૨ પોઇન્ટના તોતિંગ કડાકા સાથે ૭૬,૫૦૩.૬૦ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો, જ્યારે નિફ્ટી ૫૧૬.૬૫ પોઇન્ટના કડાકા સાથે ૨૩,૮૮૨.૦૫ પર બંધ થયો હતો. ■

## સરદાર સરોવર

કરી હતી.

અમિત શાહે દાવો કર્યો હતો કે આ કરારથી અંતિમ સમાધાન પેટે ચુકવણીની બાકી નીકળતી રકમ માટે સંમતિ સધાઇ ગઇ છે. આ મુદ્દો ચારે રાજ્ય વચ્ચે ઘણાં સમયથી વણઉકેલાયેલો હતો, પણ હવે તે સુલેહસંપથી ઉકેલાયો છે.

તેમણે જણાવ્યું હતું કે આ બંધ (ડેમ) પૂરો થવાથી તેનું પાણી અને તેનાથી ઉત્પન્ન થનારી વીજળી ચારે રાજ્ય સુધી પહોંચાડાય છે. નર્મદાનું પાણી જ્યાં પહોંચ્યું છે, ત્યાં જમીનના ભાવ વધી ગયા છે અને ખેડૂતોની કિસ્મત બદલાઇ ગઇ છે.

કેન્દ્રના ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે આ પ્રકરણમાં લાભાર્થી ગુજરાત, મધ્ય પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન કે મહારાષ્ટ્ર હોય, છેવટે તો તેનો ફાયદો દેશના લોકો, ખાસ કરીને ખેડૂતોને જ થયો છે. (એજન્સી) ■

છેલ્લા પાનાનું ચાલુ

## બે જળાશય

પાંચ દિવસ જબરદસ્તી બૅટિંગ કરીને મુંબઈને ધમરોળી નાખ્યું છે. કેચમેન્ટ એરિયામાં પણ વરસાદનો જોર વધતાં મંગળવારની રાતે નવ વાગે વિહાર તળાવ છલકાઈ ગયું હતું. આ જળાશય ગયા વર્ષે છેક ૧૮ ઑગસ્ટે ભરાયું હતું.

૨૭,૬૯૮ મિલિયન લિટરની ક્ષમતાવાળું આ જળાશય ૨૦૨૪માં પચીસ જુલાઈએ છલકાયું હતું. જોકે મુંબઈને પાણી પૂરું પાડતાં સાત જળાશયમાં વિહાર બીજા નંબરનું સૌથી નાનું તળાવ છે. આ તળાવમાંથી રોજ સરેરાશ ૯૦ મિલિયન લિટર પાણી નાગરિકોને પૂરું પાડવામાં આવે છે. વિહાર છલકાવાની સાથે રાતે ૧૧.૪૩ વાગ્યે તુલસી તળાવ પૂર્ણ ક્ષમતાથી ભરાઈ ગયું હતું. ગયા વર્ષે આ તળાવ ૧૬ ઑગસ્ટે, જ્યારે ૨૦૨૪માં ચોથી ઑગસ્ટે છલકાયું હતું. આ તળાવમાંથી દક્ષિણ મુંબઈમાં રોજ સરેરાશ ૧૮ મિલિયન પાણી પૂરું પાડવામાં આવે છે. જોકે આ તળાવ સૌથી નાનું છે અને તેની ક્ષમતા માત્ર ૮.૦૪૬ મિલિયન લિટરની છે. મુંબઈ મહાપાલિકા અનુસાર મોડક સાગર ૭૨ ટકા, તાનસા ૬૯ ટકા, ભાતસા ૩૬ ટકા, મિડલ વૈતરણા ૩૫ ટકા અને અપર વૈતરણા ૨૧ ટકા ભરાયું છે.

### અંધેરીમાં ઝાડની ડાળી પડતાં એક જખમી

મુંબઈઃ અંધેરી પૂર્વમાં ઝાડની ડાળી માથા પર પડતાં ૫૦ વર્ષનો રાહદારી ગંભીર રીતે ઘવાયો હતો. જખમીની ઓળખ આદેશ ગાયકર તરીકે થઈ હતી. સારવાર માટે તેને કૂપર હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. આદેશ બુધવારની સવારે ૧૦ વાગ્યે અંધેરી સબ નજીક નાગરદાસ રોડ પરથી ડી. જે. હાઉસ પાસેથી પસાર થતો હતો ત્યારે તેના પર ઝાડની મોટી ડાળી તૂટી પડી હતી. તેના માથામાંથી લોહી નીકળતું હતું.

### કરન્ટ લાગતાં પરિવારના ચારનાં મોત

પુણેઃ સાતારા જિલ્લાના ફલટણ તાલુકામાં બનેલી કમનસીબ ઘટનામાં વીજળીનો આંચકો લાગવાથી દંપતી અને તેમનાં બે સંતાને જીવ ગુમાવ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ ઘટના બુધવારની વહેલી સવારે છ વાગ્યાની આસપાસ ફલટણ તાલુકાના ખામગાંવ ખાતે બની હતી. મૃતકોની ઓળખ સતીશ ઉર્ફે પિસુર્ધા કિસન શિંદે (૪૫), તેની પત્ની ગંગુ શિંદે (૪૦), પુત્ર સચિન શિંદે (૨૬) અને પુત્રી આરતી શિંદે (૨૪) તરીકે થઈ હતી. ફલટણ પોલીસ સ્ટેશનના અધિકારીના કહેવા મુજબ કરન્ટ લાગવાથી ચારેયનાં મોત નીપજ્યાં હોવાનું જણાય છે.

### સ્કૂલ બસ ઊંધી વળતાં બાવીસ વિદ્યાર્થી જખમી

લાતુરઃ લાતુર જિલ્લામાં સ્કૂલની બસ રસ્તાકિનારેની નાની ગટરમાં ઊંધી વળી જતાં બાવીસ વિદ્યાર્થીને ઇજા થઈ હતી, જેમાંથી એકની હાલત ગંભીર હોવાનું પોલીસે જણાવ્યું હતું. ચાકુર પોલીસ ઈન્સ્પેક્ટર બાલાજી ભાંડેએ જણાવ્યું હતું કે ઘટના બુધવારની સવારે ૯.૩૦ વાગ્યે ચાકુર તહેસીલના સાંડોલ-મહાંડોલ રોડ પર બની હતી. રાયન્નાવાડી ખાતેની પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોળકર વિદ્યાલયના ૩૫ વિદ્યાર્થીને લઈ બસ સ્કૂલ તરફ જઈ રહી હતી. ■

## વિપક્ષની

હતી. જયંત પાટીલ (એનસીપી - એસપી) અને નાના પટોલે (કોંગ્રેસ) જેવા સભ્યોએ જણાવ્યું હતું કે ૧૩૪ તાલુકાઓમાં વરસાદ ઓછો પડવાથી ઘણા વિસ્તારોમાં ખેડૂતોને ફરીથી વાવણી કરવાની ફરજ પડી છે, બીજા અનેક વિસ્તારોમાં આવું કરવા માટે નાણાકીય સંસાધનોનો અભાવ છે. સ્પીકરે સભ્યોને ચર્ચાની ગંભીરતા જાળવી રાખવા અને દુષ્કાળ, અપૂરતા વરસાદ અને ભારે વરસાદની ચર્ચા કરતી વખતે અસંબંધિત મુદ્દાઓ લાવવાનું ટાળવાની અપીલ કરી હતી. ■

## દરવાજાને સ્ટ્રેચર

પીડા ઊપડી હતી. ચાર-પાંચથી દિવસથી વરસતા ભારે વરસાદને કારણે યાદવના ઘરની આસપાસનો પરિસર પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. પરિણામે એમ્બ્યુલન્સને ઘર સુધી લાવવી અશક્ય હતું. પ્રિયંકાની હાલત જોઈ યાદવ પરિવાર ચિંતા કરવા લાગ્યો હતો. સ્થાનિક આશા કાર્યકર્તા દિવ્યા ઘરાત અને સામાજિક કાર્યકર ચેતન ગાવડ યાદવના ઘરે પહોંચ્યા હતા. પરિસ્થિતિનો તાગ મેળવી તેમણે સ્થાનિકોની એક ટીમ બનાવી હતી. ■

## ૧૬ લોકો ફસાયા

હતી. પ્રાથમિક દ્રષ્ટિએ એવું લાગે છે કે ભારે વરસાદને કારણે કચરાનો આ ઢગલો ઢીલો થઈ ગયો હતો અને બિલ્ડિંગ પર ધસી પડ્યો હતો. તેમણે ઉમેર્યું કે, ખાનગી કંપનીના આશરે ૧૬ જેટલા કર્મચારીઓ બિલ્ડિંગની અંદર હોવાની આશંકા છે. ■

## ખડકવાસલા

ભરાઈ ગયા હતા અને સાવચેતીના પગલારૂપે ઓછામાં ઓછા પાંચ પરિવારોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ■

## મોડી રાતના

શ્વાસ લીધો હતો.

### વસઈ-વિરાર સેક્શનનો સર્વે કરવાનો નિર્ણય

મંગળવારે વસઈ-વિરાર સેક્શનની સમસ્યાને જોવા માટે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરે સેક્શનની સમીક્ષા કરી હતી અને વસઈ-વિરાર સેક્શનમાં ટ્રેકને ઉપર ઉઠાવવા માટે સર્વે કરવાનો નિર્ણય લીધો. ઉપરાંત, ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે બંને લાઈનોને ઊંચી કરવા અને આગામી મુંબઈ રેલવે વિકાસ કોર્પોરેશનના પાંચમી અને છઠ્ઠી લાઈન પ્રોજેક્ટ માટે યોગ્ય સ્તર સુનિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

### મુંબઈ-પુણે રેલ રૂટ બુધવારે રાતના શરૂ થઈ શકે

પુણેમાં થયેલા ભૂસ્ખલન પછી હજુ પણ મધ્ય રેલવેમાં મુંબઈ-પુણે રેલ રૂટ સંપૂર્ણપણે શરૂ કરી શકાયો નથી, જે બુધવારે રાતના શરૂ થઈ શકે છે. ત્રણમાંથી બે ટ્રેકમાં મરમ્મત કરવામાં આવી છે, જ્યારે એકનું કામકાજ ચાલી રહ્યું છે, જે આજે રાત સુધીમાં પૂરું થવાની અપેક્ષા રાખવામાં આવે છે, એમ મધ્ય રેલવેના અધિકારીએ જણાવ્યું હતું. ■

## ડોમ્બિવલીની

મચ્યો હતો. નવજાત શિશુને અન્ય હૉસ્પિટલમાં ખસેડવાની સલાહ તેના પરિવારને આપવામાં આવ્યા બાદ મ્હાત્રે અને તેના સાથીઓએ બે ડૉક્ટર અને કર્મચારીની મારપીટ કરી હતી.

નગરસેવકના આવા કૃત્યથી નાગરિકોમાં રોષ ફેલાયો હતો. નાગરિકોનો ગુસ્સો જોતાં અને ઈન્ડિયન મેડિકલ ઍસોસિયેશન (આઈએમએ) દ્વારા દબાણ લાવવામાં આવ્યા પછી મંગળવારની રાતે મ્હાત્રે સહિત છ જણ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ મામલે તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો આખા પરિસરનાં ક્લિનિક્સ અને હૉસ્પિટલો બંધ કરી દેવાની ચીમકી આઈએમએ દ્વારા આપવામાં આવી હતી. (પીટીઆઈ) ■

## સંસદસભ્ય

શિવસેના સંસદસભ્ય ડોક્ટર શ્રીકાંત શિંદેએ મારપીટની નિંદા કરી અને કહ્યું કે દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

સોમવારે સાંજે કલ્યાણમાં આવેલી પાલિકા સંચાલિત હૉસ્પિટલમાં બનેલી આ ઘટના એક વીડિયોમાં રેકોર્ડ થઈ હતી, જે બાદમાં સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ હતી. આ વીડિયોમાં કથિત રીતે શિવસેનાના નગરસેવક રમેશ સુક્રયા મ્હાત્રે ડોક્ટરોની મારપીટ કરતા જોવા મળ્યા હતા. (પીટીઆઈ) ■

## બેસ્ટની બસ

ઘવાયેલા રાહદારીની ઓળખ અતુલ અનંત પાડવે (૪૩) તરીકે થઈ હતી. અતુલ કોંકણ નગરનો જ રહેવાસી છે અને સારવાર માટે તેને મુલુંડની અગ્રવાલ હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. બેસ્ટના પ્રવક્તાએ આપેલી માહિતી અનુસાર એ-૪૨૫ રૂટની એસી બસનો ડ્રાઈવર ઘટનાસ્થળે જમણે વળાંક લેવાનો પ્રયાસ કરતો હતો. સાંકડો માર્ગ અને બ્રિજના પિલરને કારણે ટર્ન લેવામાં મુશ્કેલી પડી હતી. પરિણામે તેણે બસ રિવર્સ લીધી હતી. એ જ સમયે બસના પાછળના ભાગમાંથી પસાર થનારા અતુલ સાથે બસ અથડાઈ હતી. બસ અને રસ્તાને કિનારે મૂકેલા છોડના મોટા કૂંડા વચ્ચે અતુલ ફસાઈ ગયો હતો. ઘટનાને પગલે રાહદારીઓનું ટોળું ભેગું થઈ ગયું હતું ટોળાએ ધક્કો મારી બસને આગળની તરફ ધકેલી હતી અને અતુલને બહાર કાઢ્યો હતો. ■

## ગોદાવરીની

મધ્યમેશ્વર સહિતના જળાશયોમાંથી પાણી છોડવામાં આવતાં પ્રશાસને ગોદાવરી, કડવા અને ગિરણા નદીના કિનારે રહેતા લોકોને માલસામાન અને પશુધન સાથે સુરક્ષિત સ્થળે ખસી જવા અપીલ કરી હતી. નાશિકમાં ૨૪ કલાકમાં ૧૨૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જેનાથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા અને ટ્રાફિક તેમજ વીજ પુરવઠાને અસર થઈ હતી. હવામાન વિભાગે હજુ પણ વધુ વરસાદની આગાહી કરી છે. ■

## પ્રતિબંધ

જાળવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ પૃષ્ઠભૂમિમાં, પોલીસે ગણેશપુરીમાં વામ્બેઘરી નદી, ઉતાનગાંવ વોટરફૉલ, ભાતસા, તાનસા, શાહપુરમાં વૈતરણા ડેમ, મહુલી ગડ, પૈથા, સપગાંવ નદી કાંઠા અને કલમ્બે નદી, કસારામાં કસારા ઘાટ વોટરફૉલ, અશોક વોટરફૉલ, અજાવટ વિસ્તાર, અજાવાત વિસ્તાર અને ડેમમાં કોર્ડન કર્યું છે. હનુમાન વોટરફૉલ (ચોંધા), મુરબાડમાં સિદ્ધગઢ, ડોંગરગાંવ, સોનાલે, હરિશ્ચંદ્રગઢ, બરવી ડેમ, પડાલે ડેમ, ગોરખગઢ, સુબેદાર વોટરફૉલ, ખોપોલીવલી વોટરફૉલ, સંગમેશ્વર સંગમ, ખડવલી અને ટિટવાલા નદી વિસ્તાર કલ્યાણમાં, કાલા, ગણેશ, બરવી, ઘોડાગાંવ, કોર્પોરેશન વોટરફૉલ. નદી, અંબેશિવ નદી, ચંદેરી ગઢ, ભોજ, દહીવલી, ચેમ્પ, અસનોલી નદી, પડઘ્યામાં ભાતસા નદી, ખડવલી (સોરગાંવ સીમા), દહાગાંવ (કાલગાંવ)માં પ્રવાસન સ્થળો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ટોકાવડામાં વાશિંદ અને માલશેજ ઘાટ અને નાનેઘાટ. ચોમાસા દરમિયાન જાનહાનિ ટાળવા અને મહિલાઓની સલામતી માટે, આ સમયગાળા દરમિયાન ઉપરોક્ત સ્થળોએ જવાથી બચવું જોઈએ. પોલીસે ચેતવણી આપી છે કે આદેશનું ઉલ્લંઘન કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પરિણામે, એ સ્પષ્ટ છે કે આ વર્ષે ૩ સપ્ટેમ્બર સુધી ધોધવાળા બંધ અને નદી કિનારા પર પ્રવાસીઓની ભીડ નહીં હોય. ■

## વિપક્ષી ધારાસભ્યના

પાટીલે કહ્યું કે, આ દાવો આંશિક રીતે સાચો છે. ૨૨ જૂનના અહેવાલ મુજબ, રાજ્યના ૩૬ માંથી ૨૫ જિલ્લા પાણીની અછતનો સામનો કરી રહ્યા હતા, જ્યાં ૧,૪૧૩ ટેન્કરો દ્વારા ૧,૨૭૯ ગામો અને ૩,૩૮૯ વસાહતોને પાણી અપાતું હતું. જોકે, મોડા ચોમાસા બાદ જુલાઈની શરૂઆતથી ભારે વરસાદ પડી રહ્યો છે. બીજી તરફ, દેશમુખે સવાલ ઉઠાવ્યો હતો કે સરકારી અહેવાલમાં માત્ર ૨,૨૮૫ ગામો અછતગ્રસ્ત દર્શાવાયા છે, જ્યારે વાસ્તવિક સંખ્યા ૮,૦૦૦ થી ૯,૦૦૦ વચ્ચે છે. પ્રધાને જણાવ્યું હતું કે સરકારે પાણીની અછતથી પ્રભાવિત ૧૨,૪૦૬ ગામડાઓ અને વસાહતોમાં અનેક પગલાં લીધાં છે, જેમાં પીવાનું પાણી પૂરું પાડવા માટે ખાનગી કૂવાઓ હસ્તગત કરવા, પાણી પુરવઠા યોજનાઓ તેમજ નળનું સમારકામ કરવું અને અન્ય કટોકટીની વ્યવસ્થાઓ લાગુ કરવાનો સમાવેશ થાય છે. ■

## રમકડાંની

સિલિન્ડર પૂરના પાણી વહી જતા જોવા મળ્યા હતા, જ્યારે એક દિશામાં લાલ કલરના સિલિન્ડરને જોઈને લોકો ચોંકી ગયા હતા. આ બનાવ રાયગઢ જિલ્લાના ખાલાપુર તાલુકા સ્થિત ચાવણે વિસ્તારની છે, જ્યાં મુશળધાર વરસાદને કારણે જનજીવન પર અસર પડી છે, જ્યારે આસપાસના વિસ્તારમાં પડી રહેલા ભારે વરસાદને કારણે નદીઓમાં પૂરની સ્થિતિ ઊભી થઈ છે, ત્યારે ચાવણે સ્થિત એચપીસીએલના ગેસ રિફિલિંગ પ્લાન્ટમાં પણ પાણી ઘૂસી ગયા હતા. ■

## થાણેના 'બિન-કાર્યક્ષમ'

વિભાગના વરિષ્ઠ અધિકારીઓની કથિત બેદરકારી, વૃક્ષ કાપણીમાં વિલંબ અને સ્ટાફની તીવ્ર અછત અંગે ઝાટકણી કાઢી.

સમીક્ષા બાદ મીડિયાને સંબોધતા શિંદેએ વૃક્ષો પડવાની વધતી જતી ઘટનાઓ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી. તેમણે અધિકારીઓને પડી ગયેલાં વૃક્ષોની છેલ્લે ક્યારે છટણી કરવામાં આવી હતી તેની ચોક્કસ ચકાસણી કરવા માટે ઘટના બાદ તેનું વિગતવાર ઓડિટ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. ■

## હિન્દુ મરણ

ગામ દેપાડિયા, સ્વ. કુરજીભાઈ રણછોડભાઈ ગડારા (ઉં. વ. ૬૦) તા. ૬/૭/૨૬ના સોમવારે સ્વર્ગવાસ પામેલ છે. સદગતનું બેસણું તા. ૦૯/૦૭/૨૬, ગુરુવારના રોજ ૮ થી ૧૦. ક. સ્વ. રણછોડભાઈ મોહનભાઈ ગડારા, દેવરાજભાઈ રણછોડભાઈ ગડારા, પ્રાગજીભાઈ રણછોડભાઈ ગડારા, વલ્લભભાઈ રણછોડભાઈ ગડારા, સ્વ. જેન્તીભાઈ રણછોડભાઈ ગડારા સ્થળઃ માતૃશ્રી જેઠીબેન ગોરધનભાઈ ગોવાણી, ઉમા ભવન, આલાપ એવન્યુની બાજુમાં, યુનિવર્સિટી રોડ, રાજકોટ.

**ઘોઘારી મોઢ વાણિક**

ચુડા નિવાસી, હાલ મલાડ, સ્વ. સુશીલાબેન બિપિનભાઈ મહેતા (ઉં.વ. ૮૬) તે સ્વ. બિપિનભાઈ બી. મહેતાના ધર્મપત્ની. સ્વ. અનંતરાય પારેખની સુપુત્રી. સ્વ. હરીશભાઈ, અતુલભાઈના બેન. ચારુબેન તથા રીટાબેનના બેન. મહેશભાઈ બી. મહેતાના ભાભી તા. ૬-૭-૨૬ના સોમવારે શ્રીજીચરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

સરોજબેન હીરાલાલ અઢિયા (ઉં.વ. ૮૩) સ્વ. હરીલાલ નારણદાસ અઢિયા તથા સ્વ. હીરાલક્ષ્મી એચ. અઢિયાના સુપુત્રી. તે સ્વ. વિનોદભાઈ, સ્વ. વસંતભાઈ, સ્વ. કિશોરભાઈ, સ્વ. સુકન્યાબેન, કુમુદબેનના બેન. રાજેશ વસંતકુમાર અઢિયાના ફઈબા. તા. ૮-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

નવીબંદરવાળા હાલ કાંદિવલી, દિલીપ નારણદાસ ઠક્કરના સુપુત્ર કેતન દિલીપ ઠક્કર. તા. ૬-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે નરોતમભાઈ ગોકળભાઈ ડોડિયાના જમાઈ. તે મીનાબેનના પતિ. પ્રાપ્તિ, પ્રાચીના પિતાશ્રી. તે પંકિલ, અંગદના સસરા. તે મીતાબેન અનિલ ઠક્કર, ચિરાગના મોટાભાઈ તેમની પ્રાર્થનાસભા તા. ૯-૭-૨૬ના સાંજે. ૫થી ૭. સ્થળઃ સનરાઈસ હોલ, શ્રીજીમહલનીયર, આળંદીબાઈ કાલે કોલેજ, સાઈબાબા નગર, બોરીવલી (વેસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ છે.)

**કચ્છી લોહાણા**

સ્વ. ગોમતીબેન ગોકલદાસ ધીરાવાણી કચ્છ ગામ કોઠારાના સુપુત્ર હાલે મુલુંડ વિજયભાઈ (ઉં.વ. ૭૫) મંગળવાર, તા. ૭-૭-૨૬ના રામશરણ પામેલ છે. તે વિજયાબેનના પતિશ્રી. ચિ. અમિત, ચિ. સમીરના પિતાશ્રી. અ.સૌ. હેતલબેન, અ.સૌ. યોગીતાબેનના સસરાજી. ચિ. ત્વિશા, ચિ. રાઘવના દાદાજી. ગામ કોઠારાના સ્વ. સુંદરબેન ગોપાલજીભાઈ (બાબુભાઈ મોટા) દામજી ભંગદેના જમાઈ. રમેશભાઈ, કિરીટભાઈ, સ્વ. શરદભાઈ, સ્વ.નિમેષ, શ્રીમતી બેબીબેન, શ્રીમતી ભાનુબેન, અ.સૌ. સરોજબેન, અ.સૌ. ભદ્રાબેન, અ.સૌ. કિરણબેન, સ્વ. દિનાબેન, સ્વ. વંદનાબેનના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૯-૭-૨૬, ગુરુવારે સારસ્વતવાડી, ભોયતળિયે, સાંજે. ૫.૩૦થી ૭.૦૦. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે. બૈરાઓએ તે જ દિવસે આવી જવું.

**કચ્છી લોહાણા**

ભગવાન લક્ષ્મીદાસ સચદે (ઉં. વ. ૭૨) તે સ્વ. રામાબેન લક્ષ્મીદાસ સચદે કચ્છ મોટી મઉ હાલે મુલુંડવાળાના સુપુત્ર. તે જ્યોતિબેનના પતિશ્રી. સ્વ. માનકુંવરબેન નાથાલાલ વેડિયાના જમાઈ. અ. સૌ. હિરલ નીરજભાઈ ઠક્કર, અ. સૌ. ધ્વનિ દિપકભાઈ મૈંદનના પિતાશ્રી. અ. સૌ. પારૂલ વિનયભાઈ ઠક્કરના કાકાશ્રી. નૈતિક, ધ્યુમન, વિહાના તથા મીરનાના નાનાજી સોમવાર, તા. ૬-૭-૨૦૨૬ના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક સમાજ**

ડુમિયાણી નિવાસી હાલ ઘાટકોપર, અ.સૌ. સરોજબેન ધીરજલાલ વૈદ્ય (ઉં. વ. ૮૯) તે ધીરજલાલ દેવચંદ વૈદ્યના ધર્મપત્ની, સોમવાર તા. ૦૬/૦૭/૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. દિવાળીબેન તથા લાલજીભાઈ નાનજી લોટીયાના દીકરી. સ્વ. હિમાંશુભાઈ, અલકાબેન હર્ષદરાય, કિરણભાઈ, જ્યોતિબેન કિરણભાઈ, ગં.સ્વ. મીનાબેન કિશોરના માતુશ્રી. અમિતાબેન કિરણભાઈ, હર્ષદરાય હરજીવન, કિરણભાઈ હરેન્દ્ર, કિશોરભાઈ લક્ષ્મીચંદના સાસુ. મુકુંદરાય દેવચંદના ભાભી. તેમની પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૦૯/૦૭/૨૬ના રોજ ૪ થી ૫:૪૫. સ્થળઃ શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર સરિતા પાર્ક, ગારોડીયા નગર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર ઇસ્ટ.

**લુહાર સુતાર**

સાવરકુંડલાવાળા હાલ જોગેશ્વરી, ગં.સ્વ. સવિતાબેન હરજીવનદાસ (બાલુભાઈ) ચૌહાણ (ઉં. વ. ૭૮) તા. ૦૬/૦૭/૨૬ના સ્વર્ગવાસ પામ્યા છે. તે સ્વ. હરજીવનદાસ મોહનલાલ ચૌહાણના ધર્મપત્ની, દેવેનભાઈ, ભરતભાઈના માતુશ્રી. અંજનાબેન, નિશાબેનના સાસુજી. રોનક, અનેરી, નિધિ, હર્ષ તથા અ.સૌ. દેવાંશીબેન રોનક ચૌહાણના દાદીમા. લાઠીવાળા સ્વ. નારણદાસ કરશનદાસ મકવાણાની દીકરી. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૧૦-૦૭-૨૦૨૬ના સાંજે ૦૫ થી ૦૭ ક. લુહાર સુતાર વેલ્ફર સેન્ટર કાર્ટર રોડ નં ૩, બોરીવલી ઈસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔદિત્ય અગિયારસે બ્રાહ્મણ**

મૂળ ગામ ઉસરડ હાલ કાંદિવલી, નીતિનકુમાર મહિપતરામ જાની (ઉં. વ.૭૩) ઉર્મિલાબેનના પતિ. નેહા મિલિંદ ત્રિવેદીના પિતાશ્રી. ધનંજયભાઈના મોટાભાઈ. સ્વ. વિમળાબેન ઈચ્છાશંકર મહેતાના જમાઈ તા. ૦૫-૦૭-૨૬ના રોજ અક્ષરનિવાસી થયા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**સૌરાષ્ટ્ર પટેલ સમાજ**

મૂળગામ પીપરીયા હાલ કાંદિવલી, સ્વ. વિમળાબેન પ્રાગજીભાઈ માલવિયાના પુત્ર અશોકભાઈ (ઉં. વ. ૬૮) ૭/૭/૨૬ના અક્ષરધામ પામેલ છે. તે નયનાબેનના પતિ. વિનોદભાઈ, સ્વ. હર્ષદભાઈ, સ્વ. હરિકૃષ્ણભાઈ, દિલીપભાઈ, સ્વ. મહેશભાઈના ભાઈ. શ્વેતા જીજ્ઞેશ સુરાણી, અંકિતાના પિતા. સ્વ. શાંતાબેન જાધવજી રામાણીના જમાઈ. લૌકિક પ્રથા બંધ છે.

**વૈષ્ણવ**

બોરીવલી સ્થિત, ગં. સ્વ. મણિબેન નારાયણભાઈ પૂજારી (ઉં. વ. ૮૯) ૭/૭/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સુરેન્દ્રભાઈ, મનોજભાઈ, પુષ્પાબેન લાલચંદ શાહના માતુશ્રી. પ્રતિભાબેન તથા રિટાબેનના સાસુ. કિશોર, નિલેશ, કમલેશ, કિરીટ, નિમેષ, દેવેશ્રીના દાદી. તેમની પ્રાર્થનાસભા ૯/૭/૨૬ના રોજ ૫ થી ૭ ક. મધુરમ હોલ, શીમ્પોલી રોડ, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

ભાવનગર નિવાસી હાલ થાણા, ગં.સ્વ. લીલાબેન નરેન્દ્રભાઈ ઠક્કર (ઉં. વ. ૭૭) સોમવાર તા. ૬.૭.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નરેન્દ્રભાઈ ઈશ્વરલાલ ઠક્કર (વસાણી)ના ધર્મપત્ની, સ્વ. કરસનદાસ પોપટલાલ પુજારાની દીકરી. વિશાલભાઈના માતાશ્રી. કવિતાબેનના સાસુ. હંસાબેન વિરેન્દ્રભાઈ વસાણી, મંજુલા મનસુખલાલ કારિયાના ભાભી. બેનીશા, નમિતાના દાદી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૯.૭.૨૬ના રોજ ૫ થી ૭. ડાયમંડ હોલ, ચોથે માળે, ટીપટોપ પ્લાઝા, એલબીએસ રોડ, થાણા પશ્ચિમ.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**પોરબંદર દશા શ્રીમાળી જૈન**

પોરબંદર નિવાસી હાલ ડોમ્બિવલી, આશાબેન અજીતભાઈ શાહ (ઉં.વ. ૫૯) તે ૮-૭-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે તારામતી દિનેશચંદ્ર શાહ (નાથાભવન)ના પુત્રી. આશિષ, વિપુલ તથા પ્રીતિ ધીરેન શાહના બેન. તારાબેન લાલદાસભાઈ શાહના પુત્રવધૂ. મુકેશભાઈ અને રાજેશભાઈના ભાભી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**સ્થા. વિશા શ્રીમાળી જૈન**

બોટાદ નિવાસી, હાલ બોરીવલી, સ્વ. કુસુમબેન પ્રવિણકાંત (કનુભાઈ) ભોગીલાલ દોશીના સુપુત્ર કૌશિક (ઉં.વ. ૬૩) તે ભાવનાબેનના પતિ. માનસી ચિંતનભાઈ બારભાયા. કૃપાલી જિમિતભાઈ ભનસાલી, દર્શીની સ્ટીવ દોશીના પિતાશ્રી. તે જુલેશભાઈના ભાઈ. સુરેન્દ્રનગર નિવાસી સ્વ. દલીચંદભાઈ લહેરચંદભાઈ વસાણીના જમાઈ. તા. ૬-૭-૨૬, સોમવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સરનામુંઃ બી-૪, ડ્રીમલેન્ડ બિલ્ડિંગ, લીંક રોડ, ઓરા હોટેલની બાજુમાં, બોરીવલી (વેસ્ટ).

**સ્થાનકવાસી જૈન**

અજાબ નિવાસી હાલ અંધેરી, નીનાબેન નવીનભાઈ બદાણી (ઉં. વ. ૮૧) તે નવીનભાઈ મેઘજીભાઈ બદાણીના ધર્મપત્ની. પૂનમ સંજય અજમેરા, નીતા પ્રેરક ઝવેરી, જાસ્મિન નિરવ બાટવિયા, સીમા ભાવેશ ગાંધીના માતૃશ્રી. હિતેશભાઈ અને વિપુલ ભુપેન્દ્રભાઈ બદાણીના કાકી. જીવીબેન જયંતિભાઇ ભાયાણીના સુપુત્રી. જિતેન્દ્રભાઈ, જયપ્રકાશભાઇ, યશુમતીબેન, શારદાબેન, જશુમતીબેનના બેન. તા. ૦૫/૦૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૦૯/૦૭/૨૬ના રોજ ૫ થી ૭. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપારલે પશ્ચિમ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન,**

ભાડલા નિવાસી હાલ મુંબઈ, તરુલતાબેન મનહરલાલ શાહ (ઉં. વ. ૮૯) તે સ્વ. ડૉ. મનહરલાલ લક્ષ્મીચંદ શાહના ધર્મપત્ની, સ્વ. પાનાચંદ મુળચંદ વોરાની સુપુત્રી, સુનિલ શાહ, શિતલ શાહના માતુશ્રી. કોમલ સુનિલ શાહના સાસુ. ઋષભ અને સિદ્ધાર્થના દાદી તારીખ ૦૬ જુલાઈ ૨૦૨૬ને સોમવારે અવસાન થયું છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના શ્રીમતી રમીલા નાનજી છેડા (ઉં. વ. ૬૭) તા. ૭-૭-૨૬ના અરિહંત શરણ પામેલ છે. નામલબેન વેલજી રતનશીના પૌત્રી. રતનબેન નાનજી વેલજી ના સુપુત્રી. ત્રગડી પુરબાઈ કાનજી કરમશી ના દોહિત્રી. નીરવના માતુશ્રી. હેમંત, મુકેશની બેન. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી મહાજનવાડી, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.), મું. ૧૯. ટા. ૪ થી ૫.૩૦.

## મુંબઈ-પુણે

કરવા સક્ષમ વિશાળ વાયડક્ટ્સનો સમાવેશ થાય છે. તેના કારણે ઘાટ વિભાગમાં અકસ્માત ઘટ્યા છે અને ટ્રાફિકની અવરજવર ઘણી સરળ બની છે.

કોંકણ રેલવેના બાંધકામ સાથે સરખામણી કરી તેમણે 'મિસિંગ લિંક' પ્રોજેક્ટની ટીકાને નકારી કહ્યું કે સરકાર નિષ્ણાતો દ્વારા સૂચવેલા વધારાના સલામતી પગલાં અમલમાં મૂકશે. એન્જિનિયરિંગ સિદ્ધિનું મૂલ્યાંકન એક ઘટના દ્વારા ન કરવું જોઈએ. સોમવારે આખી રાત પડેલા ધોધમાર વરસાદને કારણે ભૂસ્ખલન થતાં મુંબઈ-પુણે એક્સપ્રેસવેના મિસિંગ લિંક સેક્શન પર ૧૮ કલાકથી વધુ સમય સુધી ટ્રાફિક બંધ રહ્યો હતો. પહેલી મેના દિવસે ટ્રાફિક માટે ખુલ્લું મુકાયેલ મિસિંગ લિંક ૯૪ કિમી લાંબા એક્સપ્રેસવે પર ૧૩.૩ કિમી લાંબો છે જેમાં બે ટ્વિન ટનલ અને કેબલ-સ્ટેડ બ્રિજ છે. વળાંકવાળા લોનાવાલા-ખંડાલા ઘાટ વિભાગને બાયપાસ કરે છે અને મુસાફરીનું અંતર ૫.૭ કિમી ઘટાડવા અને મુંબઈ અને પુણે વચ્ચેના મુસાફરીના સમયમાં ૨૦ થી ૩૦ મિનિટનો ઘટાડો થાય છે. તાજેતરના ભૂસ્ખલનનો ઉલ્લેખ કરી ફડણવીસે કહ્યું કે સરકારે તાત્કાલિક ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીના નિષ્ણાતોની સલાહ લીધી. તેમણે વધારાના રક્ષણાત્મક પગલાં લેવાની ભલામણ કરી. આઈઆઈટી નિષ્ણાતોએ કેટલાક વધુ સંવેદનશીલ સ્થળો ઓળખી કાઢ્યાં છે જ્યાં વાયર મેશ અને ઢાળ સુરક્ષા સ્થાપિત કરવી જોઈએ. અમે આ ભલામણોનો અમલ કરીશું જેથી ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય. (પીટીઆઈ) ■

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક




BOOK YOUR CABIN NOW!
For Bookings & Business Collaborations: +91 98199 57598 | +91 90049 95154

# લખપતના બકલ બેટ પરથી અમેરિકાની નેવીનું કન્ટેનર મળ્યુંઃ ઍર ફૉર્સ દ્વારા સઘન તપાસ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના સરહદી અને વ્યૂહાત્મક રીતે અત્યંત સંવેદનશીલ ગણાતા દરિયાઈ વિસ્તારમાંથી અવારનવાર શંકાસ્પદ વસ્તુઓ મળી આવવાનો સિલસિલો જારી રહ્યો છે. ગત સોમવારે બપોરે સરહદી સલામતી દળના જવાનોને સર્ચ ઓપરેશન દરમિયાન લખપત તાલુકાના બકલ બેટ દરિયા કિનારેથી એક વિદેશી બિનવારસુ કન્ટેઇનર હાથ લાગ્યું હતું. સુરક્ષા એજન્સીઓએ આ બોક્સનો કબજો મેળવીને તેને ખોલતાં તેમાંથી અત્યાધુનિક હાઇડ્રોલિક પંપ મળી આવ્યો હતો. રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ સમગ્ર મામલાની આગળની તપાસ એરફોર્સને સોંપવામાં આવી છે.

કોસ્ટલ સિક્યોરિટીનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, દરિયાકાંઠેથી મળી આવેલા આ કન્ટેઇનર પર સ્પષ્ટ અક્ષરોમાં પ્રોપર્ટી ઓફ યુએસ ગવર્મેન્ટ (અમેરિકી સરકારની સંપત્તિ) અને 'નેવી) લખેલું છે, જે દર્શાવે છે કે આ સામગ્રી યુએસ નેવીના શિપિંગ નેટવર્ક સાથે જોડાયેલી છે. આ ઉપરાંત, બોક્સની અંદર રહેલા હાઇડ્રોલિક પંપ પર ઓસ્ટ્રેલિયાની 'એટલાન્ટિસ ફાયર એન્ડ સેફ્ટી સર્વિસ' કંપનીનું સ્ટીકર મારેલું છે તેમજ તેના પર એક સર્વિસ ટેગ પણ છે, જેમાં '૫ નવેમ્બર ૨૦૨૪' ની તારીખ અંકિત થયેલી છે.

સંરક્ષણ ક્ષેત્રના જાણકારોના મતે, અગાઉ ઈરાન અને અમેરિકા વચ્ચેના વધેલા યુદ્ધના તણાવ દરમિયાન અરબ સાગરમાંથી અમેરિકન નેવીના અનેક યુદ્ધજહાજો પસાર થયાં હતાં. આ દરિયાઈ સફર દરમિયાન કોઈ શિપમાંથી આ હાઇડ્રોલિક પંપનું રિ-યુઝેબલ કન્ટેઇનર અકસ્માતે અરબ સાગરમાં પડી ગયું હોવાની પ્રબળ આશંકા છે. કન્ટેઇનરની સપાટી પર ચોંટી ગયેલા દરિયાઈ જીવો અને છીપલાં એ વાતની સાક્ષી પૂરે છે કે આ બોક્સ લાંબા સમય સુધી સમુદ્રના પાણીમાં તરતું રહ્યું હતું અને ઊંચા મોજાંના કારણે ઘસડાઈને આખરે લખપતના કાંઠે આવી પહોંચ્યું છે. દેશની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત રાખવાના ભાગરૂપે આ વિદેશી કન્ટેઇનર અને હાઇડ્રોલિક પંપને ટેકનિકલ અને સઘન તપાસ અર્થે ભારતીય એરફોર્સ (વાયુસેના)ને સુપ્રત કરાયા છે. એરફોર્સના નિષ્ણાતોની ઊંડી તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે કે આ અત્યાધુનિક પંપનો ઉપયોગ યુદ્ધજહાજ કે લશ્કરી શિપમાં કયા હેતુ માટે કરવામાં આવતો હતો.

# સુરતવાસીઓ બે દિવસથી પાણીમાં ફસાયેલા, પણ નેતાઓ નાસ્તાપાર્ટીમાં મસ્તઃ વીડિયો વાઈરલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડાયમન્ડ સિટી અને ટેક્સટાઈલ્સ સિટી તરીકે જાણીતા સુરત શહેરની હાલત હાલમાં તો વોટર સિટી જેવી થઈ ગઈ છે. મંગળવારે એક જ દિવસમાં શહેરમાં ૧૪ ઇંચ કરતા વધારે પાણી પડી જતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે અને લગભગ આખું સુરત પાણી પાણી થઈ ગયું છે. ખાસ કરીને ગરીબ ઘરના નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોની ઘરવખરી સહિતની વસ્તુઓ પણ પાણી તાણી ગયું છે. લોકો ઘુંટણસમા પાણીમા અછતો વચ્ચે જીવી રહ્યા છે ત્યારે અહીંના મહાનગરપાલિકાના પદાધિકારીઓનો નાસ્તાની જયાફતો ઉડાડતો એક વીડિયો બહાર આવ્યો છે, જેણે લોકોમાં રોષની લાગણી પેદા જન્માવી છે. અહેવાલો દ્વારા મળતી વિગતો અનુસાર સુરત મહાનગરપાલિકાના તાપી ભવનમાં સમિતિના અધ્યક્ષ-ઉપાધ્યક્ષોની નિમણૂક બાદ યોજાયેલી નાસ્તા પાર્ટીનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો હતો. આ ભવન સત્તાધારી પક્ષ ભાજપના કાર્યાલય કરતા માંડ ૫૦૦ મીટર દૂર હોવાનું જાણવા મળ્યું હતું. અહીં તાપી ભવન ખાતે વિવિધ સમિતિઓના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષોની નિમણૂક બાદ ભાજપના હોદ્દેદારો, નવા પદાધિકારીઓ અને તેમના સમર્થકોની નાસ્તા પાર્ટીનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો હતો.

એક તરફ શહેર પાણીમાં ગરકાવ થઈ ગયા જેવી સ્થિતિમાં હતું, વીજસેવા ખોરવાઈ હતી, જીવન જરૂરિયાતની વસ્તુઓ માટે ફાંફાં હતા. લોકો ફરિયાદો કરતા હતા કે મત માગવા આવનારા લોકો આવા સમયે ગાયબ થઈ ગયા અને મતદારોની મદદે આવ્યા ન હતા. આ મામલે પક્ષ તરફથી કોઈ સ્પષ્ટતા આવી નથી.

# પોસ્ટઓફિસની પાસબુક અને એફડીબુકની બે મહિનાથી અછતમાં કૌભાંડઃ કૉંગ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લગભગ ૯૦૦૦ જેટલી પોસ્ટઓફિસ છે અને તેના રોકાણકારો હાલમાં પાસબુક અને એફડીબુકની અછતથી પરેશાન છે, તેવી માહિતી સાથે કૉંગ્રેસે સરકાર પર પ્રહારો કર્યા હતા. કૉંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલે આક્ષેપો કર્યા હતા કે ગુજરાતની પોસ્ટઓફિસોમાં છેલ્લા બે મહિનાથી પાસબુક, એફડીબુક અને અન્ય સ્ટેશનરી સંપૂર્ણપણે ખલાસ થઈ ગઈ છે. ગુજરાતમાં અંદાજે ૯,૦૦૦ જેટલી પોસ્ટઓફિસ આવેલી છે, જેમાંથી ૮,૦૦૦ જેટલી પોસ્ટઓફિસ છેવાડાના ગામડાઓમાં અને ૧,૦૦૦ જેટલી શહેરમાં છે. આ પોસ્ટઓફિસો મારફતે ગુજરાતમાં અંદાજે ૨ થી ૨.૫ કરોડ જેટલા વિવિધ બચત ખાતાઓનું સંચાલન થાય છે. આટલા વિશાળ પાયે લોકોની પરસેવાની કમાણી જમા થતી હોય, ત્યારે ૨ મહિના સુધી પાસબુક જ ઉપલબ્ધ ન હોવી એ કરોડો ખાતેદારોના નાણાં સાથે ચેડાં કરવા સમાન છે. રાવલે વધુમાં આક્ષેપો કરતા જણાવ્યું હતું કે હાલત એટલી હદે કથળી ગઈ છે કે પોસ્ટ ઓફિસની તમામ નાણાકીય સેવાઓ માટે જરૂરી પાસબુક કે સર્ટિફિકેટનું પ્રિન્ટિંગ જ બંધ છે. આ સેવાઓમાં સામાન્ય બચત ખાતા, રિકરિંગ ડિપોઝિટ, ફિક્સ ડિપોઝિટ, સિનિયર સિટિઝન સેવિંગ સ્કીમ,માસિક આવક યોજના,સુકન્યા સમૃદ્ધિ યોજના, મહિલા સન્માન બચત પત્ર, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ, કિસાન વિકાસ પત્ર, નેશનલ સેવિંગ સર્ટિફિકેટ પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ સહિતની તમામ યોજનાઓનો સમાવેશ થાય છે.

તેમણે દાવો કર્યો હતો કે રોકાણકારો પોતાના હજારો-લાખો રૂપિયા જમા કરાવે ત્યારે પુરાવા તરીકે માત્ર પૈસા ભર્યાની સ્લીપ પર એક રબર સ્ટેમ્પ (સિક્કો) મારીને પકડાવી દેવામાં આવે છે! કાગળની આ કાપલીઓ લોકો ક્યાં સુધી અને કેવી રીતે સાચવશે, તેવો સવાલ પણ તેમણે કર્યો હતો. જ્યારે સિસ્ટમમાં કે પાસબુકમાં પૈસા જમા થયાની કોઈ પ્રિન્ટેડ એન્ટ્રી કે સ્ટેટમેન્ટ જ ન મળતું હોય, ત્યારે ભવિષ્યમાં પોસ્ટઓફિસોમાં મોટાપાયે ગેરરીતિ અને કરોડો રૂપિયાના જંગી કૌભાંડ થવાની પૂરેપૂરી સંભાવના છે, તેમ તેમણે જણાવ્યું હતું. જો ખાતેદારની પાસબુકને કોઈપણ પ્રકારનું નુકસાન થયું હોય તો તે માટે રૂ. ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર એફિડેવિટ કરાવવા સહિતની જટિલ પ્રક્રિયા છે, પણ જ્યારે નવી પાસબુક લેવા ખાતેદાર જાય ત્યારે સ્ટેશનરી ઉપલબ્ધ ન હોવાનો જવાબ મળતો હોવાનો આક્ષેપ તેમણે કર્યો હતો.

તેમણે માગણી કરી હતી કે યુદ્ધના ધોરણે પાસબુકો અને એફડીબુકનો જથ્થો પૂરો પાડવામાં આવે, અન્યથા પ્રજાના નાણાં સાથે થતા કોઈપણ ચેડાં કે હાલાકી માટે સંપૂર્ણપણે સરકાર જ જવાબદાર ઠરશે. આ મામલે સરકારે કે પોસ્ટ ઓફિસ ડિપાર્ટમેન્ટે હજુ સુધી કોઇ સ્પષ્ટતા કરી નથી.

# ભાવનગરમાં દસ વર્ષના બાળકને દીપડાએ ફાડી ખાધોઃ બે મહિનામાં ત્રીજી ઘટના

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગરના પાલિતાણામાં માલધારીને સિંહને અડધી કલાક માટે બાનમાં લીધો હતો અને માલધારીની સૂઝને કારણે તે બચી ગયો હતો, તે ઘટનાએ ફરી માનવ-વન્યજીવનના સંઘર્ષને ઉજાગર કર્યો છે ત્યારે ફરી ભાવનગરના મહુવા ગ્રામ્ય વિસ્તારમાં દીપડાએ ૧૦ વર્ષના બાળકને ફાડી ખાધાની ઘટના ઘટી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર નિત્યકુમાર નામનું બાળક શાળાએથી સાઈકલ લઈને બાંભણિયાથી મોભિયાણા જવાના રસ્તા પર પોતાના પિતા પાસે જવા માટે પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન ઝાડીઓમાંથી અચાનક ત્રાટકેલા નરભક્ષી દીપડાએ તેના પર કાળ બનીને એવો લોહિયાળ હુમલો કર્યો કે બાળકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. નિત્યકુમારના મોતથી તેના પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

આ ભયાનક ઘટનાના પગલે સમગ્ર પંથકના લોકોમાં અને ખાસ કરીને વનવિભાગ સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. ગામડાઓમાં સતત વધી રહેલા વન્ય પ્રાણીઓના આતંક અંગે વાઈલ્ડ લાઈફ વિભાગ તેમજ નોર્મલ રેન્જ સહિત વનવિભાગના અધિકારીઓને વારંવાર રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ વનવિભાગ દ્વારા કોઈ નક્કર પગલાં ભરવામાં આવતા નથી. પરિણામે નિર્દોષ રહેવાસીઓ વન્ય પ્રાણીઓનો ભોગ બની રહ્યા છે. વન વિભાગ માત્ર લાશોના પંચનામા કરવા જ બેઠું હોય તેવો રોષ સ્થાનિકો વ્યક્ત કરી રહ્યા છે.

મહુવા પંથક હવે સામાન્ય નાગરિકો માટે 'ડેથ ઝોન' બની ચૂક્યું હોય તેવી ભીતિ સેવાઈ રહી છે, કારણ કે છેલ્લા માત્ર બે જ મહિનામાં વન્યપ્રાણીઓએ ત્રીજી જિંદગીનો ભોગ લીધો છે.

આ પૂર્વે કંટાસર ગામના વાડી વિસ્તારમાં પાંચ વર્ષની માસૂમ બાળકી દિવ્યાબા જ્યારે રમી રહી હતી, ત્યારે દીપડાએ તેને ફાડી ખાધી હતી જેમાં તેનું મોત થયું હતું. ત્યારબાદ મહુવા તાલુકાના ગઢડા ગામે નાગજીભાઈ ગુજરીયા નામનો યુવક બાઈક લઈને પોતાના ઘરે જઈ રહ્યો હતો, ત્યારે વાડી વિસ્તાર નજીક બાઈક બંધ પડી જતાં તેને દોરીને જઈ રહેલા યુવક પર અચાનક સિંહ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેનું પણ કરૂણ મોત નીપજ્યું હતું.

# વડોદરામાં વરસાદની શરૂઆતમાં જ મગરો શહેરોમાં દેખાવા લાગ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભારે વરસાદની સ્થિતિ છે, જોકે મધ્ય ગુજરાતમાં હજુ જોઈએ તેવો વરસાદ વરસ્યો નથી, તેમ છતાં વડોદરા શહેરમાં રોજના બે-ચાર ઝાંપટા પડી જાય છે. હજુ સામાન્ય વરસાદમાં જ શહેરીજનોને પાણી ભરાવાની અને રોડ ધસી જવા જેવી સમસ્યાઓનો તો સામનો કરવો પડી જ રહ્યો છે, પરંતુ વડોદરાવાસીઓએ વધુ એક સમસ્યાથી સતર્ક રહેવું પડે છે. શહેરમાં વરસાદની સાથે જ મગરોની લટારો શરૂ થઈ જાય છે. છેલ્લા એકાદ અઠવાડિયામાં પડેલા વરસાદ બાદ ત્રણ સ્થળે મગર દેખાયા છે અને તેને રેસ્ક્યૂ કરવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

મળતી વિગતો અનુસાર અહીંના વાસણા રોડના બંગલા નજીક એક મહાકાય નવ ફૂટનો મગર દેખાયો હતો, જેને રેસ્ક્યૂ કરવામાં આવ્યો હતો. અહીં ગેલેક્સી બંગલો એકદમ રોડ પર મગર આવતો કોઈ જોઈ ગયું હતું. ત્યારબાદ ગૌરક્ષા સમિતિના કાર્યકરો આવ્યા હતા અને મગરનું રેસ્ક્યૂ કર્યું હતું. આ સાથે અહીંના તાંદલજા વિસ્તારમાં આવેલા બસ સ્ટેન્ડ નજીક એક મહાકાય મગર હોવાનું જાણમાં આવ્યું હતું. આવી જ રીતે પાદરા-ઘાયજ રોડ ઉપર પણ મગર રોડ પર લટાર મારતો હોવાનો વીડિયો વાઈરલ થયો હતો.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર મગરોને તે જે જળાશયમાં રહેતા હોય તેમાં વરસાદી પાણીથી હલચલ થાય તે ગમતું નથી, તેમની શાંતિમાં ખલેલ પડતા તેઓ બહાર નીકળી પડે છે. અગાઉ વરસાદ સમયે વિશ્વામિત્રી નદીની આસપાસના વિસ્તારમાં મગરો જોવા મળ્યાના ઘણા કિસ્સા બહાર આવ્યા છે.

જોકે વડોદરાના વન્ય વિભાગના અધિકારીઓ તેમ જ જીવદયા સાથે જોડાયેલા સ્વયંસેવકો મોટેભાગે મગરોને સુરક્ષિત રેસ્ક્યૂ કરી લેતા હોય છે.

# રિલિજિયસ ટૂરિઝમઃ પોરબંદરનું માધવરાયજીનું મંદિર સજી રહ્યું છે સાવ નવા સાજશણગાર

## ₹ ૪૩.૭૨ કરોડના ખર્ચે બીજા તબક્કાનાં વિકાસકાર્યોની શરૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ટૂરિઝમ માટે વિશ્વપ્રસિદ્ધ છે અને દર વર્ષે લાખો લોકો અહીંના વિવિધ સ્થળોની મુલાકાત લે છે, જેમાં રિલિજિયસ ટૂરિઝમ ડેસ્ટિનેશન પણ ઘણા લોકપ્રિય છે. આવા જ એક ડેસ્ટિનેશનમાં વધારો થવાનો છે. કેન્દ્ર સરકારના વિકાસ ભી, વિરાસત ભીના સૂત્રને અનુસરી પોરબંદર જિલ્લામાં માધવપુર ખાતે આવેલું શ્રી કૃષ્ણ-રુક્મિણી યાત્રાધામ, જ્યાં ભગવાન શ્રી કૃષ્ણ અને માતા કરક્મિણીના લગ્ન થયા હતા, તે સ્થળને હવે વૈશ્વિક ફલક પર ઝગમગતું બનાવવા માટે ગુજરાત સરકાર તથા તેના સાહસ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા મહત્ત્વાકાંક્ષી માસ્ટર પ્લાનિંગ પર કાર્ય ચાલી રહ્યું છે.

રાજ્ય સરકારે જણાવ્યું હતું કે સંપૂર્ણ પ્રોજેક્ટ અંતર્ગત માધવપુર ગામમાં એક-એક કિલોમીટરના વ્યાસમાં આવેલા તમામ પૌરાણિક સ્થળોને એક સુંદર સૂત્રમાં ગૂંથવામાં આવી રહ્યા છે. પ્રથમ તબક્કામાં ₹૪૭.૯૯ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલ મજબૂત પાયા પર આગળ વધતા બીજા તબક્કાની કામગીરી હાથ ધરવાની તૈયારીઓ કરાઈ રહી છે. પ્રથમ તબક્કામાં શ્રી રુક્મિણી માતાજી મંદિર, લગ્નવેદીની સાક્ષી 'ચોરી માયરા', પવિત્ર બ્રહ્મકુંડ અને ભવ્ય મુખ્ય પ્રવેશદ્વારનું સફળ લોકાર્પણ મુખ્ય પ્રધાન દ્વારા કરવામાં આવી ચૂક્યું છે. હવે બીજા તબક્કાનું કામ સંપૂર્ણ ગતિ સાથે શરૂ થઈ ગયું છે. રાજ્ય સરકાર દ્વારા ₹૪૩.૭૨ કરોડના ખર્ચે બીજા તબક્કાના વિકાસ કાર્યોને ઝડપી ગતિએ આગળ ધપાવવામાં આવી રહ્યા છે. બીજો તબક્કો બે વર્ષની અંદર પૂર્ણ કરવાની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે.

બીજા તબક્કાનો સૌથી મહત્ત્વપૂર્ણ ભાગ ભગવાન માધવરાયજીના મંદિરનો જિર્ણોદ્ધાર કરવાનો છે. ₹૨૦.૨૫ કરોડના ખર્ચે આ ઐતિહાસિક મંદિરને નવું સ્વરૂપ આપવામાં આવશે. આ સાથે માધવરાયજી મંદિર પાસે આવેલા દરિયાકિનારાને નવા પ્રવાસન હોટસ્પોટ તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે. અહીં કુલ ૨૦૦ મીટર લાંબા વિસ્તારમાં બીચ ડેવલપમેન્ટ કરવામાં આવશે. પર્યટકોની મૂળભૂત સુવિધાઓને ધ્યાનમાં રાખીને આધુનિક ફૂડ કિઓસ્ક, હાઈટેક ટોયલેટ્સ અને બેઠકોની અત્યંત સુંદર વ્યવસ્થા (ફૂડ કોર્ટ સિટિંગ) તૈયાર કરવામાં આવી રહી છે.

માધવપુર મેળા અને તહેવારો દરમિયાન ઊમટતી ભારે ભીડને ધ્યાનમાં લઈ મંદિર પરિસરના બાહ્ય ભાગનો સુવ્યવસ્થિત વિકાસ કરવામાં આવી રહ્યો છે. ₹૫.૩૧ કરોડના ખર્ચે બનનારો આ વિશાળ આઉટર પ્લાઝા અને વ્યવસ્થિત પાર્કિંગ સ્પેસ શ્રદ્ધાળુઓના અવરજવરને અત્યંત સરળ અને સુરક્ષિત બનાવશે. આ સાથે સ્થાનિક કાચબા ઉછેર કેન્દ્રથી સીધા માધવરાયજી મંદિર સુધી પહોંચતા માર્ગને ૯ મીટર સુધી પહોળો કરવામાં આવી રહ્યો છે, જેથી સાંકડા રસ્તાઓની સમસ્યા કાયમ માટે દૂર થઈ જશે. આ સાથે સેલ્ફી પોઈન્ટ્સ સહિતના અન્ય આકર્ષણો પણ ઉમેરવામાં આવશે.

### એકતા સમિતિની બેઠક

# રથયાત્રામાં હાથીઓને ખલેલ પડે તેવા ડીજે સાઉન્ડ ન વગાડવાનું સૂચન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી અષાઢી સુદ બીજ, તા. ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ યોજાનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાને શાંતિપૂર્ણ, સુવ્યવસ્થિત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન કરવાના હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દાણાપીઠ ખાતે શહેર એકતા સમિતિની બેઠક યોજાઈ હતી. અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં પોલીસ વિભાગ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગોના અધિકારીઓ, જગન્નાથ મંદિરના મહંત, શહેર એકતા સમિતિના સભ્યો તથા વિવિધ સમાજોના આગેવાનોએ ઉપસ્થિત રહી રથયાત્રાના સફળ આયોજન માટે વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી.જેમા કેટલાક મહત્ત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ મુદ્દાઓમાં હાથીઓની સલામતીની પણ ચર્ચા થઈ હતી.

આ અંગે મળતી માહિતી અનુસાર રથયાત્રા પૂર્વે વિવિધ વ્યવસ્થાઓનું સ્થળ પર નિરીક્ષણ પણ કરવામાં આવશે. આ બેઠકમાં ગત વર્ષોના અનુભવોના આધારે વિવિધ મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને જગન્નાથ મંદિર ટ્રસ્ટ તરફથી પ્રાપ્ત સૂચનોને ધ્યાનમાં રાખીને રથયાત્રા વધુ સુવ્યવસ્થિત રીતે પસાર થાય તે માટે આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત રથયાત્રા દરમિયાન હાથીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે ખાસ તકેદારી રાખવામાં આવશે. હાથીઓ પસાર થાય ત્યારે ડીજે અથવા ઊંચા અવાજના સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ કરવામાં ન આવે તેમજ અનાવશ્યક ઘોંઘાટ ટાળવામાં આવે તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવશે. રથ પરત ફરતી વખતે જમાલપુર વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જેથી રથના કાફલાની અવરજવર નિર્વિઘ્નપણે થઈ શકે. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે રથયાત્રા દરમિયાન હાથી વિફર્યાની ઘટના ઘટી હતી.

# પોરબંદરમાં ભારતીય નૌસેનાનું યુએવી ક્રેશ, સદ્નસીબે જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: પોરબંદર જિલ્લામાં ભારતીય નૌસેનાનું એક માનવરહિત વિમાન (UAV) ક્રેશ થતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. આ ઘટના ધરમપુર ગામ નજીક આવેલા નેશ વિસ્તારમાં બની હોવાનું બહાર આવ્યું હતું.

પ્રાથમિક માહિતી મુજબ, UAV નિયમિત તાલીમ અથવા ટેકનિકલ કામગીરી દરમિયાન અચાનક નિયંત્રણ ગુમાવતાં જમીન પર તૂટી પડ્યું હતું.

ઘટનાની જાણ થતાં ભારતીય નૌસેનાના અધિકારીઓ, સ્થાનિક પોલીસ તેમજ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર વિસ્તારને સુરક્ષિત બનાવી તપાસ હાથ ધરી હતી.

સદનસીબે UAV ખુલ્લા વિસ્તારમાં ક્રેશ થતાં કોઈ જાનહાનિ કે ઇજા થઈ નથી તેમજ કોઈ મોટી મિલકતી નુકસાનની પણ માહિતી સામે આવી નથી.

ઘટનાસ્થળેથી UAVના અવશેષોને કબજે લઈ સુરક્ષા એજન્સીઓ દ્વારા ટેકનિકલ તપાસ શરૂ કરવામાં આવી છે.

જો કે UAV ક્રેશ થવાનું ચોક્કસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી. પ્રાથમિક તબક્કે ટેકનિકલ ખામીની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે, જોકે તપાસ પૂર્ણ થયા બાદ જ વાસ્તવિક કારણ સ્પષ્ટ થશે. ભારતીય નૌસેનાના અધિકારીઓ સમગ્ર ઘટનાની ગંભીરતાથી તપાસ કરી રહ્યા છે.

# પૂર્વ અમદાવાદ માટે મનપા ખારીકટ કેનાલની બન્ને બાજુ થ્રી લેન રોડ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) એ મંગળવારે ખારીકટ કેનાલ વિકાસ પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી અને પૂર્વ અમદાવાદમાં કનેક્ટિવિટી સુધારવા અને ટ્રાફિકને સરળ બનાવવા માટે કેનાલની બંને બાજુના પ્રસ્તાવિત રસ્તાઓને ત્રણ-લેન કેરેજવેમાં પહોળા કરવા સહિતના મુખ્ય ફેરફારોને મંજૂરી આપી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

મેયર હિતેશ બારોટ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશ પટેલ, શાસક પક્ષના નેતા જશુ ઠાકોર અને મનપાના વરિષ્ઠ અધિકારીઓએ નરોડાથી વિંઝોલ સુધીના ૧૨.૭ કિમી લાંબા કોરિડોરનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય કેનાલ કોરિડોરને શહેરી રોડ કરવાનો છે જેમાં નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હરિયાળી હશે. મૂળ યોજનામાં નહેરની બંને બાજુ ૯.૫ મીટર પહોળા રસ્તાઓ, ગ્રીન બેલ્ટ, સર્વિસ રોડ અને ફૂટપાથનો સમાવેશ થતો હતો. નિરીક્ષણ પછી, અધિકારીઓએ બંને બાજુના રસ્તાઓને થ્રી-લેન કેરેજવેમાં અપગ્રેડ કરવાનો નિર્ણય લીધો હતો. સુધારેલી યોજનામાં ઝડપી વાહન વ્યવહાર, માર્ગ સલામતી અને પગપાળા ચાલનારાઓની સુવિધા તેમ જ વૃક્ષારોપણ, ફૂટપાથ અને રિ-ડિઝાઇન કરેલા જંકશન સાથે ગ્રીન કોરિડોરનો પણ સમાવેશ થાય છે, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

# વેપારીઓ સાથે કરોડોની છેતરપિંડી આચરી વિદેશ ફરાર ઓશિયા મોલના ફરાર માલિકો સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ઓશિયા મોલના માલિકો સામે છેંતરપિંડીની ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ હતી. ઓશિયા મોલના સંચાલકોએ છેલ્લા એક વર્ષથી વિવિધ વેપારીઓ પાસેથી માલ ખરીદી પૈસા ન આપવાનો વિવાદ ચાલી રહ્યો હતો. જે મામલે અંતે સીઆઈડી પોલીસ સ્ટેશનમાં સંચાલક સહિત પર્ચેસ મેનેજરની સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી.

અમદાવાદના એક વેપારી વિવેક અગ્રવાલે સીઆઈડી ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે સીઆઇડી ક્રાઈમ પોલીસે તપાસ શરૂ કરી છે. ફરિયાદી વિવેક અગ્રવાલે ફરિયાદ કર્યા પ્રમાણે ૧૨ જેટલા હોલસેલ વેપારીઓ પાસેથી આરોપીઓએ ૨૦૧૪થી ઓક્ટોબર ૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન વેપારીઓનો વિશ્વાસ કેળવ્યો હતો. ત્યાર બાદ શહેરના વેપારીઓ પાસેથી મોટા પ્રમાણમાં માલ ખરીદીને રૂપિયા ૪.૭૩ કરોડથી વધુની ઠગાઈ આચરવામાં આવી છે. ઓશિયા મોલના માલિક ધીરેન્દ્ર ચોપરા કે જેઓ ધીરજ ચોપડા તરીકે પણ ઓળખાય છે, તેમજ તેમની પત્ની કવિતા ચોપરા વેપારીઓનું મોટી રકમનું ફુલેકું ફેરવીને ફરાર થઈ ગયા હોવાના ગંભીર આક્ષેપો આ વેપારીઓએ કર્યા હતા. વેપારીઓને પેમેન્ટ ન મળતાં અને આપેલા ચેકો પણ બેંકમાં બાઉન્સ થતાં આખરે ભોગ બનનાર વેપારીઓએ પોલીસમાં ફરિયાદ કરી હતી. વેપારીઓએ સરકાર પાસે પોતાના ફસાયેલાં નાણાં પરત મેળવવા ન્યાયની માગ કરી છે.

# પાટણમાં રથયાત્રા રથયાત્રા પહેલાં જીવતાં કારતૂસ સાથે છ રીઢા ગુનેગાર ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ શહેરમાં આગામી અષાઢી બીજની રથયાત્રાના તહેવાર પહેલાં પોલીસે અલગ-અલગ વિસ્તારોમાં દરોડા પાડીને ગેરકાયદેસર દેશી તમંચા અને જીવતા કારતૂસ સાથે ૬ રીઢા ગુનેગારોને ઝડપી પાડ્યા હતા. જિલ્લામાં હાથ ધરાયેલા સઘન ચેકિંગ અને કોમ્બિંગ ઓપરેશન દરમિયાન પાટણ ટીમને મોટી સફળતા મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પાટણની ટીમે બાતમીના આધારે સમી તાલુકાના ગાઝીનપુરા, મુજપુર, શંખેશ્વરના રાણીસર અને સાંતલપુર તાલુકાના વારાહી વિસ્તારમાં કડક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ કાર્યવાહી દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી પાંચ દેશી કટ્ટા અને ૪ જીવતા કારતૂસ જપ્ત કર્યા હતા.

પોલીસે આ સમગ્ર મામલે આર્મ્સ એક્ટની વિવિધ કલમો હેઠળ શંખેશ્વર પોલીસ સ્ટેશનમાં ૧, સમી પોલીસ સ્ટેશનમાં ૧ અને વારાહી પોલીસ સ્ટેશનમાં ત્રણ મળીને કુલ ૫ અલગ-અલગ ગુનાઓ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઝડપાયેલા આરોપીઓમાં મંઝુરહુસેન સૈદમિયા કાદરમિયા સૈયદ (રહે. મુજપુર, શંખેશ્વર), ઈકબાલખાન અયુબખાન કરીમખાન મલેક (રહે. અમરાપુર, સમી), અરશદખાન હાજીખાન દલાજી મલેક (રહે. વારાહી, સાંતલપુર), સલીમખાન ફકીર લાલો મલેકખાન મલેક (રહે. વારાહી, સાંતલપુર), હનીફ હરિયાભાઈ ભરી (રહે. રાણીસર, સાંતલપુર), મોમીનભાઈ ગનીભાઈ હજીજીભાઈ વેપારી (રહે. સમી)નો સમાવેશ થાય છે. જ્યારે વોન્ટેડ આરોપીઓ દાઉજી ઉકાજી માઝીરાણા (રહે. કેલાસરી, રાધનપુર) અને હરિયાભાઈ મુસાભાઈ ભરી (રહે. રાણીસર, સાંતલપુર)ને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજ્યના ૧૧ ડેમ હાઈ અલર્ટ પર, ૭૫૨૨નું સ્થળાંતર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ૩૦ જૂન બાદ વરસાદી માહોલ જામ્યો હતો અને જુલાઈ મહિનાના પહેલા આઠ દિવસમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ વરસ્યો હતો, જેનાં પરિણામો રાજ્યના ઘણા ડેમ હાઈ અલર્ટ પર રાખવામાં આવ્યા છે. રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર કુલ ૧૧ ડેમને હાઈ અલર્ટ પર રાખવામાં આવ્યા છે. રાજ્યના પાંચ ડેમ પહેલા વરસાદમાં સંપૂર્ણ ૧૦૦% ભરાઈ ચૂક્યા છે, જ્યારે ૨૦ ડેમ ૭૦% થી ૧૦૦%ની વચ્ચે ભરાયા છે. ભારે પાણીની આવકના કારણે અમરેલીના ધાતરવડી અને સુરજવાડી, ભાવનગરના માલણ અને શેત્રુંજી તેમજ તાપીના દોસવાડા સહિત ૧૧ ડેમોને 'હાઈ-અલર્ટ' પર છે. આ ઉપરાંત, ત્રણ ડેમ એલર્ટ પર અને ૧૧ ડેમ માટે વોર્નિંગ જાહેર કરાઈ છે.

દરમિયાન સુરત જિલ્લામાં સૌથી વધારે વરસાદ નોંધાયો હતો. આ સાથે નવસારી અને વલસાડમાં પણ ભારે વરસાદ પડ્યો હોવાથી ત્યારે પૂર વચ્ચે ૧લી જુલાઈથી ૮ જુલાઈ સુધીમાં ૭,૫૦૦ થી વધુ લોકોનું સ્થળાંતર કરાયું છે. ૩૭૧૧ને રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું.

પરિવર્તન પરંપરા ૨૦૫ વર્ષ પ્રગતિ

મુંબઈ સમાચાર

# આરોગ્ય રક્ષકોનું સન્માન અને મનોરંજનનો સંગીત જલસો

મુંબઈ સમાચાર ધન્વંતરિ અવૉર્ડ ૨૦૨૬ (દ્વિતીય)



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. અભિજિત પવાર



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. અક્ષય મહેતા



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. અમિત મજેઠિયા



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. અણુકાન્ત મિત્તલ



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. ભરત શાહ



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. બિનોતી શેઠ



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. ચેતન શાહ



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. દર્શન દોશી



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. મધુભાઈ બી. કોઠીયા



ડૉ. શ્રીકાંત શિંદે

મુંબઈ: રવિવારે સાંજે મુંબઈના જુહુ વિસ્તારમાં આવેલી વૃંદાવન નગરીમાં (ઇસ્કોન મંદિરના સભાગૃહમાં) આયોજિત 'મુંબઈ સમાચાર દ્વિતીય ધન્વંતરિ અવૉર્ડ' કાર્યક્રમ સુજ્ઞ વાચકોની હકડેઠઠ હાજરીને કારણે એક અનન્ય સંભારણું બની રહ્યો. એકધારા ૨૦૫ વર્ષથી પ્રકાશિત થતા એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર'ની વાચકો પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સમાજ પ્રત્યેની જવાબદારી અદા કરવાના પ્રયાસનો સરવાણી આ કાર્યક્રમ બની રહ્યો. ધોધમાર વરસાદ પડી રહ્યો હોવા છતાં ઓડિટોરિયમ છલકાવી સંનિષ્ઠ વાચકોએ 'મુંબઈ સમાચાર'ની ૨૦૫મી વર્ષગાંઠ નિમિત્તે અખબાર અને તેની પ્રવૃત્તિ માટે ફરી એક વાર પ્રીતિ વ્યક્ત કરી હતી.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ સંસદસભ્ય ડૉ. શ્રીકાંત શિંદે તેમના વ્યસ્ત સમયપત્રક વચ્ચે પણ તેઓ સમારંભમાં હાજર રહ્યા હતા. જોકે, 'મુંબઈ સમાચાર'ના કાર્યક્રમનો આરંભ નિર્ધારિત સમયે થઈ ગયો. બહાર મેઘરાજા ધરતીમાતાને ભીંજવી રહ્યા હતા અને ઓડિટોરિયમમાં વરસાદી ગીતોમાં હાજર લોકોના હૈયા ભીંજાઈ રહ્યાં હતા. તુષાર સોનીગ્રા 'બીટ્સ સિક્સટીન' વૃંદના ગાયકો દિલેશ દોશી. નિકિતા હિંગુ, મનોજ પરમાર અને અર્ચના મહાજન સાથે વાદ્ય કલાકારોએ એવી રમઝટ બોલાવી કે હાજર જનતાને મોજેમોજ થઈ ગઈ. સંગીત જલસામાં વરસાદી ગીતો, ફિલ્મી અને ભક્તિ ગીતોના સુરીલા સમન્વયમાં હાજર રહેલા લોકો રસ તરબોળ થઈ ઝૂમી ઊઠ્યા હતા. પ્રેક્ષકોના દિલેર પ્રતિસાદથી ગાયકો પણ ઝૂમી ઊઠ્યા અને તાનમાં આવી સ્ટેજ પર આગળ આવી રસિકોને ગીતોમાં સહભાગી કરી રહ્યા હતા. હજી ત્રણ મહિના પહેલા (એપ્રિલમાં) 'મુંબઈ સમાચાર' દ્વારા અનન્ય 'માતૃભાષા ભાગવત સપ્તાહ'નું આયોજન થયું હતું જેને ભવ્ય સફળતા મળી હતી. મનોરંજનના કાર્યક્રમ સાથે સામાજિક પ્રતિબદ્ધતાનો સુમેળ સાધવાની અખબારની પહેલને જનતા બિરદાવી રહી છે એ રવિવારે ફરી એક વાર સિદ્ધ થયું. કાર્યક્રમના મુખ્ય અતિથિ ડૉ. શ્રીકાંત શિંદે પોતે ડોક્ટર છે, પણ હવે ફુલ ટાઈમ રાજકારણી તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમનો પરિચય આપતા 'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવેએ જણાવ્યું હતું કે 'ખૂબ જ વ્યસ્ત હોવા છતાં 'મુંબઈ સમાચાર'ના આ કાર્યક્રમમાં હાજર રહેવા ડૉ. શ્રીકાંત શિંદેએ જે ઉમળકો બતાવ્યો એ આનંદની વાત છે. આજકાલ કેટલાક લોકો ભાષાના મુદ્દે રાજકારણ રમતા



સમારંભના દીપપ્રાગટ્ય કરી રહેલા (ડાબેથી) નીલેશ દવે, જીતુભાઈ, મહેન્દ્ર તુરખીયા અને મુંજાલ ઈવેન્ટ્સના રાજુભાઈ

જોવા મળે છે, પણ શિંદે સાહેબ છેલ્લાં કેટલાંક વર્ષથી ડોમ્બિવલીમાં નવરાત્રી મહોત્સવનું આયોજન કરે છે અને 'મુંબઈ સમાચાર' એમાં સહભાગી થાય છે. ટૂંક સમયમાં શ્રીકાંત શિંદેને કેન્દ્રીય પ્રધાનમંડળમાં સ્થાન મળવાનું છે. આપણે આશા રાખીએ કે તેઓ ડૉક્ટર છે એટલે તેમને આરોગ્ય મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવે અને એમ જો થશે તો સોનામાં સુગંધ ભળવા બરાબર થશે.' સંસદસભ્ય ડૉ. શ્રીકાંત શિંદેએ મોડા પડવા બદલ ખેદ વ્યક્ત કરી જણાવ્યું કે મારે 'મુંબઈ સમાચાર'ના કાર્યક્રમમાં સાત વાગ્યે પહોંચવાનું હતું, પણ કાર્યક્રમમાં અચાનક અણધાર્યો ફેરફાર થવાથી હું મોડો પહોંચ્યો છું એ બદલ આપ સૌની ક્ષમા માગું છું. પરિસ્થિતિ મારા હાથ બહાર હોવાથી હું કંઈ કરી શકું એમ નહોતો. મેડિકલ ફિલ્ડમાં 'લોકમ સર્જન - લોકમ ડૉક્ટર'નો રોલ અદા કરવાનો હોય છે. (લોકમ સર્જન કે લોકમ ડૉક્ટર એટલે નક્કી થયેલા સર્જન કે ડૉક્ટરને બદલે અન્ય સર્જન ઓપરેશન કરે જે ડૉક્ટર સારવાર કરે). મારે લોકપ્રતિનિધિ તરીકે એ જવાબદારી નિભાવવી પડી. આજે સવારે પિતાશ્રી (રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે) દ્રાસ - કારગિલ જઈ 'સરહદ શૌર્યથોન' ને લીલી ઝંડી દેખાડવાના હતા. જોકે, ગઈકાલે રાત્રે અચાનક તેમની તબિયત બગડતા મારે જવું પડ્યું. જોકે, હવામાન ખરાબ હોવાથી ફ્લાઈટ ઊપડતા ખાસ્સું મોડું થયું. મને એ વાતનો આનંદ છે કે 'મુંબઈ સમાચાર' આયોજિત દ્વિતીય ધન્વંતરિ અવૉર્ડના કાર્યક્રમમાં હાજર રહી લોકોના આરોગ્યનું જતન કરતા ડૉક્ટરોના સન્માન પ્રસંગે હાજર રહી શક્યો. આ વિશિષ્ટ પહેલ બદલ 'મુંબઈ સમાચાર' તેમજ તંત્રી નીલેશ દવે અભિનંદનના હકદાર છે.'

કારગિલના અનુભવનું વર્ણન કરતા શ્રીકાંત શિંદેએ જણાવ્યું કે 'મારા માટે કારગિલ પ્રવાસ 'બ્લેસિંગ ઈન ડિસગાઈસ' (છૂપું વરદાન) સાબિત થયો. આપણી સુરક્ષા માટે સરહદ પર જવાનો કેવી વિષમ પરિસ્થિતિમાં ખડેપગે ફરજ બજાવતા હોય છે એની અનેક વાતો સાંભળી હતી. આજે પ્રત્યક્ષ જોઈ હું સ્તબ્ધ થઈ ગયો. કારગિલ વોર મેમોરિયલમાં ગયો અને ટાઈગર હિલ તેમજ તોલોલિંગ ક્ષેત્ર મેં જોયા. ગાત્રો થીજાવી દે એવા વાતાવરણમાં આપણા જવાનોએ તોલોલિંગ કબ્જે કરી મહત્ત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. મનોમન એમને વંદન કર્યા.'

દ્રાસમાં આયોજિત 'સરહદ શૌર્યથોન' કાર્યક્રમ વિશે ડૉ. શિંદેએ જણાવ્યું કે 'આ મેરેથોન કેવળ એક દોડ નથી, પણ જવાનોની શૌર્યગાથા નવી પેઢી સુધી પહોંચાડવાનો પ્રયાસ છે.' શૌર્યથોનનું ઉદ્ઘાટન કરી કાશ્મીરની જનતા માટે શિવસેના પ્રતિબદ્ધ છે એ સ્પષ્ટ થયું છે. સરહદ પર તહેનાત રહેતા જવાનોના આરોગ્ય દેખભાળ માટે અગાઉના કારગિલ પ્રવાસમાં એકનાથ શિંદેએ કાશ્મીરમાં સિટી સ્કેન અને એમ્બ્યુલન્સની સુવિધા માટે આપેલા વચનની પૂર્તિ આ વખતે શ્રીકાંત શિંદેના હસ્તે થઈ હતી. ત્યારબાદ તબીબી ક્ષેત્રની વિવિધ શાખા સાથે સંકળાયેલા ડૉક્ટરોનું સન્માન ડૉ. શ્રીકાંત શિંદે અને નીલેશ દવેના હસ્તે કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્કાય લાઈન ઈન્ફ્રાફોર્જના સૌરભ મહેતા, મહેન્દ્રભાઈ તુરખિયા, જીતુભાઈ મહેતા, પ્રકાશ કામદાર, ડૉ. યોગેશ લાખાણી તેમજ મુંજાલ ઈવેન્ટ્સના રાજુભાઈ તથા ફોટોગ્રાફી માટે ઝીનલ સ્ટુડીયોનો મુંબઈ સમાચાર પરિવાર હૃદયપૂર્વક વિશેષ આભાર વ્યક્ત કરે છે.



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. મુકેશ પાનેરી



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. નીલેન શાહ



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. પરાગ સી. અજમેરા



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. પૂર્વી કુટ્ટી



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. રાજ પરીખ



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. રાજેશ મિસ્ત્રી



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. સમ્રાટ શાહ



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. સંકેત મહેતા



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. વત્સલ પરીખ





તુષાર સોનીગ્રા 'બીટ્સ સિક્સટીન' ગ્રૂપનું બહુમાન




# મેસીના મૅજિશ્યનોની દમદાર કમબૅક સાથે જીત

## ઈજિપ્તને ૩-૨થી હરાવીને ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશઃ સ્વિટ્ઝરલૅન્ડ ૭૨ વર્ષે લાસ્ટ-એઇટમાં

ઍટલાન્ટા/વૅનકુવરઃ ફિફા વર્લ્ડ કપમાં મંગળવારે રાત્રે ઈજિપ્ત સામેની પ્રી ક્વૉર્ટર ફાઈનલ મૅચમાં આર્જેન્ટિનાએ જબરદસ્ત કમબૅક કરીને વિજય મેળવ્યો હતો અને ક્વૉર્ટર ફાઈનલમાં એન્ટ્રી કરી લીધી હતી જેમાં રવિવારે સવારે એનો મુકાબલો સ્વિટ્ઝરલૅન્ડ સામે થશે.

### ૭૯મી મિનિટમાં મૅચમાં જોરદાર પરિવર્તન

લિયોનેલ મેસીના સુકાનના ડિફેન્ડીંગ ચૅમ્પિયન આર્જેન્ટિનાએ રોમાંચક જંગમાં ૩-૨થી જીત મેળવી હતી. મૅચ શરૂ થયા બાદ ૧૫મી મિનિટમાં યાસર ઇબ્રાહીમે ઈજિપ્તને પ્રથમ ગોલ અપાવીને સનસનાટી મચાવી દીધી હતી. બીજા હાફમાં ૬૭મી મિનિટમાં મોસ્તફા ઝિકોએ પણ ગોલ કરીને ઈજિપ્તની સરસાઈ ૨-૦ કરી હતી.

આ બે ગોલ સાથે આર્જેન્ટીના-તરફી હજારો પ્રેક્ષકોમાં સન્નાટો છવાઈ ગયો હતો. જોકે લિયોનેલ મેસી અને તેના સાથીઓ હિંમત નહોતા હાર્યા અને બાજી બદલાવી નાખવા વ્યૂહરચના સાથે આક્રમક બન્યા હતા.

૭૯મી મિનિટ સુધી બાજી ઈજિપ્તના જ હાથમાં હતી, પરંતુ એ મિનિટ દરમ્યાન ક્રિસ્ટિયન રોમેરોએ ગોલ કરીને ૧-૨ના સ્કોર સાથે આર્જેન્ટિના-તરફી પ્રેક્ષકોને આનંદિત કરી દીધા હતા. બસ, આર્જેન્ટિનાના કમબૅકની ત્યારે શરૂઆત થઈ ચૂકી હતી.





**મેસીની આંખોમાં હર્ષનાં આંસુઃ** લિયોનલ મેસી મંગળવારે આર્જેન્ટિનાના વિજય બાદ ખૂબ ભાવુક થઈ ગયો હતો અને તેની આંખોમાં હર્ષનાં આંસુ આવી ગયા હતા. તેણે સાથી ખેલાડીઓ સાથે મળીને મેદાન પર ઘણી વાર સુધી પરેડ રાખી હતી અને ૯૦,૦૦૦-પ્લસ પ્રેક્ષકોનું અભિવાદન મેળવ્યું હતું.

### ચાર મિનિટમાં બાજી પલટાઈ

અગાઉ મૅચ દરમ્યાન એક પેનલ્ટી કિકમાં ગોલ ન કરી શકનાર મેસીએ ૮૩મી મિનિટમાં જાદુઈ કરામતથી ગોલ કરીને સ્કોર ૨-૨ની બરાબરીમાં લાવી દીધો હતો. આર્જેન્ટિનાએ ચાર મિનિટમાં બે ગોલ કરીને આખી બાજી પલટાવી નાખી હતી. મેસી તમામ છ વર્લ્ડ કપમાં આ વખતની ટૂર્નામેન્ટમાં સર્વશ્રેષ્ઠ રમ્યો છે અને એ ઈજિપ્તના ખેલાડીઓએ તેની સાથે રમીને નજરે જોઈ લીધું. મેસીએ એક ગોલ આસિસ્ટ પણ કરાવ્યો હતો. તે પેનલ્ટી કિકની નિષ્ફળતાથી નિરાશ થયા વગર આસિસ્ટથી અને ગોલની મદદથી આર્જેન્ટિનાને જિતાડતો આવ્યો છે. મૅચ એક્સ્ટ્રા ટાઈમમાં જવાની તૈયારીમાં હતી એ પહેલાં ૯૩મી મિનિટમાં મેસીની મદદથી એન્ઝો ફર્નાન્ડેઝે ગોલ કરીને આર્જેન્ટિનાને ૩-૨થી વિજય અપાવ્યો હતો.

### ક્વૉર્ટર ફાઇનલમાં કોણ કોની સામે?

વિક્રમજનક ૪૮ દેશવાળા ફિફા વર્લ્ડ કપમાંથી ૪૦ દેશની ટીમ બહાર થઈ ગઈ છે અને આઠ ટીમ બાકી રહી છે જેમની વચ્ચે હવે ક્વૉર્ટર ફાઈનલ મુકાબલો થશે

**ફ્રાન્સ વિ. મોરોક્કો**
(ગુરુવારે મધરાત બાદ ૧.૩૦)

**સ્પેન વિ. બેલ્જિયમ**
(શુક્રવારે મધરાત બાદ ૧૨.૩૦)

**ઇંગ્લૅન્ડ વિ. નોર્વે**
(શનિવારે મધરાત બાદ ૨.૩૦)

**આર્જેન્ટિના વિ. સ્વિટ્ઝરલૅન્ડ**
(રવિવારે સવારે ૬.૩૦)

### સ્વિટ્ઝરલૅન્ડ પેનલ્ટીમાં જીત્યું

મંગળવાર મધરાત પછીની મૅચમાં સ્વિટ્ઝરલૅન્ડે કોલમ્બિયાને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવીને ૭૨ વર્ષ પછી પહેલી વખત ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ૯૦ મિનિટની મુખ્ય મૅચ અને ૩૦ મિનિટનો એક્સ્ટ્રા ટાઈમ મળીને સમગ્ર મૅચમાં બંને ટીમનો સ્કોર ૦-૦ની બરાબરીમાં હતો. પાંચ-પાંચ કિકના પેનલ્ટી શૂટઆઉટમાં સ્વિટ્ઝરલૅન્ડે ખાસ કરીને ઝાકા અને વર્ગેસના ગોલથી ૪-૩થી વિજય મેળવી લીધો હતો. ■

# ચાર સ્ટાર પર સૌની નજર



ફિફા વર્લ્ડ કપમાં હવે ખાસ કરીને આ ચાર સ્ટાર ખેલાડીઓના પર્ફોર્મન્સ પર સૌની નજી રહેશે. આર્જેન્ટિનાને સેમિ ફાઇનલમાં પહોંચવા લિયોનેલ મેસી પર, ફ્રાન્સને કીલિયાન ઍમ્બપ્પે પર, નોર્વેને હાલૅન્ડ પર અને ઇંગ્લૅન્ડને હૅરી કેન પર સૌથી વધુ ભરોસો છે. પોર્ટુગલનો રોનાલ્ડો અને બ્રાઝિલનો નેમાર આ ટૂર્નામેન્ટની બહાર થઈ ગયા છે.

### વિમ્બલ્ડનની સૌથી લાંબી ક્વૉર્ટર ફાઇનલ

# ૩૯ વર્ષનો જૉકોવિચ પચીસ વર્ષના ફેલિક્સ સામે સવાપાંચ કલાકે જીત્યો!

લંડનઃ સર્બિયાના ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન ટેનિસ પ્લેયર અને ત્રણ વર્ષથી વિક્રમજનક પચીસમું ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતવા સંઘર્ષ કરી રહેલા ૩૯ વર્ષના નોવાક જૉકોવિચે મંગળવારે અહીં વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપની ક્વૉર્ટર ફાઇનલ જીતીને વિક્રમજનક ૧૫મી વખત સેમિ ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. પચીસમું ટાઇટલ હવે તેનાથી માત્ર બે ડગલાં દૂર છે. જૉકોવિચનો મુકાબલો સેમિમાં વર્લ્ડ નંબર-વન યાનિક સિનર સામે થશે. છેલ્લા એક વર્ષમાં જૉકોવિચ-સિનર એકમેકને એક વખત મોટી ટૂર્નામેન્ટમાં હરાવી ચૂક્યા છે.

### સવાપાંચ કલાકમાં પાંચ સેટ

જૉકોવિચ અને કૅનેડાના ફેલિક્સ ઑઝાય આલીયાસીમ વચ્ચેની પાંચ સેટની ક્વૉર્ટર ફાઇનલ પાંચ કલાક અને ૧૫ મિનિટ સુધી ચાલી હતી જેમાં છેવટે જૉકોવિચે ૧૨-૧૦, ૩-૬, ૬-૩, ૪-૭, ૧૦-૪થી વિજય મેળવ્યો હતો. વિમ્બલ્ડનના ઇતિહાસમાં આ સૌથી લાંબી ક્વૉર્ટર ફાઇનલ હતી. સેન્ટર કોર્ટ પરના આ મુકાબલામાં જૉકોવિચે ફેલિક્સને આગળ-પાછળ ખૂબ દોડાવ્યો હતો.

### મહિલાઓની સેમિ લાઇન-અપ નક્કી થઈ

મહિલા વર્ગમાં માર્ટા કૉસ્ત્યૂકે ક્વૉર્ટરમાં જાસ્મિન પાઓલિનીને ૬-૩, ૬-૨થી હરાવી હતી. બીજી ક્વૉર્ટરમાં લિન્ડા નૉસ્કોવાએ એલિસ મર્ટેન્સને ૬-૩, ૭-૫થી હરાવીને સેમિમાં પ્રવેશ કર્યો હતો. અમેરિકાની કૉકો ગૉફ મંગળવારે જેસિકા પેગુલાને ૪-૬, ૬-૩, ૬-૩થી હરાવીને તથા કૅરોલિના મુહોવા જાપાનની નાઓમી ઓસાકાને ૭-૪, ૬-૪થી હરાવીને સેમિમાં પહોંચી ગઈ હતી. ગુરુવારે સેમિમાં કૉકો-મુહોવા વચ્ચે અને કૉસ્ત્યૂક-નૉસ્કોવા વચ્ચે ટક્કર થશે. ■

# આવતી કાલથી લૉર્ડ્સમાં પહેલી વાર મહિલા ટેસ્ટઃ ઇંગ્લૅન્ડ સાથે ભારત પણ રચશે નવો ઇતિહાસ

## ક્રિકેટના આ મક્કામાં પુરુષોની પ્રથમ ટેસ્ટ ૧૮૮૪માં રમાઈ

લંડનઃ લૉર્ડ્સનું ક્રિકેટ સ્ટેડિયમ ક્રિકેટની રમતનું મક્કા ગણાય છે અને અહીં શુક્રવાર, ૧૦મી જુલાઈએ (બપોરે ૩.૩૦ વાગ્યાથી લાઇવ) ભારત તથા ઇંગ્લૅન્ડની મહિલા ટીમ વચ્ચે ચાર દિવસીય ટેસ્ટ-મૅચ શરૂ થશે અને એ સાથે મહિલા ક્રિકેટના ઇતિહાસમાં નવું પ્રકરણ શરૂ થશે જેમાં ભારતનું નામ અચૂક લખાશે.

હરમનપ્રીત કૌર ભારતીય ટીમની કૅપ્ટન છે, જ્યારે વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં ચૅમ્પિયન ટીમ મુંબઈ ઇન્ડિયન્સ વતી હરમનના સુકાનમાં રમી ચૂકેલી ઑલરાઉન્ડર નૅટ-સિવર-બ્રન્ટ ઇંગ્લૅન્ડની સુકાની છે. હજી ત્રણ દિવસ પહેલાં (રવિવારે) લૉર્ડ્સમાં ઇંગ્લૅન્ડની ટીમ મહિલા ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા સામે હારી ગઈ હોવાથી તેમનો જોશ થોડો ઓછો હશે, પણ ભારત સામે ચાર દિવસની ટેસ્ટ રમાશે એટલે એ અલગ ફૉર્મેટમાં બ્રિટિશ ટીમ નવા અવતાર સાથે રમવા ઉતરશે.

### ૧૯૯૯ સુધી મહિલાઓને એન્ટ્રી નહોતી!

માર્ચ, ૧૯૯૯ સુધી લૉર્ડ્સમાં ક્રિકેટના ઘડવૈયા મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી)માં તેમ જ પૅવિલિયનમાં મહિલા પ્રેક્ષકોને આવવાની મનાઈ હતી, પરંતુ ૨૭ વર્ષ બાદ હવે નૅટ સિવર-બ્રન્ટના નેતૃત્વમાં ઇંગ્લૅન્ડની મહિલા ટીમ શાનથી એ જ ઐતિહાસિક સ્થાનમાંથી (લૉન્ગ રૂમમાંથી પસાર થઈને) મેદાન પર આવશે અને ભારત સામેનો ટેસ્ટ જંગ શરૂ કરશે.

### મહિલાઓ માટે કેમ આટલો સમય લાગ્યો?

લૉર્ડ્સમાં પહેલી વખત પુરુષોની ટેસ્ટ જુલાઈ, ૧૮૮૪માં (૧૪૨ વર્ષ પહેલાં) ઇંગ્લૅન્ડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ હતી જેમાં લૉર્ડ હૅરિસના સુકાનમાં ઇંગ્લૅન્ડે બિલી મુર્ડોકની ઑસ્ટ્રેલિયન ટીમ સામે એક દાવ અને પાંચ રનથી વિજય મેળવ્યો હતો.



હરમનપ્રીત કૌર ભારતની અને નૅટ સિવર-બ્રન્ટ ઇંગ્લૅન્ડની કૅપ્ટન છે.

### લૉર્ડ્સ ગ્રાઉન્ડના ચમકારા...

(૧) લૉર્ડ્સમાં પ્રથમ મહિલા ક્રિકેટ મૅચ ૫૦ વર્ષ પહેલાં રમાઈ હતી.

(૨) ઇંગ્લૅન્ડમાં મહિલાઓની ટેસ્ટ મૅચો ૧૯૩૭થી રમાય છે. કુલ પંચાવન ટેસ્ટ ઇંગ્લૅન્ડમાં કુલ ૧૯ સ્થળે રમાઈ છે, પણ ક્યારેય લૉર્ડસમાં વિમેન્સ ટેસ્ટ નથી રમાઈ.

(૩) છેક ૨૦૨૩માં ઇન્ડિપેન્ડન્ટ કમિશન ફૉર ઇક્વાલિટી ઇન ક્રિકેટ નામની સંસ્થાએ લૉર્ડસમાં ક્યારેય ટેસ્ટ મૅચ ન રાખવા બદલ નર્યો ભેદભાવ થઈ રહ્યો હોવાનો અહેવાલ આપ્યો હતો અને ત્રણ વર્ષે (૨૦૨૬માં) એ અહેવાલનો પડઘો પડ્યો અને એમસીસીએ (છેક ૧૪૨ વર્ષે) લૉર્ડ્સમાં પહેલી વખત મહિલાઓની ટેસ્ટ રાખવાનો નિર્ણય લેવો પડ્યો. બ્રિટિશ મહિલા ટીમની હેડ-કોચ શાર્લોટ એડવર્ડ્સ કહે છે, ‘અમારી ટીમ માટે તેમ જ ભારત માટે આ ઐતિહાસિક ટેસ્ટ મૅચ છે.’

(૪) ભારતીય મહિલા ટીમને ઇંગ્લૅન્ડે ટેસ્ટમાં હરાવ્યું હોય એવું ૧૯૯૫માં (૩૧ વર્ષ પૂર્વે) બન્યું હતું. એ ટેસ્ટ જમશેદપુરમાં રમાઈ હતી. એટલે ભારત ૧૯૯૫ પછી ઇંગ્લૅન્ડ સામે ટેસ્ટ નથી હાર્યું.

(૫) બન્ને દેશ વચ્ચે ૧૫ ટેસ્ટ રમાઈ છે જેમાંથી ત્રણ ભારતે અને એક ઇંગ્લૅન્ડે જીતી છે. ૧૧ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી છે.

(૬) મહિલા ટેસ્ટ પાંચ નહીં, પણ ચાર દિવસની હોય છે. દરેક દિવસે ઓછામાં ઓછી ૧૦૦ ઓવર બોલિંગ થવી જોઈએ. ફૉલો-ઑનના માપદંડ માટેના રન ૨૦૦ નહીં, પણ ૧૫૦ હોય છે.

(૭) મહિલાઓમાં પાંચ દિવસની ફક્ત બે ટેસ્ટ રમાઈ છે અને એમાં પાંચમા દિવસે રમવું મહિલા ખેલાડીઓને ખૂબ ગમ્યું હતું.

(૮) ભારતીય મહિલાઓની ટેસ્ટ છેલ્લે આ વર્ષના માર્ચમાં ઑસ્ટ્રેલિયા સામે રમાઈ હતી. એ પિન્ક બૉલ ટેસ્ટમાં ભારત ૧૦ વિકેટે હારી ગયું હતું. ૨૦૨૫માં ભારતની એકેય ટેસ્ટ નહોતી રમાઈ અને ૨૦૨૪માં ફક્ત એક ટેસ્ટ રમાઈ હતી. ઇંગ્લૅન્ડની મહિલા ટેસ્ટ છેલ્લે જાન્યુઆરી, ૨૦૨૫માં રમાઈ હતી.

(૯) ઇંગ્લૅન્ડમાં (મિતાલી રાજના સુકાનમાં) ભારતીય મહિલા ટીમ છેલ્લે ૨૦૧૪માં (વૉર્મ્સ્લીમાં) રમાઈ હતી જેમાં સ્મૃતિ મંધાના સારું રમી હતી.

(૧૦) બૅટર હર્લીન દેઓલ, સ્પિનર શ્રી ચરની તથા ફાસ્ટ બોલર નંદની શર્મા ભારતની ટેસ્ટ ટીમમાં છે અને તેઓ ટેસ્ટમાં ડેબ્યૂ કરશે. ઓપનર પ્રતીકા રાવલ ઈજાને લીધે નથી રમવાની. તેના સ્થાને પ્રિયા પુનિયાને ટીમમાં સમાવાઈ છે.

### બન્ને દેશની સ્ક્વૉડ

**ભારતઃ** હરમનપ્રીત કૌર (કૅપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કૅપ્ટન), શેફાલી વર્મા, રિચા ઘોષ (વિકેટકીપર), જેમિમા રૉડ્રિગ્સ, યસ્તિકા ભાટિયા (વિકેટકીપર), દીપ્તિ શર્મા, હર્લીન દેઓલ, ક્રાંતિ ગૌડ, પ્રિયા પુનિયા, સ્નેહ રાણા, રેણુકા સિંહ, સાયલી સતઘરે, નંદની શર્મા અને શ્રી ચરની.

**ઇંગ્લૅન્ડઃ** નૅટ સિવર-બ્રન્ટ (કૅપ્ટન), એમી જોન્સ (વિકેટકીપર), ટૅમી બ્યૂમૉન્ટ, લૉરેન બેલ, હીધર નાઇટ, માઇયા બાઉચિયર, ઍલિસ કૅપ્સી, ટિલી કૉર્ટીન-કોલમેન, સૉફી એક્લ્સ્ટન, લૉરેન ફ્લાયર, એમ્મા લૅમ્બ, ગ્રેસ પૉટ્સ, એલનૉર થ્રેકેલ્ડ, મૅડી વિલિયર્સ અને ઇસ્સી વૉન્ગ. ■

# ગાંગુલીને જન્મદિનની ભેટ!: આઇસીસીના હૉલ ઑફ ફેમમાં સામેલ

## આ સન્માન મેળવનાર ભારતનો ૧૨મો ક્રિકેટર

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટના શ્રેષ્ઠ કૅપ્ટનોમાં ગણાતા અને અવ્વલ દરજ્જાના બૅટ્સમૅન સૌરવ ગાંગુલીને બુધવારે ૫૪મા જન્મદિને આઇસીસી તરફથી અનેરી ભેટ મળી હતી. આ સર્વોચ્ચ ક્રિકેટ સંસ્થાએ તેનો સમાવેશ હૉલ ઑફ ફેમમાં કર્યો હતો. ગાંગુલી આ સન્માન મેળવનાર ભારતનો ૧૨મો ક્રિકેટર છે. અગાઉના ૧૧ ક્રિકેટરમાં બિશનસિંહ બેદી, સુનીલ ગાવસકર, કપિલ દેવ, અનિલ કુંબલે, રાહુલ દ્રવિડ, સચિન તેન્ડુલકર, વિનુ માંકડ, ડાયના એદલજી, વીરેન્દર સેહવાગ, એમએસ ધોની અને નીતુ ડેવિડનો સમાવેશ છે. ■



### ફક્ત ૭૬ રન બનાવ્યા અને ૧૨૫ રનથી હાર્યા

# ભારતના ટી-૨૦ ઈતિહાસમાં સૌથી ખરાબ પરાજય

ટ્રેન્ટ બ્રિજ (નૉટિંગમ): ૨૦૦૭નો સૌથી પહેલો ટી-૨૦ વર્લ્ડ કપ ભારત જીત્યું હતું અને ૨૦૨૪ તથા ૨૦૨૬ના બે લેટેસ્ટ ટી-૨૦ વિશ્વ કપમાં પણ ભારતે ચૅમ્પિયનપદ મેળવ્યું હતું, પરંતુ મંગળવારે અહીં ઇંગ્લૅન્ડ સામે જે બન્યું એ જોતાં ભારતના ટી-૨૦ ઈતિહાસનો સૌથી ખરાબ અને શર્મનાક દિવસ બન્યો.

વર્લ્ડ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર-વન ભારતે શ્રેયસ ઐયરની કૅપ્ટન્સીમાં અને ગૌતમ ગંભીરના કોચિંગમાં રનની ગણતરીએ સૌથી ખરાબ પરાજય જોયો.

ભારતે વર્લ્ડ નંબર-ટૂ ઇંગ્લૅન્ડને પહેલાં બૅટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું જેમાં એણે ખાસ કરીને ઓપનર ફિલ સૉલ્ટ (૭૦ રન, ૪૪ બૉલ, ત્રણ છગ્ગા, સાત ચોગ્ગા)ની મદદથી સાત વિકેટે ૨૦૧ કર્યા હતા. જવાબમાં ભારતીયો ૧૧.૪ ઓવરમાં બનાવેલા ફક્ત ૭૬ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગયા હતા. એ સાથે, ભારતે ૧૨૫ રનના તોતિંગ તફાવતથી હાર જોવી પડી. આ પહેલાં ભારત ક્યારેય ૧૦૦ રનના માર્જિનથી પણ નહોતું હાર્યું. વધુમાં વધુ ભારતનો ૮૦ રનથી પરાજય થયો હતો અને એ મૅચ છેક ૨૦૧૯માં (સાત વર્ષ પહેલાં) વેલિંગ્ટનમાં ન્યૂ ઝીલૅન્ડ સામે રમાઈ હતી. એ જોતાં, ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં ભારતીય ટીમનું હવે જોરદાર પતન થયું કહેવાય.

### બંને મૅચ જીતવી જરૂરી

હવે ચોથી ટી-૨૦ ગુરુવારે (રાત્રે ૧૦ વાગ્યાથી) અને છેલ્લી ટી-૨૦ શનિવારે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) રમાશે. ૨-૦ની સરસાઈ બદલ ઇંગ્લૅન્ડ હવે આ સિરીઝ હારશે નહીં. જોકે ભારતે શ્રેણી ૨-૨થી ડ્રો કરાવવા માટે છેલ્લી બંને મૅચ જીતવી જ પડશે.

### નવાસવા વૈભવના ૧૩ રન હાઈએસ્ટ

બહુ ગાજેલો ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી મંગળવારે છગ્ગા પર છગ્ગા મારવાની ઉતાવળમાં માત્ર ૧૩ રને વિકેટ ગુમાવી બેઠો હતો જેમાં તેની બે સિક્સર સામેલ હતી.

### વૈભવની વિકેટ રાજસ્થાનના જ સાથી જોફ્રાએ લીધી

ટીનેજ-સ્ટાર વૈભવ સૂર્યવંશી તાજેતરમાં જ આઈપીએલમાં રાજસ્થાન રોયલ્સ વતી ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર સાથે રમી ચૂક્યો છે. મંગળવારે જોફ્રાના જ બૉલમાં વૈભવે (પોતાના પાંચમા જ બૉલ પર) હૂક શૉટ મારવાની લાલચમાં વિકેટકીપર જૉસ બટલરને આસાન કૅચ આપી દીધો હતો. ઈશાન કિશને પણ ફક્ત ૧૩ રન કર્યા હતા. બંનેના આ ૧૩-૧૩ રન ટીમમાં હાઈએસ્ટ હતા જે વર્લ્ડ ચૅમ્પિયન ટીમ ઇન્ડિયા માટે શરમજનક કહેવાય. ઇંગ્લૅન્ડના કૅપ્ટન હૅરી બ્રુકે છમાંથી બે બોલર સૅમ કરૅન અને લિઆમ ડૉસનને બોલિંગ આપવાની જરૂર પણ નહોતી પડી. ઇંગ્લૅન્ડ વતી પેસ બોલર જૉશ ટન્ગે સૌથી વધુ ચાર વિકેટ, જોફ્રા આર્ચરે ત્રણ વિકેટ, સ્પિનર રાશીદે બે વિકેટ અને બીજા સ્પિનર વિલ જૅક્સે એક વિકેટ લીધી હતી.

### નિષ્ફળ બૅટ્સમેનોની લાંબી કતાર

વૈભવ અને ઈશાન ઉપરાંત બીજા બૅટ્સમેનો પણ સદંતર ફ્લોપ રહ્યા હતા અભિષેક શર્મા (૧૦ રન), કૅપ્ટન શ્રેયસ ઐયર (પાંચ રન), વાઇસ કૅપ્ટન તિલક વર્મા (ત્રણ રન), અક્ષર પટેલ (૧૦ રન) અને શિવમ દુબે (બે રન).

### પ્રિન્સ અને હર્ષિતની બે-બે વિકેટ

બૅટિંગ મળ્યા પછી ઇંગ્લૅન્ડે સાત વિકેટે જે ૨૦૧ રન કર્યા હતા એમાં સૅમ કરૅનનું અણનમ ૪૧ રનનું પણ યોગદાન હતું. ભારત વતી પેસ બોલર પ્રિન્સ યાદવે બે વિકેટ, હર્ષિત રાણાએ પણ બે વિકેટ અને સ્પિનર અક્ષર પટેલે એક વિકેટ લીધી હતી. અર્શદીપ, શિવમ અને વરુણ ચક્રવર્તીને એકેય વિકેટ નહોતી મળી.

### જોફ્રા આર્ચર મૅન ઑફ ધ મૅચ

વૈભવ, શ્રેયસ અને અક્ષરની વિકેટ લઈને ભારતનો ટૉપ-ઑર્ડર તોડાવવામાં સૌથી મોટી ભૂમિકા ભજવનાર જોફ્રા આર્ચરને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ■

# અમારો પર્ફોર્મન્સ બેહદ ખરાબ, આવું જરાય ન ચાલેઃ શ્રેયસ

ટ્રેન્ટ બ્રિજઃ કૅપ્ટન શ્રેયસ ઐયર મૅચ પછી અત્યંત નિરાશ હતો. તેણે કહ્યું, ‘અમારો આ પરાજય બેહદ ખરાબ છે. કેટલા બધા મોટા માર્જિનથી અમે હારી ગયા, આ જરાય સ્વીકાર્ય નથી. સૌથી પહેલાં તો અમારે એ જોવું પડશે કે આટલી ખરાબ રીતે હાર્યા કઈ રીતે. અમારે આ બાબતમાં ગહન ચર્ચા કરવી પડશે અને જે ભૂલો થઈ એ સુધારવી જ પડશે. ભૂતકાળ વિશે વધુ પડતું વિચારવાને બદલે વધુ મજબૂતી સાથે પાછા મેદાન પર ઊતરવું જોઈશે. ખેલાડીઓએ વ્યક્તિગત રીતે ટીમને તે કઈ રીતે ઉપયોગી બનશે એના પર ખાસ વિચાર કરવો જોઈશે. ટ્રેન્ટ બ્રિજની પિચ ઉપર ૨૦૦ રન થાય એવી હતી જ નહીં. અમે પાવરપ્લેમાં ચાર વિકેટ ગુમાવી ત્યારે જ અમે મૅચ પરથી પકડ ગુમાવી હતી. ટીમની મીટિંગમાં યોજના બધી ઘડીએ, પણ મેદાન પર ઊતરો એટલે એનો અમલ થવો જરૂરી છે. કેવી પિચ પર કેટલી લેન્ગ્થમાં બૉલ ફેંકવો એ બોલરના ધ્યાનમાં હોવું જોઈએ. હાર્ડ લેન્ગ્થ (બૅક-ઑફ-અ-લેન્ગ્થ) બૉલ રમવામાં બૅટ્સમેનોને ખૂબ તકલીફ થતી હતી, પણ અમે એવા બૉલનો બરાબર અમલ ન કર્યો.’ ■

# બર્થ-ડે બૉય ધોનીની નજર સામે ટીમ ઇન્ડિયા સૌથી ખરાબ રીતે હારી


## ૪૫મા જન્મદિને માહીએ ઇશારાથી ચાહકને કહ્યું, ‘હવે મારી ઉંમર થઈ...દાઢી સફેદ થઈ ગઈ...બરાબર ચાલી પણ નથી શકતો’



ટ્રેન્ટ બ્રિજઃ ૨૦૦૭માં ભારત એમએસ ધોનીના સુકાનમાં સૌથી પહેલો ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યું હતું અને એ ઉપરાંત માહીના નેતૃત્વમાં ભારત અનેક મૅચો જીત્યું છે, પણ મંગળવારે સાતમી જુલાઈએ ટીમ ઇન્ડિયાએ ટ્રેન્ટ બ્રિજના એક સ્પેશિયલ લાઉન્જમાં બેઠેલા બર્થ-ડે બૉય ધોનીને ખૂબ નિરાશ કર્યો હતો. ધોનીની નજર સામે શ્રેયસ ઍન્ડ કંપનીનો ઇંગ્લૅન્ડ સામે ૧૨૫ રનથી પરાજય થયો હતો અને ભારતના ટી-૨૦ ઇતિહાસમાં આ સૌથી ખરાબ પરાજય હતો.

મંગળવારે ધોનીનો ૪૫મો જન્મદિન હતો અને એને તેણે સ્ટેડિયમમાં ભારતની મૅચ જોઈને ઉજવવાનું નક્કી કર્યું હતું, પણ ભારતીયો પોતાના ટી-૨૦ ઇતિહાસમાં (રનના માર્જિનની ગણતરીએ) સૌથી ખરાબ રીતે હારી ગયું. બીજી રીતે કહીએ તો ધોનીની હાજરી પણ ઘણા યુવા ખેલાડીઓથી બનેલી ભારતની ટી-૨૦ ટીમને જીતાડી નહોતી શકી. માહી સ્ટૅન્ડમાં ઊભો હતો ત્યારે કેટલાક ચાહકોએ તેને કહ્યું કે નિવૃત્તિ પાછી ખેંચીને ફરી ભારત વતી રમવા આવી જા. ધોનીએ ઇશારાથી ચાહકને કહ્યું, ‘હવે મારી ઉંમર થઈ...દાઢી સફેદ થઈ ગઈ...હું બરાબર ચાલી પણ નથી શકતો.’

ધોની છેલ્લે ૨૦૧૯માં વન-ડે વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં ભારત વતી રમ્યો હતો. તેણે ૨૦૨૦માં રિટાયરમેન્ટ જાહેર કરી દીધું હતું. તેણે દોઢ દાયકાની શાનદાર કરીઅરમાં કુલ ૫૩૮ મૅચમાં ૧૭,૨૬૬ રન બનાવ્યા હતા અને સ્ટમ્પ્સની પાછળથી ૮૨૯ શિકાર કર્યા હતા. ■




# એકલી-અટૂલી હું મારી એકલતા સામે ઝૂઝતી રહી

**કથા કોલાજ**
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

(ભાગઃ ૮)

નામઃ અરુંધતિ રૉય
સમયઃ ૨૦૨૬
સ્થળઃ દિલ્હી
ઉંમરઃ ૬૪ વર્ષ

**લગ્ન** તૂટે છે ત્યારે દરેક વ્યક્તિની અંદર પણ કંઈ તૂટી જાય છે. સાથે જીવેલો સમય, સુખની ક્ષણો અને એકમેક સાથે વિતાવેલી સંઘર્ષ અથવા સમસ્યાની પળો પણ જાણે કે વહેંચાઈ જાય છે. બંને વ્યક્તિ પોતપોતાનો સંઘર્ષ લઈને પોતપોતાના જગત તરફ નીકળી જાય છે, પરંતુ પોતાના અસ્તિત્વનો એક ભાગ એ પોતાના સ્પાઉસ પાસે છોડી જાય છે અને પોતાના સ્પાઉસનો એક ટુકડો તોડીને એ વ્યક્તિ પોતાની સાથે લઈ જાય છે... ગોવા છોડ્યા પછી ક્યાં જવું એની મને ખબર નહોતી. એટલે હું પાછી દિલ્હી આવી. અહીં જીવવા માટે, સારી રીતે જીવવા માટે પૈસા જોઈશે જ એ મને સમજાઈ ગયું હતું. હું નાનાં-મોટાં ફ્રિલાન્સ કામ કરતી હતી ત્યારે મને મારા એક મિત્રએ નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ અર્બન અફેર્સમાં એક સારી પોસ્ટ પર નોકરી છે એવી માહિતી આપી. મેં ઍપ્લાય કર્યું અને મને નોકરી મળી ગઈ! હવે દિલ્હીમાં એક સારી આરામદાયક જિંદગીની શરૂઆત થઈ. નવાઈની વાત એ છે કે લડતાં-ઝઘડતાં બે જણા સાથે જીવતા હોય ત્યારે એકલતાનો વિચાર પણ નથી આવતો, પરંતુ આપણી પ્રિય વ્યક્તિને છોડી દીધા પછી એકલતા ઘેરી વળે છે. દિલ્હીના એ દિવસોમાં મારી ભૂલમાંથી શીખ્યા પછી મેં પુરુષોની સાથે એક અંતર જાળવવાનું શરૂ કર્યું. મિત્રો ઘણા હતા, પણ ઇમોશનલ એટેચમેન્ટ ન થાય એનું હું ખાસ ધ્યાન રાખતી હતી. લાંબા સમય સુધી હું સ્વયંને જ શોધતી રહી. આર્કિટેક્ચર ભણ્યા પછી એક સારી નોકરી હાથમાં હતી, એ સિવાય મારી પાસે એવું કંઈ જ નહોતું જે બતાવીને હું મેરી રૉયને કહી શકું કે જો! હું એક સારી જિંદગી જીવું છું.

એ દિવસોમાં લલિત-મારો ભાઈ પણ દિલ્હીમાં રહેતો. અમે અવાર-નવાર મળતા. એ મારી માને ક્યારેય ધિક્કારી ન શક્યો, મને એની નવાઈ લાગે છે. મેરી રૉયના હાથનો આટલો બધો માર ખાધા પછી, વાંક વગર અપમાનિત થયા પછી કે મેરીની બધી કડવાશનો, અભાવોનો ભોગ બન્યા પછી પણ લલિતે કોઈ દિવસ માને ધિક્કારી નહીં, બલ્કે એ નિયમિત કેરાલા જતો. હું લગભગ આઠ વર્ષ સુધી એને મળવા ન ગઈ ને એણે પણ મને બોલાવાનો કે મારો સંપર્ક કરવાનો પ્રયાસ ન કર્યો. આમ તો અમે બંને એક જેવા જ છીએ અથવા, હું એના જેવી છું એવું મને હવે સમજાતું જાય છે...

ડિપ્રેશનના દિવસોમાં પણ મેં કોઈ દિવસ મેરીને ફોન કરીને મારી તકલીફ જણાવવાનો પ્રયત્ન નથી કર્યો. સાચું કહું તો મને એને ફોન કરવાનો વિચાર જ નથી આવ્યો... એકલી-અટૂલી હું મારી એકલતા સામે ઝૂઝતી હતી એ વખતે મારી મુલાકાત પ્રદીપ કિશન સાથે થઈ. ૧૯૮૩નો સમય હશે. પ્રદીપ એક ફિલ્મ મેકર હતા. ભારતીય આર્ટ સિનેમા અને ઇન્ટેલેક્ચ્યુઅલ વર્તુળોમાં એ જાણીતા હતા. અમારા ઘણા બધા કૉમન મિત્રો હતા. પ્રદીપ કિશન સ્વભાવે શાંત અને સંવેદનશીલ હતા. અમારી વચ્ચે વાંચનનો શોખ પણ સામાન્ય હતો. પરંપરાગત ફિલ્મી લોકો વિશે હું જે માનતી હતી એમાંનું કશું જ પ્રદીપમાં નહોતું. એમને ગ્લૅમર કે નૉર્મલ ફિલ્મી દુનિયા સાથે કંઈ લેવાદેવા નથી. અમે મળ્યા પછી અમારી વચ્ચે એક વિચિત્ર પ્રકારની દોસ્તી પાંગરી. જેમાં અમે માત્ર પુસ્તકો વિશે, ફિલ્મો વિશે કે જીવનની ફિલોસોફી વિશે વાતો કરતા. એ વખતે પ્રદીપ હિન્દી ભાષામાં 'મેસી સાહેબ' (રઘુબીર યાદવ) નામની ફિલ્મ બનાવતા હતા. એમણે એ ફિલ્મમાં મને એક નાનકડો રોલ ઑફર કર્યો. મને ખૂબ હસવું આવ્યું. હું બીજું કંઈ પણ હોઈ શકું, ઍક્ટર તો નહીં જ! જોકે, પ્રદીપને વિશ્વાસ હતો કે એ રોલ માટે હું જ એપ્ટ હતી... ખેર, મેં એ બકરી ચરાવતી છોકરીનો રોલ કર્યો. બ્લાઉઝ વગરની સાડી પહેરીને, કાળી, મેકઅપ વગરની અરુંધતિને સ્ક્રીન પર જોવાની મને પણ મજા તો આવી! અમે ધીમે ધીમે નિકટ આવવા લાગ્યા, પણ અમારી વચ્ચે કોઈ રોમાન્સ કે પ્રેમ હતો એવું હું આજે પણ ન કહી શકું!

જેરાર્ડની સાથેનો સંબંધ એક ઝંઝાવાતી, તોફાની, વિદ્રોહી સંબંધ હતો. જ્યારે પ્રદીપ સાથેનો સંબંધ સર્જનાત્મક, ભાવાત્મક અને સ્થિર સંબંધ હતો. અમે બંને ભીતરથી એકલાં હતાં, અને એકલાં રહેવા માગતાં હતાં! છતાં અમને એકબીજાનો સાથ ગમતો હતો! અમે એકબીજાના એકાંતને સન્માન આપી શકતાં. એકબીજાની સર્જનાત્મકતાનો આદર કરી શકતાં. રાજકારણ, ભાષા, કલા, ફિલ્મો અને સંસ્કૃતિ જેવી કેટલીયે બાબતો પર અમે વાતો કરી શકતાં. પહેલાં અમે સાથે રહેવા લાગ્યાં અને પછી પ્રદીપના કહેવાથી અમે લગ્ન કર્યાં. જોકે, પ્રદીપ ભલે મારા જીવનનો આધાર હોય, પરંતુ હું ભીતરથી અશાંત જ રહી. બાળપણની કેટલીક સ્મૃતિઓમાંથી હું મુક્ત થઈ શકતી નહોતી. મેં થોડો વખત થેરાપી પણ કરી. મનોચિકિત્સક સાથેની વાતચીતમાં પણ મને એ જ સમજાયું કે મેરી રૉયની હાજરી પરોક્ષ રીતે પણ મારા જીવનમાં હંમેશાં રહી. હું ક્યારેક મારા જીવનના અભાવો વિશે એટલી બધી સંવેદનશીલ થઈ જતી કે મને સંભાળવી અઘરી થઈ પડતી. મેં અને પ્રદીપે સાથે મળીને ત્રણેક ફિલ્મો પર કામ કર્યું. જેનું લેખન મેં કર્યું અને દિગ્દર્શન પ્રદીપે કર્યું. એ ફિલ્મોને કાન્સ અને બીજા અનેક ફેસ્ટિવલમાં સન્માન મળ્યું, પરંતુ પતિ-પત્ની તરીકે અમે બહુ રોમેન્ટિક કે ગ્લૅમરસ ન રહી શક્યાં. મારું રાજકીય વિસ્ફોટક લખાણ, મારા ઉદ્દામવાદી વિચારો અને એકથી બીજા અંતિમ સુધી ઝૂલતા રહેવાની મારી માનસિકતાએ મને ક્યાંય સ્થિર થવા દીધી નહીં.

હું જ્યારે લખતી ત્યારે સિસ્ટમ સામેનો વ્યંગ, શહેર અને સત્તા પ્રત્યેનો અણગમો, પ્રજાના દુઃખને હાસ્ય બનાવીને એક જુદા જ પ્રકારના લખાણ સાથે ધીમે ધીમે મારું કામ લોકપ્રિય થવા લાગ્યું. નાગરિકો સામે પોતાની શક્તિનો દુરુપયોગ કરતા નેતાઓ, કશ્મીર, છત્તીસગઢ અને ઉત્તર-પૂર્વ ભારત જેવાં રાજ્યોમાં ચાલતા સૈનિકીકરણ અને રાજકીય હિંસા, કહેવાતા ડેવલપમેન્ટ મોડલ અને ગ્લોબલાઇઝેશન સામેનો વિરોધ, અમેરિકાનું આધિપત્ય અને એની યુદ્ધખોર શૈલીથી શરૂ કરીને એવા વિષયો પર હું લખતી રહી જે ધીમે ધીમે ચર્ચાસ્પદ બનવા લાગ્યા. લોકોને મારું લખાણ ગમવા લાગ્યું અને મિત્રો આગ્રહ કરવા લાગ્યા કે મારે પુસ્તકો લખવાં જોઈએ. મને પણ લખાણમાં મારો સ્વર મળવા લાગ્યો. અત્યાર સુધી જે ભટકતી, અસ્થિર છોકરી વારંવાર મને વિચલિત કરતી હતી એને જાણે એક અભિવ્યક્તિ મળવા લાગી... પ્રદીપ મારા આ અંતિમવાદી વિચારો અને સિસ્ટમ સામેના આક્રોશ સાથે બહુ સહમત નહોતા, જોકે એમણે મને ક્યારેય રોકી નથી. ધીમે ધીમે મારું બહાર ફરવાનું વધ્યું, મિત્રવર્તુળ બદલાયું. હું જે પ્રકારના લોકો સાથે ઊઠવા-બેસવા લાગી કે મારો સંબંધ વધવા લાગ્યો એ પ્રદીપ માટે બહુ આરામદાયક વ્યવસ્થા નહોતી.

૧૯૯૨માં પ્રદીપથી અલગ થવાનું નક્કી કર્યું ત્યારે અમે પરંપરાગત રીતે ઝઘડીને એકબીજા પરત્વે અણગમો ધરાવતાં પતિ-પત્નીની જેમ છૂટાં નથી પડ્યાં. આજે પણ હું અને પ્રદીપ સારા મિત્રો છીએ. બે બુદ્ધિશાળી વ્યક્તિઓ એકબીજા સાથેના મતભેદને આદરથી સ્વીકારે એમ અમે એકબીજા સાથેના તમામ તફાવતોને સ્વીકારીને અલગ રહેવા લાગ્યાં. મેં પુસ્તક લખવાની શરૂઆત કરી. 'ગૉડ ઑફ સ્મૉલ થિંગ્સ'નો પહેલો ડ્રાફ્ટ મારા એકાંતમાંથી જન્મ્યો. હું એ જ પુસ્તક પર ફરી ફરીને કામ કરતી રહી. દરેક વખતે મને લાગતું કે હજી જે રીતે અને જે મુદ્દો કહેવાવો જોઈએ એ અનુભૂતિ બનતી નથી. ચાર-પાંચ વર્ષ પછી ૧૯૯૭માં પુસ્તક પ્રકાશિત થયું. એને બુકર પ્રાઇસ મળ્યું. આ આંતરરાષ્ટ્રીય સ્તરે બહુ મોટી ઘટના હતી, કારણ કે પહેલી જ નવલકથાને બુકર પ્રાઇસ મળે એવું આજ સુધી કોઈ લેખક સાથે બન્યું નથી...

એ પછી ઘણા પ્રકાશકોએ મારો સંપર્ક કર્યો. નવી નવલકથા માટે ઍડ્વાન્સ પૈસા આપવા પણ તૈયાર હતા, પરંતુ હું એક ઍક્ટિવિસ્ટ અથવા સામાજિક જવાબદાર વ્યક્તિ તરીકે એટલી વ્યસ્ત હતી કે નવલકથા લખવાનું બન્યું નહીં. બીજી નવલકથા 'ધ મિનિસ્ટ્રી ઑફ અટમોસ્ટ હૅપીનેસ' લગભગ સાત વર્ષ સુધી લખાતી રહી. વીસ વર્ષ પછી ૨૦૧૭માં એ પુસ્તક પ્રગટ થયું ત્યારે એને પણ એટલો જ આવકાર અને સ્નેહ મળ્યા.

---

**લાફ્ટર આફ્ટર** | પ્રજ્ઞા વશી
feedback.ladki@ bombaysamachar.com

# યોગ પછી ભોગ- પ્રયોગનું આડું-અવળું

'અન્ન પારકું છે, કંઈ પેટ પારકું નથી.' આ કહેવત કહી કહીને વડીલો થાકી ગયા, પણ પેટને વારંવાર ભોગ ધરાવનારાઓની સંખ્યા એટલી વધી ગઈ કે આખરે સરકારશ્રીએ આ પ્રશ્નનાં તેમ જ પેટુઓની સમસ્યાના નિરાકરણ માટે અને સાથે સાથે મન ઉપર પણ કાબૂ પ્રાપ્ત કરવા 'યોગ-ડે' જાહેર કરવો પડ્યો હશે. એવું ગહન ચિંતન બાંકડે બેસીને બેપેટુઓ પોતાના ગોળમટોળ (એમના મતે તંદુરસ્ત) પેટ ઉપર હાથ ફેરવીને કરી રહ્યા હતા. આ ગાઢ મિત્રોને હજી કોઈ કન્યા વરમાળા પહેરાવવા તૈયાર થઈ નથી. એટલે એમના વડીલોએ બગીચામાં ચાલતા ફ્રી યોગાક્લાસમાં મોકલ્યા હતા, પણ સમદુઃખિયા બન્ને મિત્રો પોતાના આ પેટને તંદુરસ્તીની નિશાનીમાં ખપાવીને ઘરેથી તો નીકળતા, પણ બગીચાના બાંકડે બેસીને માત્ર વધેલા પેટ અને શરીર ઉપર જ ચિંતન જ કરતા હતા. તેમજ બહાર ઊભેલી લારીઓમાંથી ગરમાગરમ લોચો, ખમણ, ભજિયાં તેમજ જાત જાતનાં જ્યુસનો ભોગ પોતાના પેટને ધરાવીને ઓડકાર ખાતાં-ખાતાં ઘરે પહોંચતા હતા.



ઘણીવાર થાય છે કે આ નિયમિત પેટને ભોગ ધરનારાઓ યોગ કરશે ખરા? સરકારી યોજનાઓને ઊંધી પાડનારા આવા પેટુઓની સંખ્યા સામે યોગ કરાવનારા યોગીઓ જીતશે ખરા?

છ મહિનાના યોગપ્રયોગ બાદ વજનકાંટે ચડેલા એ બંને પેટુઓનું વજન સિત્તેરની જગ્યાએ નેવું થયું! ત્યારે મા-બાપને ખ્યાલ આવ્યો કે બગીચાની અંદર યોગ અને બગીચાની બહાર ભોગનો પ્રબંધ પણ મોટા પાયા ઉપર ચાલે છ. અમારાનબીરાઓએ બાગમાં જઈને માત્ર પેટનેભોગધરાવવાનું પુણ્યનું કામ જ કર્યું છે અને બાંકડે બેસીને 'યોગ કરનારાઓ કેટલા મૂરખ છે!' એ વિષય ઉપર ગહન ચિંતન જ કર્યું છે.



એમાંના એક વડીલે તો કહ્યું કે બગીચાની બહાર સવાર-સવારમાં નાસ્તા તેમજ જ્યુસની લારીઓ ઉપર બાન મૂકવું જોઈએ. સુંદર અપ્સરાઓ નર્તન કરતી હોય તો સ્વાભાવિક છે કે મહાન સંતો કે પછી દેવાધિદેવ પણ ચલિત થઈ શકે છે. તો પછી સામાન્ય માણસનું તો શું ગજું? સરકારે વહેલામાં વહેલી તકે બગીચાની બહારની ભૂંસા, ભજિયાં, ખમણ, લોચાની લારીઓ દૂર કરવી. અને હા, બહેનો તેમ જ ભાઈઓના યોગના વર્ગો અલગ-અલગ દૂર-દૂરના બાગમાં રાખવા, જેથી ન બનવા જેવી બીજી કોઈ દુર્ઘટના ઉદ્ભવે નહીં. બહેનો માટે બહેન પ્રશિક્ષક અને ભાઈઓ માટે પ્રશિક્ષક રૂપે ભાઈ જ હોય તે ભૂલવું નહીં. બની શકે તો સરકારે દરેક યોગ કરનારને સંપૂર્ણ શરીર ઢાંકી શકાય એવાં વસ્ત્રોની પણ સત્વરે જોગવાઈ કરવી જોઈએ.

સરકારશ્રીને ખબર જ હશે કે આજકાલ રીલ બનાવવાનું દૂષણ કેટલું વધી ગયું છે. ટૂંકાં વસ્ત્રો પહેરીને યોગ કરનારના ફોટાઓ વાઇરલ થાય તો આખરે આપણી સંસ્કૃતિ અને સભ્યતા ઉપર જ લાંછન લાગે એ સ્વાભાવિક છે. આપણા દેશના યોગા વિદેશોમાં પણ બધાએ અપનાવ્યા છે. પણ ત્યાં કોઈ ટૂંકાં કપડાંવાળાઓના રીલ બનાવતા નથી કે નથી ઝીણી આંખે કોઈ એકબીજાને જોવામાં યોગ કરવાનું ભૂલી જતા. સરકારશ્રી તો જાણે જ છે કે આપણા દેશમાં તો પોતે શું કરવાનું છે એના ઉપર ધ્યાન ન આપતાં બીજા બધા શું કરે છે એ જોવામાં જ પોતાની બધી યોગશક્તિ વાપરી નાખે છે. એટલે 'દેખવું નહીં ને દાઝવું નહીં.' આપણે બધાને માથાથી લઈ પગના તળિયા સુધીનાં કપડાં પહેરાવીને જ યોગા કરાવવા જરૂરી બને છે.

જોકે યોગ સાથે ભોગ (ભોજન) આપવું એ પણ એટલું જરૂરી બને છે. શરીર સ્વસ્થ ત્યારે જ રહેશે જ્યારે યોગ કર્યા પછી હેલ્ધી ફૂડ-જ્યુસ પણ જો સરકાર પોતાની યોજનામાં સામેલ કરી દે, તો જ સશક્ત, હેલ્ધી મન-તનવાળા, તંદુરસ્ત શરીર સૌષ્ઠવવાળી પ્રજાતિઓ ભારતને મળશે. આવી મજબૂત પ્રજાતિ આવનારા મહારોગો, મહાયુદ્ધો કે પછી માનસિક-શારીરિક વિટંબણાઓ ઉપર ખરી ઊતરશે. વિદેશના રુષ્ટપુષ્ટ જવાનો સામે આપણા માયકાંગલા લાગતા યુવાનોનું દેહ સૌષ્ઠવ ખરાખરીનો જંગ જીતી શકશે.

આમ તો સરકારશ્રી વારંવાર નવી નવી યોજનાઓ બહાર પાડે છે અને એનો લાભ લેનારાઓ જ સરકારશ્રીને ભાંડે પણ છે. પણ ના, અમે આ સૂચન કરનારાઓ એવા સાવ નકામા નથી.

સમયે સમયે અમને પ્રજાહિત તેમજ રાષ્ટ્રહિત પણ બધાના હિતાર્થે મજબૂત તેમ જ યથાયોગ્ય સૂચનો કરીને દેશ કેમ ચલાવવો અને લોકોને કઈ રીતે કામમાં રાખવા એ યુક્તિઓ બતાવવાનું પરમ કૃત્ય કરવું ગમે છે એટલે જ આવા એક પછી એક 'ડે'ની ઉજવણી કરતાં રાખીને લોકોનું મગજ બને એટલું બંધ કરાવી દેવું. જેમ કે યુવાનો વેલેન્ટાઈન ડે, કિસ ડે, પતંગ ડે, ફાધર્સ ડે, મધર્સ ડે - આમ તમામ વિદેશી ડે ઉપરાંત સ્વદેશી ડેની ઉજવણી પણ રંગેચંગે પાર પાડવામાં જીવન ધન્ય કરી રહ્યા છે. આ પ્રકારની ફીલિંગ આમ જનતામાં ઊછળતી રહે, પાંગરતી રહે તો દરેક બુદ્ધિશાળીઓ અને કારભારીઓને નિરાંતે ઊંઘ આવી જશે. ખોટાં કામ કે અન્યને ઊંધે પાટે ચડાવવાનું કૃત્ય પણ ઓછું થાય એમ છે.

- તો સત્વરે અમારાં સૂચનો ઉપર સરકારશ્રી તેમ જ દેશના આકાઓ ધ્યાન આપીને ઘટતુ ંકરશે તો દેશની પ્રગતિ અને જાહોજલાલીને ચાર ચાંદ લાગી જશે.

આમ તો બાકી વસ્તી વધારાથી સુશોભિત દેશમાં સવારે ડે ઊગશે અને સાંજે ડે આથમશે. રહી ઉજવણીની વાત, તો આ દેશનું ડીએનએ જ એટલું રંગીન છે કે લોકો જીવન તો શું, મૃત્યુને પણ મહોત્સવમાં ફેરવી શકે એમ છે. જાતજાતના યોગ અને યોગીઓથી ભરેલા આ દેશમાં એક પણ ડે રંગ વગરનો કે ઉત્સવની ઉજવણી વિનાનો નહીં રહે... ■

---

**ઉડાન**
**મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી**
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# વ્હાલનો વળગાડ જયારે 'વૈરી' બને ત્યારે...



શાળા પૂરી થઈ. બોર્ડની પરીક્ષા પછી બધા મિત્રો અલગ-અલગ કૉલેજોમાં પહોંચી ગયા. મૈત્રી ફોટોગ્રાફીનાં પોતાનાં સપનાને આગળ વધારવા માટે માસ કમ્યુનિકેશનમાં પ્રવેશ લઈ ચૂકી હતી. નેહાએ પણ એ જ શહેરની બીજી કૉલેજ પસંદ કરી. સ્કૂલ જેટલી નજદીકી હવે નેહા રહી નહોતી, પરંતુ નેહા હજુ પણ રોજ મૈત્રીને મેસેજ કરતી. 'ક્યાં છે? કોની સાથે છે? ફોટો મોકલ...' જોકે મૈત્રી પણ હવે પહેલાં જેવી નહોતી. એણે નેહા સાથેની મિત્રતામાં સ્પષ્ટ સીમાઓ બનાવતાં શીખી લીધું હતું. એ જવાબ આપતી, પરંતુ નેહાને પોતાના પર હાવી થવા દેતી નહીં. એમ કરતાં બન્ને વચ્ચે અંતર વધતું ચાલ્યું એટલે નેહાને આધિપત્ય જમાવવા કોઈની તાતી જરૂર પડી. એવામાં એની મુલાકાત અનીષ સાથે થઈ. અનીષ શાંત, સર્જનાત્મક અને સંગીતનો શોખીન. નેહાને લાગ્યું કે આખરે એને એવી વ્યક્તિ મળી ગઈ જે પોતાને સમજી શકે.

સંબંધની શરૂઆત ખૂબ સુંદર હતી. અનીષને પણ નેહાનો સાથ ગમતો. જે રીતે નેહા એની દરેક નાનામાં નાની વાત યાદ રાખતી. સવારમાં સામેથી ગુડ મૉર્નિંગનો મેસેજ કરતી, એના પેરેન્ટ્સને શુભેચ્છા મોકલતી. બીમાર પડે તો નોટ્સ પહોંચાડતી. અનીષને પહેલી વાર કોઈએ આટલું મહત્ત્વ આપ્યું હશે. એ તો ભાવવિભોર થઈ ગયો. થોડા મહિનાઓ બધું સરસ ચાલ્યું. નેહાની કાળજી, સ્નેહ અને સાથ અનીષ માટે સુખદ લાગણીસમા હતાં, પરંતુ મૈત્રી સાથે નેહા જે રીતે મિત્રતાના નામે આધિપત્ય-માલિકીપણું જમાવતી થયેલી એ હવે અનીષ સાથે પ્રેમમાં વધુ તીવ્રતાથી શરૂ થવા લાગ્યું.

અનીષ ચોંકી ગયો જ્યારે એક દિવસ નેહાએ પૂછ્યું, 'ગઈ કાલે રાત્રે બાર વાગ્યા સુધી ઑનલાઇન હતો. મારી સાથે તો વાત નહોતો કરતો. કોની સાથે ચૅટ કરતો હતો?' એ સમયે અનીષે ખુલાસો આપ્યો, હસીને વાત ટાળી, પરંતુ બીજા દિવસે નેહાએ બીજો પ્રશ્ન કર્યો, 'આ છોકરી કોણ છે જેની પોસ્ટ તું લાઈક કરે છે? તારા ક્લાસમાં કેટલી છોકરીઓ છે? તું એની સ્ટોરી કેમ જુએ છે?' શરૂઆતમાં અનીષને લાગ્યું કે આ પ્રેમમાં લેવાતી કાળજી છે. એ હસતાં મોંએ માનતો ને મનાવતો રહ્યો, પણ નેહાની ટોક્સિસિટી વધતી ચાલી. એક દિવસ એણે કહ્યું, 'લાવ, તારા ઇન્સ્ટાગ્રામનો પાસવર્ડ આપ. મારે ફક્ત જોવું છે કે તને મારા પર ભરોસો કેટલો છે. અનીષ થોડો આંચકો ખાઈ ગયો. આજ સુધી ખુદ એના પેરેન્ટ્સે પણ એની પ્રાયવસીમાં આટલી દખલ કરી નહોતી. તેમ છતાં એણે પાસવર્ડ આપી દીધો. થોડા દિવસ પછી એણે જોયું કે નેહાએ એના ફૉલોઅર્સ લિસ્ટમાંથી બે છોકરીને કાઢી નાખી. અનીષને આ વાત ખૂંચી. એણે નેહાને કારણ પૂછ્યું તો નફિકરાઈભર્યો જવાબ મળ્યો, 'મને એ લોકો નહોતા ગમતા.'

ધીમે-ધીમે પુછાતાં પ્રશ્નો નિયમમાં બદલાતાં ગયા. 'આજે કૉલેજ પછી સીધો ઘેર જજે. ક્રિકેટ રમવા જવાની જરૂર નથી. વીકએન્ડમાં ફ્રેન્ડ્સ સાથે નહીં, મારી સાથે જ રહેજે...' અનીષ એક પછી એક પોતાની પસંદગી છોડતો ગયો. ક્રિકેટ બંધ. મ્યુઝિકલ ક્લબ બંધ. મિત્રો સાથેની કૉફી મીટ બંધ. એને લાગતું કે કદાચ થોડું સમાધાન કરવાથી સંબંધ બચી જશે. શરૂઆતમાં નેહાએ બતાવેલી એ પ્રેમાળ કાળજી મેળવવા મથતો અનીષ સમજી નહોતો રહ્યો કે નેહાનો ઑબ્સેસિવ સ્વભાવ એને ચોતરફથી ઘેરી રહ્યો છે. દરેક સમાધાન પછી નેહાની નવી અપેક્ષા ઊભી થઈ જતી. હવે એ દર કલાકે વીડિયો કૉલ કરવા માગતી. લાઇવ લોકેશન ચાલુ રાખવા કહેતી. જો અનીષ પાંચ મિનિટ મોડો જવાબ આપે તો સતત ફોન કરતી.

એક દિવસ અનીષ વર્કશૉપમાં હતો. ચાર કલાક સુધી ફોન બંધ. એ ચાલુ કરતાં જ એની સામે નેહાના અગણિત મિસ્ડ કૉલ્સ અને અસંખ્ય મેસેજ હતા. 'તું મને નિગ્લેક્ટ કરી રહ્યો છે. હું તારા વગર રહી નથી શકતી. તું ક્યાં છે? હમણાં જ વીડિયો કૉલ કર, નહીંતર હું કોઈ ખોટું પગલું ભરી લઈશ...'

એ રાત્રે અનીષને પહેલી વાર ડર લાગ્યો. એણે ક્યાંક વાંચેલુ કે પ્રેમ એને કહેવાય જે તમને ઉડવા આકાશ અને વિસ્તરવા અવકાશ આપે. જ્યારે આ સંબંધ એને એવી રીતે બાંધી રહ્યો હતો કે શ્વાસ લેવો મુશ્કેલ બની જાય. ગૂંગળામણ થવા માંડતી... અચાનક એને મૈત્રી યાદ આવી. નેહાએ વાત કરેલી કે કેવી રીતે એ મૈત્રીનું ધ્યાન રાખતી, તેમ છતાં એ છોકરી એના પ્રેમની કદર કર્યા વગર એને તરછોડી ચાલી નીકળેલી. બીજા દિવસે એણે મૈત્રીને મળવાનું નક્કી કર્યું.

મૈત્રીએ શાંતિથી એની વાત સાંભળી. પછી માત્ર એટલું જ બોલી, 'અનીષ, હું નેહાને ઘણાં વર્ષોથી ઓળખું છું. સ્કૂલમાં એ મારી સૌથી સારી મિત્ર હતી. શરૂઆતમાં મને પણ લાગતું કે આ બધું પ્રેમ અને કાળજી છે. પછી સમજાયું કે એ મને ગુમાવવાના ડરમાં જીવતી હતી. એ ડર ધીમે ધીમે માલિકીભાવમાં પલટાઈ ગયો. અનીષ એને ચૂપચાપ સાંભળી રહ્યો.

'જો, જાતને બદલવાનો પ્રયાસ ના કર.' મૈત્રીએ કહ્યું. 'એને મદદની જરૂર છે. તું તારી સ્વતંત્રતા ગુમાવ્યા વગર એની સહાય કરવાની કોશિશ કર.'

મૈત્રીની સુફિયાણી સલાહો સાંભળી અનીષ કંઈ ના બોલ્યો. મનોમન એને થયું કે જો મદદ કરવી જ હતી તો તું એને તરછોડી ભાગી કેમ ગઈ? પણ એ કશું બોલ્યા વગર ત્યાંથી પાછો ફર્યો. દિવસો સુધી મૂંઝાતો રહ્યો, ડરતો રહ્યો, વિચારતો રહ્યો. અંતે એણે નક્કી કર્યું કે નેહાને સુધારવા કરતાં પોતે જ આ સંબંધમાંથી બહાર નીકળી જાય. અને એણે પોતાની તરફ આવતા તમામ દરવાજાઓ ચસોચસ ભીડી દીધાં છે...

હવે આગળ શું થશે, નેહા શું કરશે, કંઈ અઘટિત બનશે કે પછી બન્ને પોતપોતાની દિશામાં આગળ વધશે? ■

# પુરુષ




કૌશિક મહેતા feedback@bombaysamachar.com


## ઘ બર્નઆઉટ પેરાડોક્સઃ સફળતાની આંધળી દોટમાં હોમાતું પુરુષનું અસ્તિત્વ

feedback@bombaysamachar.com
મેલ મેટર્સ
અંકિત દેસાઈ

આધુનિક સભ્યતાએ પુરુષને એક અદ્ભુત ભ્રમમાં જીવતા શીખવી દીધું છેઃ 'તમે જેટલા વધુ વ્યસ્ત છો એટલા જ વધુ સફળ છો.' સવારના સાત વાગ્યાથી શરૂ થતો અને મોડી રાત સુધી લૅપટૉપની બ્લુ સ્ક્રીન સામે પૂરો થતો દિવસ આજે પ્રતિષ્ઠાનું પ્રતીક બની ગયો છે. ઑફિસના અતિશય કામના કલાકો, વીકએન્ડમાં પણ સતત રણકતા ઑફિશિયલ મેસેજ અને રજાના દિવસે પણ ક્લાયન્ટના ઈમેલનો ત્વરિત જવાબ આપવો એ જાણે આજના પુરુષ માટે 'મેડલ ઑફ ઓનર' છે, પરંતુ આ અવિરત દોડની પાછળ એક ભયાનક સત્ય છુપાયેલું છે, જેને મનોવિજ્ઞાનની ભાષામાં 'બર્નઆઉટ પેરાડોક્સ' કહેવામાં આવે છે. આ એક એવો વિરોધાભાસ છે જ્યાં પુરુષ પોતાની જિંદગીને સિક્યૉર અને સમૃદ્ધ બનાવવા માટે લોહી-પાણી એક કરે છે, પણ અંતે એ જ સમૃદ્ધિ ભોગવવા માટે તેનું શરીર અને મન સાબુત બચતા નથી. સફળતાની આ કિંમત શું ખરેખર ચૂકવવા જેવી છે? આ સવાલ આજે દરેક વર્કહૉલિક પુરુષે ખુદને પૂછવાની જરૂર છે.

ઐતિહાસિક અને સામાજિક દૃષ્ટિએ જોઈએ તો પુરુષના ખભા પર હંમેશાંથી 'પ્રોવાઈડર'એટલે કે ઘરનું ભરણપોષણ કરનાર હોવાનો એક અદૃશ્ય બોજ રહ્યો છે. બાળપણથી જ છોકરાઓને શીખવવામાં આવે છે કે તમારી કિંમત તમારી કમાણી અને તમારા સ્ટેટસ પરથી નક્કી થશે. આ માનસિકતા કૉર્પોરેટ કલ્ચરમાં આવીને એક રાક્ષસી સ્વરૂપ ધારણ કરે છે. પરિણામે પુરુષ પોતાની જાતને સાબિત કરવા માટે 'વર્કહોલિઝમ' એટલે કે કામના નશા તરફ વળે છે. શરૂઆતમાં આ નશો બહુ રોમાંચક લાગે છે. પ્રમોશન, હાયર સેલેરી, સોસાયટીમાં માન-પાન અને લક્ઝુરિયસ લાઇફસ્ટાઇલ... આ બધું જ મહેનતનું યોગ્ય પરિણામ લાગે છે. જોકે પાછળથી ધીમે-ધીમે આ કામ વળગણ બની જાય છે. પુરુષને એવું લાગવા માંડે છે કે જો તે થોડી વાર માટે પણ આ દોડમાંથી ઊભો રહેશે તો તે પાછળ રહી જશે. આ FOMO એટલે કે 'ફિયર ઑફ મિસિંગ આઉટ'તેને સતત થાકેલો હોવા છતાં દોડવા માટે મજબૂર કરે છે.

આ બધાની સાથે બર્નઆઉટની પ્રક્રિયા બહુ શાંતિથી અને ચુપકેથી શરીરમાં પ્રવેશે છે. તે કોઈ એક દિવસે અચાનક નથી આવતી, પણ રોજબરોજની જિંદગીમાં આછાં પાતળાં લક્ષણો સાથે દેખાય છે. સવારે ઊઠતી વખતે જ તીવ્ર થાક લાગવો, પથારીમાંથી ઊભા થવાનું મન ન થવું, નાની નાની વાતોમાં ચીડચીડા થઈ જવું અને જે કામ પહેલાં ગમતું હતું તેમાં સાવ રસ ઊડી જવો એ બર્નઆઉટના પ્રારંભિક સંકેત છે. પુરુષો આ લક્ષણોને કાં તો નજરઅંદાજ કરે છે અથવા તો વધુ પડતી કોફી પીને કે એનર્જી ડ્રિંક્સના સહારે તેને દબાવવાનો પ્રયત્ન કરે છે. આપણી સામાજિક રચના એવી છે કે પુરુષ પોતાની નબળાઈ કે થાક સહેલાઈથી સ્વીકારી શકતો નથી. 'હું થાકી




ગયો છું' અથવા 'મારાથી આ કામ હવે નહીં થાય' એવું કહેવું એ નબળાઈની નિશાની માનવામાં આવે છે. આથી અંદરથી તૂટી ગયેલો પુરુષ પણ બહારથી 'આઈ એમ ઓકે'નું મહોરું પહેરીને ફરે છે. આ ભરાઈ રહેલો ડૂમો અને સતત સ્ટ્રેસ હૉર્મોન્સનું હાઈ લેવલ આખરે હાર્ટ એટેક, ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર કે અલ્સર જેવી ગંભીર બીમારીઓ તરફ દોરી જાય છે. આજના સમયમાં ૩૦થી ૪૦ વર્ષની ઉંમરના પુરુષોમાં વધતા હાર્ટ એટેકના કિસ્સાઓ આ બર્નઆઉટ પેરાડોક્સનું જ જીવતું જાગતું પરિણામ છે.

આ વિરોધાભાસની સૌથી મોટી કિંમત સંબંધીઓએ ચૂકવવી પડે છે. એક પુરુષ પોતાના પરિવારને સારું ભવિષ્ય આપવા માટે દિવસ-રાત એક કરે છે, પણ વિડંબના એ છે કે એ જ પરિવારને તે પોતાની હાજરી આપી શકતો નથી. ઑફિસથી મોડા ઘરે આવ્યા પછી પણ તેનું મગજ ઑફિસના પ્રોજેક્ટ્સમાં જ અટવાયેલું હોય છે. પત્ની સાથે સંવાદના નામે માત્ર ઔપચારિક વાતો થાય છે અને બાળકો માટે પપ્પા એટલે રવિવારે ઘરે આવીને આખો દિવસ ઊંઘતા રહેતું એક પાત્ર બની જાય છે. આ ભૌતિક હાજરી હોવા છતાં જે માનસિક ગેરહાજરી છે તે સંબંધોમાં એક ન પૂરી શકાય તેવી ખાઈ ઊભી કરે છે. પુરુષ અંદરથી એવું વિચારીને પીડાય છે કે 'હું આ બધું આ લોકો માટે જ તો કરું છું, તો પણ કોઈ મને સમજતું નથી.' જ્યારે પરિવારની ફરિયાદ એ હોય છે કે 'અમારે તમારા પૈસા કરતાં તમારી વધુ જરૂર છે.' આ કમ્યુનિકેશન ગૅપ પુરુષને વધુ એકલવાયો અને ચિડચિડો બનાવી દે છે.

બર્નઆઉટ પેરાડોક્સનો બીજો ભયાનક પક્ષ એ છે કે પુરુષ પોતાના જૂના મિત્રો અને શોખથી સાવ કપાઈ જાય છે. જે મિત્રો સાથે ક્યારેક કલાકો સુધી ચાની ટપરી પર બેસીને દુનિયાભરની વાતો થતી હતી, જે ક્રિકેટ રમવાનો કે સંગીત સાંભળવાનો શોખ હતો તે બધું જ 'ટાઈમ વેસ્ટ' લાગવા માંડે છે. જિંદગી માત્ર મિકેનિકલ બની જાય છેઃ ઘરથી ઑફિસ અને ઑફિસથી ઘર. મનોવૈજ્ઞાનિકો કહે છે કે પુરુષો માટે 'મેલ બૉન્ડિંગ'એક અદ્ભુત સ્ટ્રેસ બસ્ટર છે. મિત્રો વચ્ચે પુરુષને કોઈ જજમેન્ટનો ડર નથી હોતો, ત્યાં તે મુક્ત હોઈ શકે છે. પરંતુ કામના ભાર હેઠળ જ્યારે આ મિત્રવર્તુળ છૂટી જાય છે ત્યારે પુરુષ પાસે પોતાના મનની નબળાઈઓ કે ડર વ્યક્ત કરવા માટે કોઈ જગ્યા બચતી નથી. આ એકલતા તેના બર્નઆઉટને વધુ તીવ્ર બનાવે છે.

**આ ચક્રવ્યૂહમાંથી બહાર નીકળવાનો રસ્તો કયો?**

સૌથી પહેલું કદમ છે સફળતાની વ્યાખ્યા બદલવી. સફળતા એટલે માત્ર બેંક બૅલેન્સ કે મોટું ડેઝિગ્નેશન નથી, પણ એક હેલ્ધી બૉડી, શાંત મન અને ખુશહાલ પરિવાર પણ સફળતાનો જ હિસ્સો છે. પુરુષોએ 'ના' પાડતાં શીખવું પડશે. ઑફિસમાં તમારી ક્ષમતા બહારનું કામ જ્યારે તમારા પર લાદવામાં આવે ત્યારે વ્યાવસાયિક રીતે મર્યાદા નક્કી કરવી જરૂરી છે. બીજા શબ્દોમાં કહીએ તો 'વર્ક-લાઇફ બૅલેન્સ'એ માત્ર વાતો કરવા માટેનો વિષય નથી, પણ તેને અમલમાં મૂકવાની કળા છે. સાંજે ઑફિસ સબમિટ કર્યા પછી લૅપટૉપ બંધ કરવાની અને ઑફિસના ગ્રુપને મ્યૂટ કરવાની હિંમત કેળવવી પડશે. આ ઉપરાંત, જિંદગીમાં ફરીથી કોઈ શોખને જીવંત કરવો કે અઠવાડિયામાં એક દિવસ મિત્રો માટે અનામત રાખવો એ કોઈ લક્ઝરી નથી, પણ માનસિક સ્વાસ્થ્ય માટેની અનિવાર્યતા છે. જેને આપણે 'વિંડ્ઝ ડાઉન' થવું કહીએ છીએ એટલે કે બધી જ જવાબદારીઓ બાજુ પર મૂકીને થોડી ક્ષણો માટે સાવ હળવા થઈ જવું તે ખૂબ જરૂરી છે. મશીનને પણ લાંબો સમય ચલાવવા માટે ઑઇલિંગ અને આરામની જરૂર પડે છે તો આ તો હાડચામનું બનેલું માનવશરીર છે.

આખરે પુરુષોએ એ સ્વીકારવું પડશે કે તે સુપરમેન નથી અને હોવાની જરૂર પણ નથી. થાક લાગવો, હારી જવું કે ક્યારેક અસહાય અનુભવવો એ મનુષ્ય હોવાની નિશાની છે, કમજોરીની નહીં. જિંદગી એક મૅરેથોન છે, સ્પ્રિન્ટ નથી. જો શરૂઆતમાં જ બધી ઊર્જા વાપરી નાખશો તો અંત સુધી પહોંચી નહીં શકાય. આથી દોડવાની સાથે-સાથે રોકાતાં પણ શીખો, શ્વાસ લેતાં શીખો અને જિંદગીને માણતાં શીખો. ક્યાંક એવું ન થાય કે જ્યારે તમે તમારી કારકિર્દીની ટોચ પર પહોંચો ત્યારે તમારી આસપાસ સેલિબ્રેટ કરવા માટે કોઈ સંબંધ જ ન બચ્યો હોય અને એ સેલિબ્રેશન માણવા માટે તમારું પોતાનું સ્વાસ્થ્ય જ સાથ ન આપતું હોય. બર્નઆઉટના આ પેરાડોક્સને ઓળખો અને સમય રહેતાં જિંદગીની લગામ પોતાના હાથમાં લો. મશીન બનવા કરતાં માણસ બનીને જીવવામાં જ સાચી સાર્થકતા છે.■

## આવા કુ-રિવાજોથી છુટકારો ક્યારે?

*ડિયર હની,*

*આપણે ત્યાં સારો હોય કે માઠો પ્રસંગ, એમાં સાદાઈના બદલે ઝાકઝમાળ વધતી જાય છે. પોષાય એને તો ઠીક છે, પણ ખિસ્સાને પરવડે નહીં એવા પરિવારો દેખાદેખી કે રીતરિવાજનાં કારણે ગજા બહારનાં ખર્ચ કરે છે. આ રીતે પ્રસંગ યોજ્યા બાદ એની ટીકા કરનારા પણ ઓછા નથી હોતા અહીં. રાજસ્થાનનો એક આવો પ્રસંગ તને કહેવો છે.*

*રાજસ્થાનના સિરોહી જિલ્લાના મંડવારિયા ગામમાં એક ગરીબ પરિવારે આર્થિક તંગીના કારણે મૃત્યુભોજમાં શુદ્ધ ઘીના માલપુઆ બનાવવાને બદલે સાદું ભોજન પીરસતાં, સમાજના પંચે તો કુલ ૪૩ પરિવારોનો સામાજિક બહિષ્કાર (હુક્કા-પાણી બંધ) કરી દીધો છે.*

*ગામના સદારામ નામની વ્યક્તિનું અવસાન થતાં તેમના પરિવારે આર્થિક સ્થિતિ નબળી હોવાથી સાદું ભોજન કરાવ્યું હતું. આ વાતથી નારાજ પંચે પેલા પરિવાર વિરુદ્ધ સામાજિક બહિષ્કારનું ફરમાન જાહેર કર્યું. આટલું જ નહીં, આ પીડિત પરિવારનું સમર્થન કરનારા અન્ય ૪૨ પરિવારને પણ સજા ફટકારી છે. અમાનવીય સામાજિક નાકાબંધીના આ આકરા ફરમાનને કારણે હાલમાં આ ૪૩ પરિવારોની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે.*

*આ ઘટના અને વિરોધ પાછળ જુદાં-જુદાં કારણો ભલે બતાવાય, પણ વાત તો એ છે કે આપણે ત્યાં રીતરિવાજોના નામે લોકોની હાલત ખરાબ થાય છે. તને ખ્યાલ છે કે આપણા જ એક પરિવારમાં વડીલના મૃત્યુનો માઠો પ્રસંગ બન્યો અને બાદમાં બારમું ને બધી વિધિ થઈ અને છેલ્લે જમણવાર. અને એમાં અચ મીઠાઈ ફરસાણ બધું જ. લગ્નમાં જેમ આમંત્રણ અપાય એમ જ બધાને આમંત્રણ અપાયાં. એ પરિવારે એક તો વડીલની સારવાર માટે સારો એવો ખર્ચ ઉઠાવ્યો હતો ઉપરથી ક્રિયાકર્મનો આવા ખર્ચ માટે એમણે વ્યાજે પૈસા લેવા પડ્યા હતા. મારે તો ત્યારે વાત પણ થયેલી કે આટલો બધો ખર્ચ શા માટે? સાદાઈથી વિધિ કરો ને... તો એમણે કહેલું કે ના કરીએ તો સમાજમાં ટીકા થાય, વડીલોનું સાંભળવું પડે.*

*સુરેન્દ્રનગર જિલ્લાનો એક કિસ્સો છે. રમણભાઈ (નામ બદલ્યું છે) એક નાના ખેડૂત હતા. તેમના પરિવારમાં પત્ની, બે દીકરીઓ અને એક દીકરો છે. ઘરની આર્થિક સ્થિતિ સામાન્ય. કમનસીબે રમણભાઈનું ટૂંકી માંદગી બાદ અચાનક અવસાન થયું. હૉસ્પિટલના ખર્ચને કારણે પરિવાર પહેલેથી જ આર્થિક ભીંસમાં હતો. રમણભાઈના અવસાન પછી જ્ઞાતિના વડીલો અને આગેવાનો દ્વારા દબાણ આવ્યું કે 'રમણભાઈ મોભાદાર માણસ હતા એટલે આખા ગામ અને ૨૪ ગામની જ્ઞાતિને કારજ (બારમું-તેરમું)નું જમણવાર કરવો જ પડશે.*

*જો નહીં આપો તો નાતમાં નાક કપાશે અને ભવિષ્યમાં દીકરા-દીકરીઓનાં લગ્નમાં નડતર ઊભું થશે.'*

*પરિવારે નાછૂટકે સંમતિ આપવી પડી. ત્રણ લાખનો ખર્ચ થયો. જ્ઞાતિના દરેક ઘરે વાસણ (જેમ કે સ્ટીલના ટિફિન કે થાળી) અથવા રોકડા રૂપિયા લહાણી તરીકે આપવાનો નિયમ હતો. એનો જે ખર્ચ થયો તે ઉપરથી. બધું થઇ પાંચ લાખે ખર્ચ પહોંચ્યો.*

*રમણભાઈના ૨૨ વર્ષના દીકરાએ આ ખર્ચ પૂરો કરવા માટે ગામના એક સ્થાનિક શાહુકાર (વ્યાજખોર) પાસેથી ૩% માસિક વ્યાજે (જે વાર્ષિક ૩૬% થાય) લોન લેવી પડી, કારણ કે બૅન્કો કારજ માટે લોન નથી આપતી. દીકરો આગળ ભણવા માગતો હતો, તેણે ભણવાનું છોડીને વ્યાજ ચૂકવવા માટે શહેરમાં જઈ મજૂરી કામ શરૂ કરવું પડ્યું. પિતા ગુમાવવાનું દુઃખ તો બાજુ પર રહ્યું, પરિવાર આખું વર્ષ દેવું ચૂકવવાની અને લોકોનાં ટોણાં સાંભળવાની માનસિક પીડામાંથી પસાર થયો. આમ સમાજના કુરિવાજ હસતા-રમતા પરિવારને પાયમાલ કરી નાખે છે. જે પૈસા દીકરીનાં લગ્ન કે દીકરાના ભવિષ્ય માટે વાપરવાના હતા તે સમાજને એક ટંક જમાડવામાં વેડફાઈ ગયા.*

*અહીં તને યાદ કરાવું. મારી બા એટલે કે તારા સાસુનું અવસાન થયું. પ્રાર્થનાસભા રાખવી હતી અને ત્યારે હોળી ધુળેટી આવતી હતી. કેટલાક વડીલોએ કહ્યું કે આ દિવસે ના રખાય. પણ મેં એમને કહેલું કે ધુળેટીને દિવસે જ આયોજન થશે, કારણ કે પરિવારનાં ત્રણ-ચાર છોકરા-છોકરીની દસ અને બારની પરીક્ષાઓ માથે હતી. એમને આ કારણે કોઈ સમસ્યા ના થાય એટલે ધુળેટીએ આયોજન થયું.*

*વડીલો કહેતા હતા કે, ધુળેટીનો તહેવાર છે કોઈ આવશે નહિ. પણ તને યાદ છે ને...એ દિવસે એટલું માણસ આવ્યું કે આપણી જ્ઞાતિની વાડીનો હોલ ટૂંકો પડ્યો. લોકો નીચે ઊભા રહ્યા હતા. બાની ચાહના જ એટલી હતી.*

*આપણે ત્યાં સમસ્યાએ છે કે કેટલાક ખોટા રીતરિવાજો હજુય રૂઢ છે. લોકોએ એ મને-કમને પાળવા પડે છે. ઘણી જ્ઞાતિઓમાં તો બાર -તેર દિવસ સુધી લોકો મોઢે થવા આવતા રહે છે અને રોજનો ચા-પાણી- જમવાનો ખર્ચ વધારાનો. કેટલાકમાં તો દારૂની વ્યવસ્થા પણ થતી હોય છે.*

*આ તે કેવા રિવાજ છે... આમાંથી મુક્તિ ક્યારે મળશે?*

*સામાન્ય માણસને રોજિંદો વ્યવહાર ચલાવવાનું મોંઘવારીમાં મુશ્કેલ છે ત્યારે આવા રિવાજ નાબૂદ થવા જોઈએ. આ માટે સામાજિક જાગૃતિ જરૂરી છે. ઘણી જ્ઞાતિઓમાં એની શરૂઆત થઇ ચૂકી છે એ સારી નિશાની છે.*

*તારો બન્ની*




feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી




## કોઈ પર ચીડ હોય તો આવું કરવાનું?

સ્ત્રી કોમળ હોય છે. એનો સ્વભાવ ઋજુ હોય છે. આ સ્ત્રીના ગુણ છે, પરંતુ હાલમાં આ સમીકરણ બદલાઈ રહ્યાં હોય એવું લાગે છે. આજની સ્ત્રી એટલી ઋજુ નથી રહી. વાંદાથી ગભરાતી સ્ત્રી માણસને પણ મારી શકે એટલી હદે નિર્દય થઈ ગઈ છે. આજે આપણે અહીં કંઈ એવી ખૂના મરકીની વાત નથી કરવાના, પણ સ્ત્રી કઈ હદે પોતાન સાસરિયાંને પરેશાન કરી શકે છે તેની વાત કરવાના છીએ.

પહેલાં બહુ દબાઈને રહેલી સ્ત્રી હવે સ્પ્રિંગની માફક ઉછળી છે. હિન્દી સિરિયલમાં દેખાડાતા છળ-પ્રપંચ જોઈને બહેનો પણ એવું વર્તન કરવા પ્રેરાઈ છે.

હસમુખભાઈ પત્ની ગીતાબહેન અને પુત્રી ત્રણેય અમદાવાદ પાસે એક નાનકડા ગામમાં રહેતાં હતાં. હસમુખભાઈનો પુત્ર આશિષ અને પુત્રવધૂ હેતા મુંબઈ રહેતાં હતાં. આશિષની જૉબ મુંબઈમાં હતી તેથી તે મુંબઈ શિફ્ટ થઈ ગયો હતો. હસમુખભાઈ-ગીતાબહેનને ગામમાં જ ગમતું હતું તેમને મુંબઈની ભાગદોડભરી જિંદગી, મૅચબૉક્સ જેવડા ઘરમાં ફ્લૅટનાં બારણાં બંધ કરીને બેસી રહેવાનું આવું બધું ફાવતું ન હતું. તેમનું નાનકડું મકાન હતું ગામમાં, જેના દરવાજા આખો દિવસ ખુલ્લા હોય. આવતા-જતા લોકો, 'જય શ્રીકૃષ્ણ કરીને વાતો કરવા આવી જાય, ચા-પાણીએ પીવે. ગીતાબહેન દેવદર્શને જાય. ઘરના ઓટલે સાંજે મહિલા મંડળની મીટિંગ થાય. એમાં જાતજાતની વાતો થાય. આ લોકોને ક્યાંથી મુંબઈ ગમે? એટલે મા-બાપ અને દીકરી ત્રણેય ગામમાં જ રહેતાં હતાં. વાર-તહેવારે આશિષ અને હેતા ગામમાં આવીને બે-ચાર દિવસ રહી જતાં.

એક ગોઝારા દિવસે ગીતાબહેનની તબિયત લથડી અને એકાદ મહિનાની બીમારી ભોગવીને ગીતાબહેન શ્રીજચરણ થયાં. આશિષ અને હેતા ગામ આવ્યાં. માતાની બધી મરણોત્તર ક્રિયા પતાવીને પંદર-વીસ દિવસ રહ્યા હવે જવાનો સમય થયો. એટલે આશિષે પપ્પાને કહ્યું, 'પપ્પા, તમે અને રિયા અમારી સાથે મુંબઇ જ આવી જાઓ. મમ્મી વિના તમે બંને અહીં કેવી રીતે રહેશો? મમ્મી વિનાનું ઘર તમને ખાવા ધાશે ! મને તમારી ચિંતા રહ્યા કરશે.'

'પણ એમ કેવી રીતે? આ ઘર સમેટવું પડે' હસમુખભાઈએ કહ્યું.

'એ બધું પછી ફરી આવીને કરીશું. હમણાં તો મમ્મીનો ઘા તાજો છે એટલે અમારી સાથે જ ચાલો. થોડા સમય પછી ઘરનું જોઈશું.' આશિષને ખરેખર પપ્પા અને બહેનની ચિંતા થતી હતી તેથી પપ્પાને આગ્રહ કરી રહ્યો હતો, પણ હેતા મનમાંને મનમાં ચિડાતી હતી. કેટલીયે વાર આશિષની સામે જોઈને આંખો કાઢતી હતી, પણ આશિષનું ધ્યાન ન હતું. આશિષના આગ્રહને વશ થઈને પિતા હસમુખભાઈ અને રિયા ભાઈ આશિષ સાથે મુંબઈ જવા રવાના થયાં. હેતા મનમાં ને મનમાં ચિડાતી રહી પણ શું કરે? આશિષે એની પરવા જ ન કરી.

રિયાની કૉલેજમાં હમણાં વેકેશન હતું. આશિષે કહ્યું હતું, 'રિયા, પછી આપણે અહીંની કૉલેજમાં તારું ઍડ્મિશન કરાવી દઈશું.' રિયા પોતાની ભાભીને કિચનમાં તેમ જ ઘરકામમાં મદદ કરતી હતી. હસમુખભાઈ આશિષનું બૅન્કનું કામ કરી આવતા હતા. આશિષ ખુશ હતો. પપ્પાને આવવાથી તેને નાનાં-મોટાં કામમાંથી રાહત મળી હતી. કિચનનું બધું કામ મોટે ભાગે રિયા જ કરતી હતી તે આશિષ જોતો હતો તેથી તેણે હેતાને કહ્યું, 'તને તો મજા થઈ ગઈ છે. રિયાના આવવાથી રસોડાના કામથી તારો છૂટકારો થઈ ગયો છે.' પણ આશિષની વાતનો કોઈ જવાબ હેતાએ આપ્યો નહીં. ઊલટું રાતના પોતાના રૂમમાં તે આશિષને રિયા અને હસમુખભાઈ વિરુદ્ધ ચઢાવ્યા કરતી હતી. જોકે આશિષ કાચા કાનનો ન હતો. તે પોતાના પિતા અને બહેનને બરાબર જાણતો હતો. અને તેમનું વર્તન પણ જોતો હતો. આશિષ પોતાની વાત સાંભળતો ન હતો. તેથી હેતા બરાબરની ગિન્નાઈ હતી.

હસમુખભાઈને ગામમાં જરૂરી કામ હોવાથી એકાદ અઠવાડિયા માટે ગામ જવાના હતા. એ માટે તેમણે બૅગ પૅક કરી. હેતા બહુ ભડકેલી હતી. તે એક ચાલ ચાલી. આશિષના કબાટમાંથી થોકડી બંધ રૂપિયા લઈને હસમુભાઈની બૅગમાં તેમનાં કપડાં વચ્ચેચ છુપાવીને મૂકી દીધં. રિયાએ આ જાઈ લીધું. એને થયું કે હેતા કંઈક પ્લાન કરી રહી છે. તેથી હેતા જેવી બીજા રૂમમાં ગઈ કે તરત જ રિયાએ રૂપિયાની થોકડી પપ્પાની બૅગમાંથી કાઢીને હેતાના કબાટમાં સાડીની થપ્પી વચ્ચે છુપાવી દીધી. પછી ઘરની બહાર નીકળીને આશિષને ફોન કરીને બધી હકીકત જણાવી દીધી.

બીજે દિવસે સવારે હસમુખભાઈ નીકળવાના હતા. આશિષ ઘરે આવ્યો. બધા જમ્યાં. આશિષ પપ્પા સાથે વાતો કરતો હતો. હેતા પણ હતી, તે બોલી, 'પપ્પા, તમારે પૈસાની જરૂર હતી તો આશિષને કહેવું જોઈતું હતું, તમે આશિષના કબાટમાંથી ચોરી કેમ કરી?

'ચોરી? મેં ચોરી કરી? હું શા માટે ચોરી કરું?' હસમુખભાઈ તો બઘવાઈ ગયા. એટલે આશિષ તરફ ફરીને હેતા બોલી, 'આશિષ, હું સાચું કહું છું. ખાત્રી કરવી હોય તો પપ્પાની બૅગની તલાશી લે.'

'હેતા, કાંઇક તો વિચારીને બોલ, એ મારા પપ્પા છે.' 'તું નહીં માને, જો હું તને તેમની બૅગમાં બતાઉં છું. મેં મારી નજરે તેમને કબાટમાંથી પૈસા ચોરીને બૅગમાં મૂકતા જોયા છે.'કહીને હેતા હસમુખભાઈની બૅગ ખોલવા લાગી. બૅગ ખોલીને બધો સામાન બહાર કાઢયો પણ કાંઈ નીકળ્યું નહીં. હેતા ડઘાઈ ગઈ. આશિષે પૂછ્યું,


'બોલ, ક્યાં છે પપ્પાની બૅગમાં પૈસા?'

'મેં તેમને બૅગમાં પૈસા મૂકતા જોયા હતા,' હેતા ખચકાઈને બોલી.

'હવે હું તને બતાવું પૈસા ક્યાં છે.' હેતાનો હાથ પકડીને આશિષ તેના કબાટ સુધી લઈ ગયો અને સાડીની થપ્પી નીચેથી પૈસાનું બંડલ બતાવ્યું. હેતા રડવા માંડી.

આશિષે કહ્યું, 'હેતા, મારા પપ્પાની પર આવું ચોરીનું આળ નાખતાં પહેલાં હવે સો વાર વિચારજે. આ વખતે માફ કરું છું. બીજી વાર ઘરમાંથી તને જ રવાના કરી દઈશ.' ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગૉસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/Z0T7ZuCWdGM
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!




# હું, સોનલ ઝવેરી

માવજી મહેશ્વરી

પ્રકરણ ૩

જાણે કેટલાંય વર્ષોની ઊંઘ ભેગી થઈ હોય તેમ સોનલ સૂતી હતી.

વહેલી સવારે જયપુર છોડ્યા પછી અજવાળું થવા માંડ્યું હતું. નીચેવાળી બર્થ પર બેઠેલી સ્ત્રી ક્યારનીય સનત સામે જોયા કરતી હતી. સનતને થયું કદાચ આ સ્ત્રી વિચારતી હશે કે આ એકલો હતો અને અચાનક છોકરી ક્યાંથી આવી ચડી? એકાદવાર એને થયું કે તે પણ સોનલની બાજુમાં જરા લાંબો થાય. પણ સોનલ જાગી જશે તો પોતાની નિયત પર શંકા જશે. આવા વિચારે તે બેઠો જ રહ્યો. સોનલનો નાનકડો ચોટલો બહાર લટકી રહ્યો હતો. ઊંઘમાં જ સોનલે સનતના વળેલા પગમાં પોતાનો હાથ ભેરવ્યો. સનતના શરીરમાં ઝણઝણાટી ફરી વળી. તેને થયું કે તે નમીને સોનલના લિસ્સા ગાલ પર એક ચુંબન કરી લે.

સનતને થયું, એવું શા માટે લાગે છે કે મને સોનલ સાથે કોઈ જૂનો સંબંધ છે. આ અગાઉ અનેક વાર હું એને મળી ચુક્યો છું. આજની રાત આ ચિતા જેવી છોકરી મારી સાથે હશે. જે થાય તે, કોઈ પણ રીતે આને બે દિવસ સાથે રાખવી છે. જો એ લોકો એલાઉડ નહીં કરે તો હોટેલ્સ ક્યાં નથી. સોનલે આંખ ખોલી. અચાનક સ્થિતિનું ભાન થયું હોય તેમ સોનલ બેઠી થઈ ગઈ. તેણે બેય હાથે વાળ સરખા કર્યા અને પલાંઠીવાળીને ટી શર્ટનું ઈન સરખું કર્યું. કોલર નીચે બેય અંગૂઠા નાખી બ્રાની સ્ટ્રીપ અંદરની બાજુ ગોઠવી અને સાવ ધીમેથી પુછ્યું, 'આપણે ક્યાં પહોંચ્યા છીએ?'

સનતે પણ ધીમેથી કહ્યું 'કદાચ ગાંધીનગર આવવાની તૈયારી છે. તમે જલ્દી ફ્રેશ થઈ જાઓ.'

'સોરી યાર મેં તમને ઉજાગરો કરાવ્યો. પણ રાતે ઊંઘ ન થઈ હોત તો આજે સવારે તમારે મને ઊંચકીને લઈ જવી પડત. તમે સૂતા જ નથી કે શું?'

'ઊંઘ કેમ આવે? કિંમતી સામાનની ચોકી તો કરવી જ પડે ને!' કોઈ ન કહે કે તમે ઈન્જિનિયર છો.

'હા, પણ મારા નસીબ સારા છે કે માઠા તે હજી દિલ્હી પહોંચ્યા પછી ખબર પડશે. આપણે તમારી જગ્યાએ પહોંચીએ ત્યાં સુધી જેમ હું કહું તેમ કરજો પ્લીઝ.'

પેલી સ્ત્રી હજુ પણ સોનલને એકધારું જોઈ રહી હતી. સોનલનું ધ્યાન અચાનક એની તરફ ગયું. તેણે એ સ્ત્રી તરફ એક મીઠું સ્મિત ફેંક્યું. જવાબમાં પેલી સ્ત્રી પણ હસી. સોનલે પોતાના થેલામાં હાથ નાખી એક નાનકડું પર્સ અને નેપ્કિન કાઢ્યા. સનત પણ નીચે ઊતર્યો. પેલી સ્ત્રીથી રહેવાયું નહીં. તેણે કહી નાખ્યું, 'આપકી ઘરવાલી બહોત અચ્છી હૈ' સનત રડવા જેવું હસ્યો. કાશ સોનલ ખરેખર મારી પત્ની હોત. તેણે એ સ્ત્રી સામે હસીને કહ્યું, 'શુક્રિયા' પેલી સ્ત્રીને એટલાથી કદાચ સંતોષ ન થયો. તેણે પૂછ્યું, 'વો આગે સે તો આપકે સાથ નહીં થી. બિચ મેં સે ચડી થી ક્યા?'

'હાં, વો જયપુરસેં ચડી થી. આટલું કહી તે ઝડપથી બર્થ પર ચડી ગયો. એને થયું રખે વળી પેલી સ્ત્રી કંઈ વધુ પૂછે. સોનલ ધાર્યા કરતા વહેલી ફ્રેશ થઈને આવી ગઈ. તેના ચહેરા પર ફૂટતી સવાર જેવી તાજગી દેખાતી હતી. ટ્રેન સાવ ધીમે ધીમે ચાલતી હતી. તેણે નીચેથી જ પેલું પર્સ સનતને આપ્યું અને આંખોથી સનતને જવા કહ્યું. તેણે પેલી સ્ત્રીને પૂછ્યું, 'મૈં આપકે પાસ બૈઠું?'

પેલી સ્ત્રી કદાચ સોનલથી અંજાઈ ગઈ હતી. તેણે બરાબર ખસીને જગ્યા કરતા લાગલો સોનલનો હાથ પકડીને કહ્યું, 'હાં બૈઠો ના. ઈસમેં પૂછનેવાલી ક્યા બાત હૈ' સોનલ તેને અડીને બેસી ગઈ. નીચે ગયેલો સનત ફ્રેશ થઈને પાછો આવ્યો ત્યારે સોનલ પેલી સ્ત્રી સાથે વાતોમાં ગુંથાયેલી હતી. તેને ઊભા રહેવું કે ઉપર ચડી જવું તેવો વિચાર આવ્યો. સોનલે તેને આંખથી ઉપર ચડી જવાનું કહ્યું. સનત વિચારતો રહ્યો કે, 'સોનલ શું અભિનય કરે છે. એને જોઈને કોઈ ન કહે કે તે ભાગી નીકળી હશે. પેલી સ્ત્રી શું સમજીને સોનલ સાથે વાતો કરતી હશે? ડોલતી હાથિણીની જેમ ભુજ બરેલી ભુજ આલા હઝરતે દિલ્હીની હદમાં પ્રવેશ કર્યો. સોનલ પેલી સ્ત્રીનો હાથ દાબી ઉપર આવી. થોડીવાર પહેલાની સુરખીની સ્થાને ચહેરા પર આછો તનાવ દેખાતો હતો. તેણે ધીમા સ્વરે કહ્યું, 'પ્લીઝ તમારો સેલ નંબર આપો અને તમારે જ્યાં જવાનું છે એનું એડ્રેસ પણ આપો.'

સનત ન સમજ્યો હોય તેમ જોઈ રહ્યો. તેણે ફરીથી કહ્યું, 'સાંભળ્યું નહીં?' સોનલે પોતાની પેન્ટના ખિસ્સામાંથી એક નાનકડી ડાયરી કાઢી અને સનતે શર્ટમાં ખોસેલી પેન કાઢી લેતા કહ્યું, 'લખાવો' સનતે પોતાનો સેલફોન નંબર અને હોટેલ સિલ્વર લાઈનનું એડ્રેસ લખાવ્યું. પછી ખિસ્સામાંથી પોતાનો સેલ ફોન કાઢતાં કહ્યું, 'મને પણ તમારો નંબર આપો.'

સોનલના મગજમાં કંઈક ઝડપભેર દોડતું હતું. તેણે કહ્યું, 'મારો નંબર પછી આપીશ પહેલા સાંભળો. તમે આગળ રહેજો. જ્યાં સુધી હું રેલવે સ્ટેશનની બહાર ન આવું મારી આ બેગ તમારી પાસે રાખજો. કશું ઊંધું ચતું થાય તો ગભરાતા નહીં. ઈન કેસ હું અડધા કલાક સુધી ન આવું તો તમે તમારી જગ્યાએ પહોંચી જજો. હું તમારા કોન્ટેક્ટમાં રહીશ.'

કોઈ ઉપરી અમલદારનો હુકમ સાંભળતો હોય તેમ સનત સોનલ સામે જોઈ રહ્યો. તેને એવો વિચાર આવ્યો કે, પોતે શા માટે આ ઝંઝટમાં પડી રહ્યો છે. શું મળશે પોતાને? આ બિન્દાસ છોકરી તો બે દિવસ પછી થેન્ક યુ કહીને ચાલી જશે. પણ જો કંઈ ઊંધુંચતું થયું તો પોતાને અહીં બચાવશે કોણ? સનતનો આત્મવિશ્વાસ જવાબ દઈ જવાની તૈયારીમાં જ હતો. સોનલ સનતનો ચહેરો વાંચી ગઈ. તેણે સનતનો હાથ દબાવીને કહ્યું, 'પ્લીઝ ખોટા વિચારો ન કરતા. હું ખૂન કરીને ભાગેલી નથી કે, નથી કોઈ ચોરી કરી. મારી આખી દાસ્તાન તમને કહીશ. અને હા, મારી બેગ સંભાળજો.' એક મિનિટ કહીને તેણે ઝડપથી પોતાની બેગ ખોલી. દુપટ્ટા જેવું કાઢ્યું અને મોં ઉપર બાંધી લીધું.

બેગમાં કોઈ જોખમી ચીજ તો નથી ને? સનત બુકાનીમાં જુદી લાગતી સોનલને જોઈ રહ્યો.

મારા કરતાં જોખમી તો નથી જ. એન્ડ લીસન મી, કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. કદાચ મારા સ્વાગત માટે પહેલેથી જ કોઈ ઊભું ન હોય તો સારું.

ટ્રેનની લાંબી વ્હીસલ સાંભળી સનતના ધબકારા તેજ થતા હતા. સનત એ પણ ભૂલી ગયો કે, તે એક જવાબદારીભર્યા કામ માટે અહીં આવ્યો છે. ટ્રેન દિલ્હી રેલવે સ્ટેશનમાં પ્રવેશી. કંઈ બોલ્યા વગર સોનલ નીચે ઊતરી. પાછળ સનત ઉતર્યો. પેલી સ્ત્રી જેની સાથે અત્યાર સુધી સોનલે વાતો કરી હતી. તે પણ ઊભી થઈ, સોનલે સનત સાંભળે તેમ કહ્યું, 'આપકા સામાન જ્યાદા હૈ, લાઈએ થોડા મૈ ઉઠા લેતી હું. હમારે પાસ દો હી બેગ હૈં.' પેલી સ્ત્રીએ આનાકાની વગર એક બેગ સોનલને આપતા કહ્યું, 'લો યે તુમ ઉઠાઓ. જ્યાદા ભારી નહીં હૈ.'

સોનલે ઈશારો કર્યો. સનત આગળ થયો. સોનલની બેગમાં વજન નહોતું. સનત આ અગાઉ બે વાર દિલ્હી આવી ગયો હતો, પણ આ વખતની ઉત્તેજના જુદા પ્રકારની હતી. તે ઊતરીને પ્લેટફોર્મ જરા આગળ જઈને ઊભો રહી ગયો. ખાસ્સીવારે સોનલ પેલી સ્ત્રી સાથે વાત કરતી આવતી દેખાઈ. સનતે એક્ઝીટ ડોર પાસે ઊભેલા ટિકિટ ચેકરને ધ્યાનથી જોયો અને એક્ઝીટ ડોર પર નજર પડે તે રીતે ઊભો રહ્યો.

સનત ખાસ્સીવાર ઊભો રહ્યો પણ ન તો સોનલ દેખાઈ ન પેલી સ્ત્રી. સોનલે એને કહેલું કે અડધા કલાકથી વધારે રાહ ન જોજે. સનતને સવારની ચા પણ મળી ન હતી. ખાલી પેટે હવે માથું ચડવા માંડ્યું હતું. અચાનક જ તેનું ધ્યાન ગયું કે, રેલવે સ્ટેશને જરૂર કરતા વધારે પોલીસ ગોઠવાયેલી હતી. તે મનોમન બોલ્યો, દિલ્હી હવે નકરા રાજકારણીઓ અને પોલીસવાળાઓથી જ ભરાતું જાય છે. ખાસ્સીવાર ઊભો રહ્યો પણ સોનલ ન આવી. તેણે વિચાર્યું. હવે હું જાઉં. તેની બેગ મારી પાસે છે એટલે પહોંચી આવશે. પણ તે પછી આવશે તો રહેશે ક્યાં? બેય સાથે ગયા હોત તો મેનેજમેન્ટ સાથે વાત કરી શકાઈ હોત. તે શા માટે નહીં આવી હોય? શું એના ઘરના લોકો અહીં પહોંચી આવ્યા હશે? તેણે નિરાશ આંખે છેલ્લી વાર જોયું અને બહાર આવ્યો. રિક્ષા અને ટેક્સિવાળા એને ઘેરી વળ્યા. તેણે એક સરળ દેખાતા ટેક્સિવાળાને કહ્યું, 'હોટેલ સિલ્વર લાઈનકા ક્યા લોગે ભાઈ?'

'અરે આ જાઓ સાબ, જો ઠીક લગે સો દે દેના. વૈસે ભી અબ યહાં પર ધંધા કરના મુશ્કીલ હો ગયા હૈ. સુબહ સેં પુલીસવાલોંકી ગાલિયાં ખા રહે હૈં. ચલિયે સાબ' કહીને ડ્રાઈવરે દરવાજો ખોલ્યો. અંદર બેસતાં સનતે ફરી એકવાર રેલવે સ્ટેશનના દરવાજા તરફ જોયું. કેટલાય માણસો આવતા જતા દેખાયા પણ એમા એ નહોતી, જે ગઈ રાતથી મનનો કબજો લઈને બેઠી છે. ડ્રાઈવરે કારને વાળી. કંઈક વાત કરવાના બહાને સનતે કહ્યું, 'ભાઈ આજ રેલવે સ્ટેશન મેં ઈતની પુલીસ ક્યોં દીખાઈ દેતી થી?'

ડ્રાઈવર ગુસ્સામાં બોલ્યો, 'અરે ક્યા કરે સાબ. યે દિલ્હી અબ ગુન્હેગારોં કા શહર બન ગયા હૈ. હમારા ધંધા ટેક્સિ ચલાને કા. જાયે તો જાયે કહાં?. ? પુલીસ કીસી લડકી કી તલાશ કર રહી હૈ. કોઈ કહ રહા થા વો ખૂબસૂરત લડકી આતંકવાદી હૈ. બોલો એક લડકી કે લિયે ઈતને પુલીસવાલે.'

ડ્રાઈવરની વાત સાંભળી સનતના મોતિયા મરી ગયા. તેની નાભિમાં ભયનું વલોણું ચાલુ થયું. તેને થયું કે એ છોકરી મારી સાથે હતી તે સોનલ તો નથી ને? કોઈ ઝેરી સાપના કરંડિયાને જોતો હોય તેમ બાજુમાં પડેલી સોનલની બેગ સામે જોઈ રહ્યો. ટેક્સિ હોટેલ સિલ્વર લાઈન તરફ આગળ વધી રહી હતી. (ક્રમશઃ)■

> **પુલીસ કીસી લડકી કી તલાશ કર રહી હૈ. કોઈ કહ રહા થા વો ખૂબસૂરત લડકી આતંકવાદી હૈ. બોલો, એક લડકી કે લિયે ઈતને પુલીસવાલે.**

---

## ફોકસ

ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# જીવતી મા

## આંખે દેખાતું બંધ થયા પછી જ અંધાપાની લાચારી સમજાય છે

એક વખત હું મારા પતિ સાથે બજારમાં જઈ રહી હતી ત્યારે માર્ગમાં આવતી મીઠાઈની દુકાન પાસે તેમના જૂના મિત્ર કે જેમની સાથે અમારો ઘર જેવો સંબંધ હતો તે મળી ગયા.

– બોલ્યા, 'આજે માનું શ્રાદ્ધ છે. માને લાડુ બહુ ભાવે એથી લાડુ લેવા આવ્યો છું!'

– અમારા બંનેના આશ્ચર્યનો પાર ન રહ્યો. હજી પાંચ મિનિટ પહેલાં તો અમે એમની માને શાક માર્કેટમાં મળ્યા હતા. અમે કાઈ બોલીએ તે પહેલાં ખુદ એ માતાજી હાથમાં થેલી લઈને ત્યાં આવી પહોંચ્યાં.

– તેમને જોઈને મારા પતિએ પૂછ્યું.

– 'ભલા માણસ, આવી શી મજાક માંડી છે...! માજી તો આ રહ્યાં તારી બાજુમાં...!'

– મિત્રે માતાના ખભા પર હાથ મૂક્યો અને હસીને કહ્યું.

– 'ભાઈ, વાત એમ છે કે માના મર્યા બાદ ગાય, કાગડાને વાસમાં લાડુ મૂકવાને બદલે હું માના ભાણામાં લાડુ મૂકી એમને જીવતા જીવત જ તૃપ્ત કરવા માગું છું, અને આમા મારી પત્ની-અર્ધાંગિનીનું પ્રોત્સાહન સમજ પણ કામમાં લાગે છે, મને મારા વિચારોમાં મક્કમ બનાવે છે.

'હું માનું છું કે જીવતાં જીવત મા-બાપને સર્વ વાતે સુખી કરો એ સાચું શ્રાદ્ધ ગણાય.' એમણે આગળ કહ્યું : 'માને ડાયાબિટીશ છે, પણ એમને પિત્ઝા, ખાજલી, સફેદ જાંબુ, કેરી, તરબૂચ વગેરે બહુ ભાવે છે. તે બધું જ એમને ખવડાવું છું.

– શ્રદ્ધાળુઓ મંદિરે જઈ અગરબત્તી સળગાવે છે.

– હું મંદિરે ખાસ જતો નથી, પણ માના સૂવાના ઓરડામાં કાચબાછાપ અગરબતી સળગાવી આપું છું.

– 'મિત્ર મને લાગે છે કે ભગવાનનો ફોટો કે મૂર્તિ સાફ કરવા કરતાં ઘરડી માનાં ચશ્માં સાફ કરવાથી પુણ્ય મળે છે.'

–મિત્રની વાતમાં વજૂદ છે, સચ્ચાઈ છે.

– આપણે વૃદ્ધોના મૃત્યુ બાદ શ્રાદ્ધ કરીએ છીએ.

– જ્ઞાતિને લાડુ-દૂધપાકનું જમણ જમાડીએ છીએ.

– એવો જ રિવાજ લગભગ દરેક કોમ-જ્ઞાતિમાં છે.

–રિવાજ ખાતર ભલે તેમ કરવું પડતું હોય, પણ ગાય - કાગડાને ખવડાવેલું કદી ઉપર પહોંચતું નથી.

– માવતરને જીવતાંજીવત જ બધાં સુખો આપીએ તે ઉત્તમ શ્રાદ્ધ છે.

– દીકરાઓ ગમે તેટલા શાણા, સમજુ અને પ્રેમાળ હોય પણ ઘડપણની લાચારી પીડા અને અસહાયતાનો તેમને ખ્યાલ આવી શકતો નથી.

– આંખે દેખાતું બંધ થયા પછી જ અંધાપાની લાચારી સમજાય છે.

–એ સંજોગોમાં વૃદ્ધોને પૈસા કરતાં પ્રેમની અને ટીકા કરતાં ટેકાની વધુ જરૂર પડે છે.

– આજના તણાવયુક્ત જીવનમાં દીકરાઓને માથે પણ તરેહ તરેહનાં ટેન્શનો અને જવાબદારીનું ભારણ હોય છે.

– તેઓ ઇચ્છવા છતાં મા-બાપની પૂરી કાળજી લઈ શકતા નથી.

– માતૃપ્રેમ વિશે લોક કવિઓએ ઘણું લખ્યું હોઈ, તે વિશે પ્રસ્તુત લેખના આવતા અંકના બીજા અને છેલ્લા ભાગમાં રોશની નાખીશું અને બોધ ગ્રહણ કરીશું.

**મલકાટ...**

– આજે મેં સુનીલને જમવા બોલાવ્યો છે, પતિએ કહ્યું.

– એ ઠીક ન કર્યું.

– બેબી બીમાર છે, નોકર નાસી ગયો છે, બાબો ઉધરસથી પીડાય છે અને ઘરમાં ઘી પણ નથી...! પત્નીએ જવાબ આપ્યો.

'એટલે જ એને નોતરું દઈ આવ્યો છું.'■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| शहाणा | બાઘો |
| वेडा | ડાહ્યો |
| आळसी | ગાંડો |
| बावळट | મહેનતુ |
| उद्यमी | આળસુ |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | ■ | ■ | |
| ૯ | ૧૦ | | ■ | ■ | | ■ | ૧૧ | | |
| ૧૨ | | ■ | ૧૩ | ■ | ■ | ૧૪ | | ■ | ■ |
| ■ | | ■ | ૧૫ | | ■ | ૧૬ | | ૧૭ | |
| ૧૮ | | ૧૯ | | ■ | ૨૦ | | ■ | | ■ |
| ■ | ■ | ૨૧ | | ■ | | ■ | ■ | ૨૨ | ૨૩ |
| ૨૪ | | | ■ | ૨૫ | ■ | ■ | ૨૬ | | |
| | ■ | ■ | ૨૭ | | ■ | ૨૮ | | ■ | |
| ૨૯ | | | ■ | ૩૦ | | ■ | ૩૧ | | |

### આડી ચાવી

૧. પરિસ્થિતિ, દૈવયોગ (૩)
૩. હજામ (૨)
૫. અણબનાવ (૩)
૭. હયાતી, અસ્તિત્વ (૨)
૮. જીવન જરૂરિયાતની એક ચીજ (૨)
૯. વેણ (૩)
૧૧. વય (૩)
૧૨. --- તેનો નાશ છે (૨)
૧૪. 'હું'નું બહુવચન (૨)
૧૫. બોલનાર (૨)
૧૬. કમઅક્કલ (૪)
૧૮. આદર સત્કાર, સેવાચાકરી (૪)
૨૦. બગીચો, ઉપવન (૨)
૨૧. શ્રાદ્ધને દિવસે કાગડાને નખાતું અન્ન (૨)
૨૨. સુધી (૨)
૨૪. પૃથ્વી (૩)
૨૬. વેચાણ (૩)
૨૭. શરણે (૨)
૨૮. ધાબું, અગાશી (૨)
૨૯. અપશબ્દ, અઘટિત વચન (૩)
૩૦. શરમ (૨)
૩૧. દાનત, વૃતિ (૩)

### ઊભી ચાવી

૧. શક્યતા (૪)
૨. ગૂઢ, અકળ (૩)
૪. વેરી, વિરોધ કરનાર (૩)
૬. વેતન, દરમાયો (૩)
૧૦. --- વગર નમસ્કાર નહીં (૪)
૧૧. ઈચ્છા, અભિલાષા (૩)
૧૩. ફૂરસદ (૪)
૧૪. અશુભ (૩)
૧૭. પુષ્કળ (૪)
૧૯. પાર્વતી (૩)
૨૩. ગીરવી મૂક્યાનું લખાણ (૪)
૨૪. મૂક, સ્તબ્ધ (૩)
૨૫. બાહોશ, હોશિયાર (૩)
૨૬. રહેવાશી (૩)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ આ | ૨ ધા | ર | ૩ સ્તં | ૪ ભ | ■ | ૫ શ | ર | ૬ દી |
| ૭ બ | ધિ | ર | ■ | ૮ ભિ | લ્લુ | ■ | રા | ■ | વા |
| ■ | પ | ■ | ■ | ૯ ત | ક | ૧૦ દી | ર | ■ | ન |
| ૧૧ સ | ત્ય | ૧૨ વ | ક્તા | ■ | ■ | ૧૩ પ | ત | ૧૪ ન | ■ |
| લિ | ■ | ક | ■ | ૧૫ ના | ૧૬ પા | ક | ■ | ૧૭ દી | ૧૮ ન |
| ૧૯ લ | ૨૦ બ | ■ | ૨૧ મ | જ | લ | ■ | ૨૨ પો | ■ | ગ |
| ■ | ૨૩ ગા | ૨૪ જ | ર | ■ | ■ | ૨૫ ઘ | ર | ૨૬ બા | ર |
| ૨૭ ગ | ■ | ૨૮ શ | મિ | ૨૯ યા | ૩૦ નો | ■ | ■ | રો | ■ |
| ર | ■ | ના | ■ | ૩૧ ચ | ક | ■ | ૩૨ ત | બા | હી |
| ૩૩ જુ | લ | મી | ■ | ૩૪ ક | ર | જ | દા | ર | ■ |

## જાણવા જેવું

બાવળનું લાકડું બહુ મજબૂત અને વજનદાર હોય છે. કેટલાક દિવસ ખુલ્લી જગ્યામાં પડ્યું રહે, તો તેનો રંગ લોઢા જેવો થઈ જાય છે. તેનું લાકડું ઉપરથી સફેદ અને અંદર સહેજ કાળાશ પડતું લાલ હોય છે. બાળવામાં આ લાકડું બહુ સારું ગણાય છે. તેનો તાપ બહુ આકરો હોવાથી તેના કોલસા પણ બનાવવામાં આવે છે.

## ઓળખાણ પડી?



કબૂતરના કુળના અને રાખોડી રંગ ધરાવતા ઘઉં - બાજરી, અન્નના દાણા આરોગતા અત્યંત શાંત પક્ષીને ઓળખી કાઢો.

અ) કલકલિયો
બ) સારસ
ક) તેતર
ડ) હોલો

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૨ | ૬ | | | | |
| | | | ૧ | | ૩ | ૯ | | |
| | | | ૫ | | | | ૧ | ૪ |
| | ૮ | | | | | | ૬ | ૧ |
| | ૩ | ૫ | | | | ૮ | ૯ | |
| ૨ | ૯ | | | | | | ૭ | |
| ૭ | ૬ | | | | ૫ | | | |
| | | ૩ | ૮ | | ૯ | | | |
| | | | | ૨ | ૧ | | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | ૮ | ૨ | ૧ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨ | ૬ | ૭ | ૯ | ૩ | ૫ | ૪ | ૮ | ૧ |
| ૪ | ૫ | ૧ | ૮ | ૬ | ૭ | ૨ | ૩ | ૯ |
| ૭ | ૨ | ૫ | ૩ | ૯ | ૬ | ૧ | ૪ | ૮ |
| ૩ | ૮ | ૯ | ૪ | ૨ | ૧ | ૬ | ૭ | ૫ |
| ૬ | ૧ | ૪ | ૫ | ૭ | ૮ | ૯ | ૨ | ૩ |
| ૧ | ૯ | ૬ | ૭ | ૮ | ૨ | ૩ | ૫ | ૪ |
| ૮ | ૪ | ૨ | ૧ | ૫ | ૩ | ૭ | ૯ | ૬ |
| ૫ | ૭ | ૩ | ૬ | ૪ | ૯ | ૮ | ૧ | ૨ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| वगळता | સિવાય |
| मऊ | નરમ |
| लवकर | જલદી |
| उशीर | મોડું |
| नेहमी | હંમેશા |

**ગુજરાત મોરી મોરી રેઃ** પત્ની

**ઓળખાણ પડી?** Tailor Bird

**માઈન્ડ ગેમ :** ટોક્યો

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ટકો

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના એકમાત્ર સગા સાળાના પિતાની એકમાત્ર દીકરીના સસરા પુરુષને સંબંધમાં શું થાય એ જણાવો.

અ) કાકા  બ) પિતા
ક) મામા  ડ) ભાઈ

## ચતુર આપો જવાબ  માથું ખંજવાળો

આપેલા વાક્યમાં અણગમતો મહેમાન સંતાયો છે એ શોધી કાઢો.

પ્રવાસ દરમિયાન અલપઝલપ મુલાકાત થઈ શકી.

## નોંધી રાખો

ભવિષ્ય આપણા જ હાથમાં છે, પરંતુ એનું ઘડતર તમારા યથા વિચારથી કરવાનું છે. માટે સમયને સાચવીને શ્રેષ્ઠ પરિણામ મેળવો.

## માઈન્ડ ગેમ

તાજેતરમાં ભયંકર ઉષ્ણતાના સમયમાં યુરોપના કયા શહેરમાં મહત્તમ ગરમી નોંધાઈ હતી એ જણાવો.

અ) Viena  બ) Basel  ક) Pulluau  ડ) Doksan

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ભારતી બુચ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભરત કજરિયા (૫) ધીરેન્દ્ર ઉદ્દેશી (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) હર્ષા મહેતા (૯) શ્રદ્ધા આશર (૧૦) મહેશ સંઘવી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) મીનલ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મુલરાજ કપૂર (૧૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) નિખિલ બંગાળી (૨૧) નંદુભાઈ એ. ગોઠી (૨૨) અમીશી બંગાળી (૨૩) વિણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) ભાવના કર્વે (૨૬) અંજુ ટોલિયા (૨૭) નિતીન જયંતીલાલ બજરિયા (૨૮) રમેશભાઈ દલાલ (૨૯) હિનાબેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) ડાયના સંતોકે (૩૪) અલકા વાણી (૩૫) વિજય આસર (૩૬) અરવિંદ કામદાર (૩૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) સુભાષ મોમાયા (૪૧) નીતા દેસાઈ (૪૨) પુષ્પા પટેલ (૪૩) પ્રવીણ વોરા (૪૪) મહેશ દોશી (૪૫) તાહેર ઔરંગાબાદવાલા (૪૬) શીરીન ઔરંગાબાદવાલા (૪૭) મહેશ દોશી (૪૮) જયવંત પદમશી ચિખલ (૪૯) અબ્દુલ્લા એફ. મુનીમ

# મહારાષ્ટ્રમાં નર્સિંગ શિક્ષણનો મોટો વિસ્તાર

## સરકાર ૧૦ નવી નર્સિંગ કૉલેજો શરૂ કરશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે ૧૦ નવી બીએસસી નર્સિંગ કૉલેજો સ્થાપવાનો, હાલની પાંચ કૉલેજોની ક્ષમતા બમણી કરવાનો અને આઠ જનરલ નર્સિંગ અને મિડવાઇફરી (જીએનએમ) કૉલેજોને બીએસસી નર્સિંગ સંસ્થાઓમાં અપગ્રેડ કરવાનો નિર્ણય લીધો છે, એમ તબીબી શિક્ષણ પ્રધાન હસન મુશરીફે જણાવ્યું હતું.

રાજ્યમાં વધતી જતી આરોગ્યસંભાળ જરૂરિયાતોને કારણે કુશળ નર્સોની વધતી જતી જરૂરિયાતને પહોંચી વળવા માટે નર્સિંગ શિક્ષણનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે, એમ પ્રધાને વિધાનસભામાં જણાવ્યું હતું.

સરકારના જણાવ્યા અનુસાર, ૨૦૨૫માં મહારાષ્ટ્રમાં ૨,૧૭,૬૪૦ નોંધાયેલી નર્સો હતી, પરંતુ સરકારી તબીબી કોલેજો, તેની સાથે જોડાયેલી હોસ્પિટલો અને ખાનગી આરોગ્ય સંસ્થાઓમાં વધતી જતી માગને પહોંચી વળવા માટે આ હાલનું સંખ્યાબળ અપૂરતું હતું.

ચંદ્રપુર, સિંધુદુર્ગ, યવતમાળ, અલીબાગ (રાયગઢ), રત્નાગિરિ, અમરાવતી, ધારાશિવ, ગઢચિરોલી, પાલઘર અને અહિલ્યાનગરમાં પ્રત્યેક ૧૦૦ વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા ધરાવતી ૧૦ નવી સરકારી બી.એસસી નર્સિંગ કોલેજો સ્થાપવામાં આવશે, એમ પ્રધાને જણાવ્યું હતું.

સરકારી ઠરાવમાં જણાવ્યા અનુસાર, નવી કૉલેજો માટે રૂ. ૩૩૪.૮૦ કરોડના મૂડી ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. તેમાંથી ત્રણ કોલેજો યવતમાળ, ચંદ્રપુર અને સિંધુદુર્ગ ને નર્સિંગ શિક્ષણ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી પણ સહાય મળશે. આ નિર્ણય અંતર્ગત, મુંબઈની જી.ટી. હોસ્પિટલ અને સેન્ટ જ્યોર્જ હોસ્પિટલ તેમજ ધુળે, સોલાપુર, અંબાજોગાઈ, અકોલા, નાગપુર અને સાંગલીમાં આવેલી આઠ સરકારી જીએનએમ કૉલેજોને બી.એસસી. નર્સિંગ કોલેજોમાં અપગ્રેડ કરવામાં આવશે, જેમાં પ્રત્યેકમાં વાર્ષિક ૧૦૦ વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા રહેશે.

રાજ્ય સરકારે જણાવ્યું હતું કે, અપગ્રેડેશન ઓફ સ્કૂલ્સ ઓફ નર્સિંગ ટુ કોલેજ ઓફ નર્સિંગ યોજના હેઠળ આ દરેક કોલેજને કેન્દ્ર સરકાર તરફથી રૂ. ૭ કરોડની આર્થિક સહાય મળશે.

આ નિર્ણય હેઠળ, મુંબઈ, ધુળે, સોલાપુર, અંબાજોગાઈ (બીડ જિલ્લો), અકોલા, નાગપુર અને સાંગલીમાં જીટી હોસ્પિટલ અને સેન્ટ જ્યોર્જ હોસ્પિટલમાં સ્થિત આઠ સરકારી જીએનએમ કોલેજોને વાર્ષિક ૧૦૦ વિદ્યાર્થીઓના પ્રવેશ સાથે બીએસસી નર્સિંગ કોલેજોમાં અપગ્રેડ કરવામાં આવશે.

રાજ્ય સરકારે જણાવ્યું હતું કે આ દરેક કોલેજોને નર્સિંગ સ્કૂલોને કોલેજ ઓફ નર્સિંગમાં અપગ્રેડ યોજના હેઠળ ૭ કરોડ રૂપિયાની કેન્દ્રીય સહાય મળશે.

# ધારાવી પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો ૧૮ મહિનામાં પૂર્ણ થશેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ માત્ર એક આવાસ યોજના નથી પરંતુ આર્થિક પરિવર્તનની પહેલ છે, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આશરે ૧૦ હજાર ઘરનો પ્રથમ તબક્કો આગામી ૧૮ મહિનામાં પૂર્ણ થશે.

વિધાનસભામાં બોલતા ફડણવીસે જણાવ્યું હતું કે પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળ પાત્ર રહેવાસીઓનું સ્થળ પર પુનર્વસન કરવામાં આવશે, જ્યારે અન્ય લોકોને નજીકના સ્થળોએ ઘરો પૂરા પાડવામાં આવશે.

રાજ્યએ આયોજિત શહેરી નવીનીકરણ અને આવાસ માટેની તેની વ્યૂહરચનાના ભાગરૂપે સમગ્ર મુંબઈમાં ૧૯ ક્લસ્ટર પુનર્વિકાસ પ્રોજેક્ટ નક્કી કર્યા છે. ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ એ મધ્ય મુંબઈમાં એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટીને આધુનિક, પરિવહન-લક્ષી હબમાં પરિવર્તિત કરવા માટે એક મહત્ત્વાકાંક્ષી શહેરી નવીનીકરણ પહેલ છે. તેનો ઉદ્દેશ્ય વિસ્તારના મહત્ત્વપૂર્ણ અનૌપચારિક અર્થતંત્ર અને સ્થાનિક ઉદ્યોગોને જાળવી રાખીને રહેવાસીઓનું પુનર્વસન કરવાનો છે. આ પ્રોજેક્ટ જાન્યુઆરી ૨૦૨૫ માં શરૂ થયો હતો.

ફડણવીસે જણાવ્યું હતું કે ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળ લગભગ ૯૫ મિલ્યન ચોરસ ફૂટ વિસ્તારનું રિડેવલપમેન્ટ કરવામાં આવશે અને તેનો હેતુ આવાસ, વ્યાપારી પ્રવૃત્તિ અને રોજગાર સર્જનને એકીકૃત કરવાનો છે. ધારાવીમાં બધા પાત્ર રહેવાસીઓને ૩૫૦ ચોરસ ફૂટના ઘર મળશે, જ્યારે ૨૦૧૧ના વિસ્તૃત પાત્રતા માપદંડ હેઠળ આવરી લેવામાં આવેલા લોકોને પણ ૨.૫ લાખ રૂપિયાનો નિર્ધારિત ચાર્જ ચૂકવ્યા પછી સમાવિષ્ટ કરવામાં આવશે. અયોગ્ય જણાતા લોકોને દૂર વિસ્થાપિત કરવામાં આવશે નહીં પરંતુ નજીકના સ્થળોએ પુનર્વસન કરવામાં આવશે..સરકાર ધારાવી પ્રોજેક્ટમાં આગામી ૧૮ મહિનામાં લગભગ ૧૦ હજાર ઘરનો પ્રથમ તબક્કો પૂર્ણ કરવાની યોજના ધરાવે છે.

ફડણવીસે જણાવ્યું હતું કે ઉત્તર મુંબઈને દક્ષિણ મુંબઈ સાથે જોડતી ભૂગર્ભ ટનલ સિગ્નલ-મુક્ત કનેક્ટિવિટી પ્રદાન કરશે અને શહેરના વ્યાપારી જિલ્લામાં મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટાડશે. આ પ્રોજેક્ટ ઓક્ટોબર ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. મુખ્ય મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિક ઓછો કરવામાં અને ઉત્તરીય ઉપનગરો અને દક્ષિણ મુંબઈ વચ્ચે મુસાફરી કરતા મુસાફરો માટે કનેક્ટિવિટી સુધારવામાં પણ પ્રોજેક્ટ મદદ કરશે.

શહેરની પાર્કિંગની તીવ્ર અછતને પહોંચી વળવા માટેના પગલાં પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે ૬૪૦ કાર અને ૧૧૨ ટૂ-વ્હિલરની ક્ષમતા ધરાવતો ભૂગર્ભ રોબોટિક પાર્કિંગ પ્લાઝા વિકસાવવામાં આવી રહ્યો છે, જ્યારે બીજો ભૂગર્ભ પાર્કિંગ પ્રોજેક્ટ પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે. (પીટીઆઈ)

# જીએમઆરનું નાગપુર ઍરપોર્ટ માટે 300 કરોડ રૂપિયાના રોકાણનું આયોજન

નાગપુરઃ જીએમઆર ઍરપોર્ટ્સ લિમિટેડે બુધવારે નાગપુર આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ માટે એક મહત્ત્વાકાંક્ષી બહુ-તબક્કાના આધુનિકીકરણ અને વિસ્તરણ આયોજનનું અનાવરણ કર્યું. આ આયોજન હેઠળ ૩૦૦ કરોડના પ્રારંભિક રોકાણથી વર્તમાન વ્યવસ્થા બહેતર બનાવવા અને વાર્ષિક મુસાફરોની ક્ષમતા ત્રણ કરોડ સુધી વધારી શકાય એમ છે. જીએમઆર ઍરપોર્ટ્સ લિમિટેડે ગયા મહિને નાગપુરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ અપગ્રેડેશન કાર્ય માટે ઔપચારિક રીતે કામગીરી સંભાળી લીધી.

કંપનીએ ઍરપોર્ટનું સંચાલન સંભાળ્યાના થોડા દિવસો પછી બુધવારે જીએમઆર ગ્રુપના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ચીફ ઇનોવેશન ઓફિસર એસજીકે કિશોર અને નાગપુર ઍરપોર્ટના સીઈઓ શ્રીકાંત ભંડારકરે નાગપુરમાં એક પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી.

કિશોરે જણાવ્યું હતું કે નાગપુર ઍરપોર્ટનું સંપાદન અને વિકાસ ભારતના ઝડપથી વિકસતા ઉડ્ડયન ક્ષેત્રમાં જીએમઆર ઍરપોર્ટની હાજરીનો વિસ્તાર કરે છે. આગામી આઠ વર્ષમાં વિકાસના પ્રથમ તબક્કાનો ઉદ્દેશ્ય મુસાફરોના અનુભવને વધારવા, કાર્યકારી ક્ષમતા વધારવા અને નાગપુરને વિદર્ભ અને વિશાળ પ્રદેશ માટે અગ્રણી ઉડ્ડયન અને લોજિસ્ટિક્સ પ્રવેશદ્વાર તરીકે સ્થાપિત કરવાનો છે. ૩૦૦ કરોડના પ્રારંભિક રોકાણ સાથે હાલના ઍરપોર્ટ પર જીએમઆર દ્વારા વધુ સુવિધા આપવામાં આવશે.

કિશોરે ઉમેર્યું હતું કે, તબક્કાવાર વિસ્તરણમાં ૩૦ વર્ષના સમયગાળા દરમિયાન વાર્ષિક ૩૦ લાખ મુસાફરોની મુસાફરોની ક્ષમતા વધારીને ત્રણ કરોડ મુસાફરો કરવાની કલ્પના કરવામાં આવી છે. આ સિવાય

ફાળવેલ જમીનમાં વાર્ષિક વધુ પાંચ કરોડ મુસાફરોની ક્ષમતા વધારવાની સંભાવના છે. જીએમઆર નાગપુર ઇન્ટરનેશનલ ઍરપોર્ટ લિમિટેડને સોંપવામાં આવેલી ૧,૦૦૦ હેક્ટર જમીનમાંથી, લગભગ ૧૦૦ હેક્ટર જમીન શહેર-સાઇડ ડેવલપમેન્ટ અથવા એરોસિટી પ્રોજેક્ટ માટે રાખવામાં આવી છે. (પીટીઆઈ)

# કન્ટેનર નીચે દબાયેલી રિક્ષાનો ખુરદો બોલાઈ ગયોઃ બેનાં મોત, એક ગંભીર





થાણેઃ બાજુમાંથી પસાર થતી રિક્ષા પર કેમિકલ ભરેલું કન્ટેનર પડતાં રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હોવાની ઘટના થાણેના ઘોડબંદર રોડ પર બની હતી. આ ઘટનામાં રિક્ષા ડ્રાઈવર સહિત બેનાં મોત નીપજ્યાં, જ્યારે એક ગંભીર રીતે ઘવાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ અકસ્માતમાં મૃત્યુ પામેલાઓની ઓળખ રિક્ષા ડ્રાઈવર દશરથ પવાર અને રિક્ષામાં બેસેલા પ્રવાસી મોહમ્મદ અમીન તરીકે થઈ હતી. રિક્ષામાં હાજર બીજા પ્રવાસીને આ ઘટનામાં ગંભીર ઇજા થઈ હોવાથી સારવાર માટે તેને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. ઘોડબંદર રોડ પર આનંદ નગર પરિસરમાં બુધવારની બપોરે ૧૨.૩૦ વાગ્યે આ ઘટના બની હતી. રિક્ષા અને કન્ટેનર ટ્રક એક જ દિશામાં જઈ રહી હતી. કન્ટેનર ટ્રકના ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં વાહન ઊંધું વળી ગયું હતું. ટ્રક ઊંધી વળી ત્યારે તેના પરનું કન્ટેનર બાજુમાંથી પસાર થતી રિક્ષા પર પડ્યું હતું, જેને કારણે રિક્ષા આખી દબાઈ ગઈ હતી. જોકે કન્ટેનર ઊંધું વળવા છતાં તેમાંનું કેમિકલ રસ્તા પર ફેલાયું નહોતું.

અકસ્માતની જાણ થતાં ટ્રાફિક પોલીસ રેસ્ક્યુ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ક્રેનની મદદથી કન્ટેનરને રસ્તાને કિનારે ખસેડવામાં આવ્યું હતું. કન્ટેનરના વજનને કારણે રિક્ષાનો ખુરદો બોલાઈ ગયો હતો, એવું ટ્રાફિક વિભાગના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ મ્હસકેએ જણાવ્યું હતું. ઘટનાને કારણે ટ્રાફિક જૅમ થઈ ગયો હતો અને કલાકો સુધી વાહનવ્યવહાર પર અસર થઈ હતી. અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તા પરથી દૂર ખસેડવામાં આવ્યા પછી વાહનવ્યવહાર પૂર્વવત્ કરવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

# મહારાષ્ટ્ર દરેક ગામમાં સ્મશાનની સુવિધા સુનિશ્ચિત કરવા માટે નીતિ ઘડશેઃ પ્રધાન

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર રાજ્યના દરેક ગામમાં સ્મશાનની સુવિધા ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરવા માટે એક વ્યાપક નીતિ ઘડશે, એમ રાજ્યના ગ્રામીણ વિકાસ પ્રધાન જયકુમાર ગોરેએ બુધવારે જણાવ્યું હતું.

રાજ્ય વિધાનસભામાં વિપક્ષી શિવસેનાના ધારાસભ્ય સંજય ડેરકર દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા ગોરેએ જણાવ્યું હતું કે, સરકારે 'દરેક ગામમાં સ્મશાન'ની નીતિ અપનાવી છે અને સુનિશ્ચિત કરશે કે જે ગામોમાં સ્મશાનની સુવિધા નથી, તેમને જમીન અને ભંડોળની ફાળવણીમાં અગ્રતા આપવામાં આવે.

પ્રધાને માહિતી આપી કે મહારાષ્ટ્રના ૪૦,૭૬૦ ગામોમાંથી ૩૨,૭૯૧ ગામોમાં સ્મશાન છે. તેમણે જણાવ્યું હતું કે સરકારે નિર્દેશ આપ્યો છે કે જે ગામોમાં સુવિધા નથી ત્યાં અન્ય વિકાસ કાર્યોને મંજૂરી આપતા પહેલા સ્મશાનગૃહની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવે. જે ગામોમાં સ્મશાન માટે જમીન ઉપલબ્ધ નથી, ત્યાં એક અલગ અને વ્યાપક નીતિ તૈયાર કરવામાં આવી રહી છે. સરકાર જમીન ફાળવવી, નજીકનાં ગામો માટે સામૂહિક સ્મશાન બનાવવા અને જરૂરિયાત મુજબ જમીનનું સંપાદન કે ખરીદી કરવી જેવા વિકલ્પો પર વિચાર કરી રહી છે.

તેમણે ઉમેર્યું કે, જિલ્લા કલેક્ટરોને એવાં ગામોને શોધી અહેવાલો રજૂ કરવા કહેવામાં આવશે જ્યાં સ્મશાનની સુવિધા નથી. આ પ્રોજેક્ટ્સ માટે નાણાકીય સહાય જિલ્લા આયોજન સમિતિઓ, જિલ્લા પરિષદ સેસ ફંડ અને અન્ય ઉપલબ્ધ ભંડોળ દ્વારા પૂરી પાડવામાં આવશે. આ ચર્ચામાં ધારાસભ્યો અતુલ ભોસલે (ભાજપ), વિજય વડેટ્ટીવાર (કૉંગ્રેસ), અમિત દેશમુખ (કૉંગ્રેસ) અને અન્ય ધારાસભ્યોએ પણ ભાગ લીધો હતો.

# ગર્ભપાત રોકવા નાંદેડ પ્રશાસન એક્શનમાંઃ સગર્ભા મહિલાઓનું મોનિટરિંગ તેજ કરાયું

નાંદેડઃ કન્યા ભ્રૂણ હત્યા અટકાવવા માટે મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લામાં આરોગ્ય અધિકારીઓએ સગર્ભા મહિલાઓની, ખાસ કરીને જેમને પહેલાથી દીકરીઓ છે તેવી મહિલાઓની દેખરેખ સખત કરી દીધી છે.

એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે, સગર્ભા મહિલાઓની આ દેખરેખ કન્યા ભ્રૂણ હત્યા વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા એક વિશેષ અભિયાનનો ભાગ છે. આ કાર્યક્રમ હેઠળ, સંવેદનશીલ અથવા જોખમી શ્રેણીમાં આવતી સગર્ભા મહિલાઓનું ડિલિવરી ન થાય ત્યાં સુધી નિયમિતપણે ટ્રેકિંગ કરવામાં આવે છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, કેટલીક જગ્યાઓ પર ગેરકાયદેસર રીતે જાતિ પરીક્ષણ થતું હોવાને કારણે આરોગ્ય વિભાગે જિલ્લાના સોનોગ્રાફી કેન્દ્રોની કડક તપાસ કરવાનો પણ નિર્ણય લીધો છે અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# લોકકલા અનુદાન યોજનામાં ચાર વધુ પરંપરાગત કલાનો સમાવેશ

મુંબઈઃ રાજ્ય સરકાર રાજ્યના સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ અને પ્રોત્સાહન માટે ચાર વધુ પરંપરાગત કલા સ્વરૂપોને આવરી લેવા માટે લોકકલા અનુદાન યોજનાનો વિસ્તાર કરવામાં આવશે એવી જાહેરાત મહારાષ્ટ્રના પ્રધાન આશિષ શેલારે બુધવારે કરી હતી. આ ચાર લોકકલાઓમાં નમન ખેળે, જાખડી, વહી ગાયન અને ઝાડીપટ્ટીનો સમાવેશ છે.

રાજ્ય વિધાનસભામાં આ જાહેરાત કરતા રાજ્યના સાંસ્કૃતિક બાબતોના પ્રધાને જણાવ્યું હતું કે આ નિર્ણય મહારાષ્ટ્રની સમૃદ્ધ લોક પરંપરાઓનું સંરક્ષણ કરવા અને આ સ્વરૂપો સાથે સંકળાયેલા કલાકારોને નાણાકીય સહાય પૂરી પાડવા કરવામાં આવ્યો છે.

રાજ્ય ૨૦૦૮થી તમાશા, દશાવતાર, શાહિરી, ખડી ગમ્મત અને સંગીત બારી જેવી પરંપરાગત લોક કલાઓને અનુદાન આપી રહ્યું છે. નવા સમાવિષ્ટ ચાર કલા સ્વરૂપો પણ હવે આ યોજના હેઠળ સહાય માટે પાત્ર બનશે. ૧૩૦ વર્ષનો ઇતિહાસ ધરાવતી લોક નાટ્ય પરંપરા ઝાડીપટ્ટી મુખ્યત્વે પૂર્વીય વિદર્ભ જિલ્લા ચંદ્રપુર, ગઢચિરોલી, ગોંદિયા અને ભંડારામાં પ્રચલિત છે.

સુધારેલી યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલા નવા ચાર લોક કલા સ્વરૂપોમાંથી દરેકમાંથી ૨૦ મંડળીઓને વાર્ષિક ૫૦ હજાર રૂપિયાનું અનુદાન મળશે. એ અનુસાર દરેક શ્રેણીને કુલ વાર્ષિક ૧૦ લાખ રૂપિયા ફાળવવામાં આવશે એમ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઈ)

# પ્રીટિ ઝિન્ટાના ડીપફેક્સને દૂર કરવાનો હાઇ કોર્ટનો આદેશ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે બુધવારે અભિનેત્રી પ્રીટિ ઝિન્ટાને દર્શાવતી તમામ ડીપફેક, મોર્ફ કરેલા ફોટા, નકલી વીડિયો અને અન્ય અનધિકૃત ઓનલાઈન સામગ્રીને દૂર કરવાનો આદેશ આપ્યો હતો, અને કહ્યું હતું કે આવી સામગ્રીનો દુરુપયોગ વ્યક્તિના મૂળભૂત અધિકારોનું હનન કરે છે.

ઝિન્ટાને રાહત આપતાં, જસ્ટિસ માધવ જામદારની સિંગલ બેન્ચે ઓનલાઈન પ્લેટફોર્મર્સને માહિતી ટેકનોલોજી નિયમો હેઠળ તેમની જવાબદારીઓની યાદ અપાવી. કોર્ટે આવી સામગ્રીનો ઉપયોગ કરવામાં મધ્યસ્થીઓની ભૂમિકાનો મુદ્દો પણ ઉઠાવ્યો, કારણ કે તેમના પ્લેટફોર્મનો પણ દુરુપયોગ થઈ રહ્યો છે.

બેન્ચે વિવિધ પ્લેટફોર્મ પર અપલોડ કરાયેલા ઝિન્ટાના આવા તમામ અનધિકૃત અને નકલી ફોટા અને વીડિયો તાત્કાલિક દૂર કરવાનો આદેશ આપ્યો હતો.

અદાલતે જણાવ્યું હતું કે ફિલ્મ ઉદ્યોગ સાથે ૨૫ વર્ષથી વધુ સમયથી જોડાયેલા ઝિન્ટાએ પોતાની કારકિર્દી દરમિયાન એક મૂલ્યવાન જાહેર ઓળખ ઊભી કરી છે. એઆઈ-જનરેટેડ કન્ટેન્ટમાં તેમની તસવીર, દેખાવ અને હાવભાવનો અનધિકૃત ઉપયોગ તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી શકે છે અને તેમના અધિકારોનું ઉલ્લંઘન કરી શકે છે.

પોતાના દાવામાં, ઝિન્ટાએ ડીપફેક અને મોર્ફ કરેલા વિઝ્યુઅલ્સ દ્વારા તેને દર્શાવતા વીડિયો, છબીઓ અને ચેટબોટ-શૈલીની વાતચીતનો ઉલ્લેખ કર્યો હતો.

અભિનેત્રીના વકીલે લગભગ ૨૭૫ વેબસાઇટ્સ તરફ ધ્યાન દોર્યું જેમાં અભિનેત્રીના દેખાવનો ઉપયોગ કરીને એઆઈ-જનરેટેડ, મોર્ફ કરેલ અથવા સુપરઇમ્પોઝ્ડ ફોટાઓ અને વીડિયો હતા. તેમણે દલીલ કરી હતી કે આવી સામગ્રી તેના વ્યક્તિત્વ, પ્રચાર અને નૈતિક અધિકારોનું ઉલ્લંઘન કરે છે.

# વિધાનસભામાં દૈવી ઘટના સંદર્ભે સ્પીકર-વિધાનસભ્ય વચ્ચે વિવાદ

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભામાં બુધવારે સ્પીકર રાહુલ નાર્વેકર અને શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરે વચ્ચે રાજ્યમાં પડેલા ધોધમાર વરસાદ અને તેનાથી સંબંધિત ઘટનાઓના સંદર્ભમાં દૈવી ઘટના અંગે વાદવિવાદ થયો હતો.

વિપક્ષી સભ્યોએ વરસાદની સ્થિતિનો મુદ્દો ઉઠાવવામાં વિલંબનો વિરોધ કરી જણાવ્યું હતું કે આ મુદ્દો ગૃહ સમક્ષ સૌથી મોટી ચિંતાનો વિષય છે.

સ્પીકર નાર્વેકરે કહ્યું કે ગૃહ ગુરુવારે ટૂંકા ગાળાની ચર્ચા હાથ ધરશે. જોકે, તેમણે ચોમાસાના પ્રકોપ માટે આબોહવા પરિવર્તનનો ઉલ્લેખ કરી એને નિયંત્રિત નથી કરી શકતો એમ પણ જણાવ્યું હતું.

એનો જવાબ આપતા આદિત્ય ઠાકરેએ સવાલ કર્યો હતો કે 'શું મેન્ગ્રોવ્સ અને જંગલો કાપવા પર ચર્ચા થશે? એ પણ દૈવી ઘટના હતી એમ તમારું કહેવું છે?'

સ્પીકરે સામો સવાલ કર્યો કે શું આદિત્ય ઠાકરે દૈવી ઘટના નિયંત્રિત કરી શકે છે? ત્યારબાદ ઠાકરેએ અયોધ્યામાં રામ મંદિરમાં દાનમાં કથિત ઉચાપતનો મુદ્દો ઉઠાવ્યો. આના પરિણામે વિપક્ષ અને ટ્રેઝરી બેન્ચ વચ્ચે સૂત્રોચ્ચાર અને પ્રતિ-નારા થયા, જેના પગલે ગૃહ પાંચ મિનિટ માટે સ્થગિત કરવામાં આવ્યું.

મુંબઈ અને રાજ્યના અન્ય ભાગોમાં છેલ્લા કેટલાક દિવસોમાં પડેલા ધોધમાર વરસાદને કારણે વૃક્ષો પડવાની અનેક ઘટનાઓ બની, મૃત્યુ થયાં, પાણી ભરાઈ ગયાં અને રોડ, રેલ અને હવાઈ ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. (પીટીઆઈ)

# મહારાષ્ટ્રમાં આદિવાસીઓને અલગ જમીન દસ્તાવેજ મળશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે બુધવારે જણાવ્યું હતું કે વન અધિકાર કાયદા હેઠળ જમીન ધરાવતા આદિવાસીઓ અને અન્ય પરંપરાગત વનવાસીઓને અલગ જમીન દસ્તાવેજ જારી કરવામાં આવશે, જેનો હેતુ તેમને મુશ્કેલી વિના કૃષિ લોન અને સરકારી કલ્યાણ યોજનાઓ મેળવવા સક્ષમ બનાવવાનો છે. વિરોધ પક્ષોએ આ પગલાનું સ્વાગત કરી કહ્યું કે સરકારે લાંબા સમયથી પડતર માગણી પૂર્ણ કરી છે.

રાજ્ય વિધાનસભાના બંને ગૃહોમાં જાહેરાત કરી મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું કે સરકારે વન અધિકાર જમીન ધારકો માટે અલગ ફોર્મ ૭ઈ (અધિકારોનો રેકોર્ડ) અને ગામ ફોર્મ ૧૨ઈ (પાક રજિસ્ટર) ને મંજૂરી આપી છે. આ નિર્ણયથી રાજ્યભરના બે લાખથી વધુ આદિવાસી પરિવારોને લાભ થવાની અપેક્ષા છે.

બાવનકુળેએ એમ પણ જણાવ્યું હતું કે 'અત્યાર સુધી, જમીન રેકોર્ડમાં વન અધિકાર લાભાર્થીઓના નામ ફક્ત અન્ય અધિકારો કોલમ હેઠળ દાખલ કરવામાં આવતા હતા, જ્યારે માલિકી મહારાષ્ટ્ર સરકાર - વનના નામે દર્શાવવામાં આવતી હતી. આનાથી આદિવાસી ખેડૂતોને ખેડૂત ઓળખપત્ર મેળવવા, બેંકોમાંથી પાક લોન મેળવવા, કૃષિ વિભાગની યોજનાઓનો લાભ લેવા અને કુદરતી આફતોને કારણે થયેલા પાકના નુકસાન માટે વળતર મેળવવામાં વ્યવહારુ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ મુદ્દાઓના ઉકેલ માટે, સરકારે મુખ્ય પ્રધાનના માર્ગદર્શન હેઠળ મહેસૂલ પ્રધાનની અધ્યક્ષતામાં એક ખાસ સમિતિની રચના કરી હતી.' (પીટીઆઈ)

# છ મહિનામાં ૪૬૫ ખેડૂતોની આત્મહત્યા

છત્રપતિ સંભાજીનગરઃ છત્રપતિ સંભાજીનગરસ્થિત વિભાગીય કમિશનરની કચેરીના અહેવાલ મુજબ, મધ્ય મહારાષ્ટ્રના મરાઠવાડામાં ચાલુ વર્ષે જાન્યુઆરીથી જૂન દરમિયાન કુલ ૪૬૫ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી, જેમાં છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં સૌથી વધુ ૧૦૯ કેસ નોંધાયા હતા, જ્યારે સૌથી ઓછા ૨૬ કેસ લાતુર જિલ્લામાં નોંધાયા હતા.વર્ષ ૨૦૨૫માં આઠ જિલ્લાઓનો સમાવેશ કરતા આ પ્રદેશમાં ખેડૂતોની આત્મહત્યાના ૧,૧૩૧ કેસ નોંધાયા હતા. રિપોર્ટ મુજબ, આત્મહત્યાના ૨૧૫ કેસ સરકાર તરફથી આર્થિક સહાય મેળવવા માટે પાત્ર જણાયા હતા, જ્યારે ૨૬ કેસ વળતર માટે અપાત્ર ઠર્યા હતા. હાલમાં ૨૨૨ કેસની ચકાસણી ચાલી રહી છે અને અત્યાર સુધીમાં ૧૦૮ કેસમાં આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે. જાન્યુઆરીથી જૂન સુધી જિલ્લાવાર ખેડૂતોની આત્મહત્યા નીચે મુજબ છેઃ છત્રપતિ સંભાજીનગર (૧૦૯), બીડ (૯૫), ધારાશિવ (૬૫), નાંદેડ (૬૧), જાલના (૪૦), પરભણી (૩૪), હિંગોલી (૩૫) અને લાતુર (૨૬) એમ અહેવાલમાં ઉમેર્યું હતું.

# ૧૬ ઓગસ્ટ પહેલાં મરાઠી ભાષા પરીક્ષા પાસ કરો, નહીં તો પરમિટ ગુમાવશો

## ટૅક્સી અને રિક્ષાચાલકોને પ્રધાનની ચેતવણી

મુંબઈઃ મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે બુધવારે ચેતવણી આપી હતી કે જો ટેક્સી અને ઓટો-રિક્ષા ચાલકો વ્યવહારુ મરાઠી ભાષાની કસોટી પાસ કરવામાં નિષ્ફળ જશે, તો ૧૬ ઓગસ્ટથી તેમના લાઇસન્સ રદ કરવામાં આવી શકે છે. મહારાષ્ટ્ર પરિવહન વિભાગે તમામ બિન-મરાઠી ઓટો-રિક્ષા અને ટેક્સી ચાલકો માટે વ્યવહારુ મરાઠી ભાષા શીખવાની અંતિમ તારીખ ૧૫ ઓગસ્ટ નક્કી કરી છે. વિધાન ભવન પરિસરમાં પત્રકારો સાથે વાત કરતા પરિવહન પ્રધાન સરનાઈકે જણાવ્યું હતું કે, ચાલકોને વ્યવહારુ મરાઠીની તાલીમ આપવા માટે લગભગ ૪૫૦ શિક્ષકોને રોકવામાં આવ્યા છે અને સરકારે તેમને આ ભાષા શીખવા માટે ૧૬ ઓગસ્ટ સુધીનો સમય આપ્યો છે. 'મહારાષ્ટ્ર મોટર વ્હિકલ રૂલ્સ, ૧૯૮૯ના નિયમ ૪, ૨૨ અને ૮૫ હેઠળ, વાહનચાલકોને વ્યવહારુ મરાઠી ભાષા શીખવા માટે ૧૬ ઓગસ્ટ સુધીનો સમય આપવામાં આવ્યો છે. ત્યારબાદ કડક કાર્યવાહી કરવામાં આવશે. જો વાહનચાલક વ્યવહારુ મરાઠીની કસોટીમાં નિષ્ફળ જાય, તો પ્રાદેશિક પરિવહન કચેરી (આરટીઓ) પાસે તેમનું લાયસન્સ રદ કરવાની સત્તા છે,' તેમ તેમણે જણાવ્યું હતું.


## ક્લાસીફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૨૧૪-ઈ)

### ૧૭. જગ્યા આપવી છે

**JUHU - 3 BED**

**1250', નવા બિલ્ડિંગમાં એમેનિટિસ સાથે (6.25), 1225' (5.50), 1600' (9.00) 9004900290. (૧૧૮૧-સી)**

**JUHU - 4 BED**

2000' ફૂલ ફર્નિશ્ડ, 3 પાર્કિંગ સાથે વેચાણથી, બીજા 15 ફ્લેટ, નવા બિલ્ડિંગમાં એમેનીટીસ સાથે વેચાણથી. 9004900290. (૧૧૮૧-એ)

**JUHU - 3 BED RENTAL**

1100', 1200', 1400'ના 7-8 ફ્લેટ ફર્નિશ્ડ તથા Empty, ફેમીલી માટે ભાડા ઉપર ઉપલબ્ધ. 9004900290. (૧૧૮૧-બી)

**પાર્લા - 4 બેડ ભાડેથી**

1800' ફુલ ફર્નીશ્ડ, હાયર ફ્લોર, 2 પાર્કિંગ સાથે (2,50,000) / 3 બેડ - 1,30,000 / 2 બેડ - 85,000/- નેગોશીયેબલ. 9004900290. (૧૧૮૫-એ)

### ૫૫. જ્યોતિષ ભવિષ્ય

સચોટ જયોતિષ
જન્મતારીખ અને સમય વોટસએપ કરો
લગ્ન યોગ કયારે, ભાગ્યોદય કયારે
વાતો ન કરો, રીઝલ્ટ માંગો
ફી લેવામાં આવતીજ નથી
7304586200
(બી-૧૭૮૪૧)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઇડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદીવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૨૦૪-સી)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**

પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# ઈરાન પર હુમલા કરીને ટ્રમ્પે ફરી પલિતો ચાંપ્યોઃ શૅરબજારમાં ફરી તોતિંગ કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેના વચગાળાના કરારનો અંત આવ્યો હોવાનું જાહેર કર્યા બાદ અમેરિકા-ઈરાન તણાવમાં વધારો અને ક્રૂડ ઓઇલના ભાવમાં વધારાથી ખખડેલા સેન્ટિમેન્ટ વચ્ચે શેરબજારમાં ગુરુવારે જોરદાર કડાકો બોલી ગયો હતો. આ ઉપરાંત, વૈશ્વિક બજારોમાં નકારાત્મક વલણ વચ્ચે પ્રથમ ત્રિમાસિક ગાળાની સુસ્ત આગાહીને કારણે રોકાણકારોએ રિસ્ક ઓફ મોડ અપનાવ્યો હોવાનું બજારના સાધનોએ જણાવ્યું હતું.

સત્ર દરમિયાન ૧,૯૨૧.૬૯ પોઈન્ટ અથવા ૨.૪૫ ટકા ઘટીને ૭૬,૨૫૯.૦૩ નીચી સપાટીને અથડાયા બાદ અંતે સેન્સેક્સ ૧,૬૭૭.૧૨ પોઈન્ટ અથવા ૨.૧૫ ટકા ઘટીને ૭૬,૫૦૩.૬૦ પર સ્થિર થયો, જ્યારે નિફ્ટી ૫૧૬.૬૫ પોઈન્ટ અથવા ૨.૧૨ ટકા ઘટીને ૨૩,૮૮૨.૦૫ પર બંધ થયો હતો. બીએસઇ પર કુલ ૩,૨૧૧ શેર ઘટ્યા હતા, જ્યારે ૧,૦૭૦ વધીને ૧૭૩ શેર યથાવત રહ્યા હતા.

સેન્સેક્સ પેકમાં બધી કંપનીઓ લાલ રંગમાં ધકેલાઇ ગઇ હતી. ઇન્ટરગ્લોબ એવિએશન, મારુતિ, હિન્દુસ્તાન યુનિલિવર, બજાજ ફાઇનાન્સ, કોટક મહિન્દ્રા બેંક અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં સૌથી વધુ ધોવાણ જોવા મળ્યું હતું. મિડકેપ સિલેક્ટ ઇન્ડેક્સ ૨.૧૪ ટકા ઘટ્યો અને સ્મોલકેપ સિલેક્ટ ઇન્ડેક્સ ૧.૬૧ ટકા ઘટ્યો હતો.

પ્રાઇમરી માર્કેટમાં મિલવર્ક્સ ટેક્નોલોજીસ લિમિટેડ, ૧૪ જુલાઈના રોજ રૂ. ૧૬૦.૩૩ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. આ ઇશ્યુની પ્રાઇસ બેન્ડ રૂ.૩૧૫થી રૂ. ૩૩૧ પ્રતિ શેર છે. લોટ સાઈઝ ૪૦૦ ઈક્વિટી શેર છે. આઇપીઓમાંથી મળેલી ચોખ્ખી રકમનો ઉપયોગ પ્લાન્ટ અને મશીનરી ખરીદવા, કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે મૂડી ખર્ચ માટે કરવામાં આવશે. એન્કર બિડિંગ ૧૩ જુલાઈના રોજ ખુલશે. ઇશ્યુ ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે.

બોર્ડની મંજૂરી અંતર્ગત એવેનિર ઇન્ટરનેશનલ એન્જિનિયર્સ એન્ડ કન્સ્લ્ટન્ટ્સ એલએલસી, અબુ ધાબીમાં ૯૦ ટકા સુધીના ઇક્વિટી હિસ્સાનું શેર સ્વેપ ટ્રાન્ઝેક્શન દ્વારા સંપાદન કરશે. આ સંપાદન એવેનિરના શેરધારકોને રૂ.૧૦ પ્રતિ શેરના ઇશ્યૂ ભાવે એસઇપીસીના ૧૫૩ કરોડ ઇક્વિટી શેરના પ્રેફ્રેન્શિયલ ફાળવણી દ્વારા હાથ ધરવામાં આવશે, જે કુલ રૂ. ૧,૫૩૦ કરોડ થશે. ઇન્સ્ટન્ટ બીવરેજીસની વિશ્વની સૌથી મોટી કંપની રસનાએ રેડી ટુ ડ્રીન્સ ફ્રુટ બીવરેજીસની માર્કેટમાં જન્પીનના એક લિટરના ટેટ્રા પેક કાર્ટનનું દેશભરમાં લોન્ચીંગ કર્યું છે, જેનું વેચાણ ઇ-કોમર્સ, ક્વીક કોમર્સ સહિતના આધુનિક રિટેલ ફોર્મેટ મારફત થશે.

બધા ક્ષેત્રો ઘટીને બંધ થયા. સર્વિસિસમાં ૩.૨૧ ટકાનો તીવ્ર ઘટાડો થયો, પીએસયુ બેંક (૨.૭૬ ટકા), મિડસ્મોલ પ્રાઇવેટ બેંક્સ ક્વોલિટી ટિલ્ટ (૨.૭૪ ટકા), એફએમસીજી (૨.૫૪ ટકા), ફાઇનાન્શિયલ સર્વિસિસ (૨.૪૯ ટકા), બેન્કેક્સ (૨.૪૬ ટકા) અને ટોચની ૧૦ બેંકો (૨.૩૪ ટકા) ગબડ્યો હત. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૬.૧૮ ટકા વધીને પ્રતિ બેરલ ૭૮.૭૪ ડોલર થયો. દરમિયાન, બુધવારે રૂપિયો ૫૯ પૈસા ઘટીને ૯૫.૫૫ (કામચલાઉ) પર સ્થિર થયો હતો.

ઇન્સ્યોરન્સ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયાએ રીઇમેર્જિંગન્સ્યોરન્સ ઇન રેપિડલી ટ્રાન્સફોર્મિંગ રીસ્ક લેન્ડસ્કેપ થીમ પર ૭૧મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે એક યોજ્યો હતો, જેમાં ખાસ કરીને વિકસિત આર્થિક, તકનીકી, પર્યાવરણીય અને સામાજિક જોખમોના સંદર્ભમાં ૨૧મી સદીમાં વીમા ક્ષેત્રને આકાર આપતા ઉભરતા પડકારો અને પરિવર્તનશીલ તકો પર ચર્ચા કરવાનો હતો. એલઆઇસી ઓફ ઇન્ડિયા, જનરલ ઇન્શ્યોરન્સ, કોલેજ ઓફ ઇન્શ્યોરન્સ, સ્ટાર યુનિયન દાઈ-ઈચી લાઈફ ઈન્સ્યોરન્સ, બજાજ જનરલ ઈન્સ્યોરન્સ, એજીસ ફેડરલ લાઈફ ઈન્સ્યોરન્સ, આદિત્ય બિરલા સન લાઈફ ઈન્સ્યોરન્સ, ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સ સહિતની કંપનીના અધિકારીઓ સહભાગી થયા હતા.

આદિત્ય બિરલા સન લાઇફ ચાઇલ્ડ એજ્યુકેશનના દરેક મહત્વના તબક્કાને માઇલસ્ટોન આધારિત ચુકવણીઓ દ્વારા ટેકો આપતો ઇન્શ્યોરન્સે અનમોલ અક્ષય પ્લાન લોન્ચ કર્યો છે. આ પ્લાન મધ્યમથી લાંબા ગાળાની બચત દ્વારા પરિવારોને ભવિષ્યના લક્ષ્યો હાંસલ કરવામાં સહાયક બનવાનો ઉદ્દેશ ધરાવે છે. ઉપરાતં મહિલાઓને સ્માર્ટ બચત સાથનો વિશેષ લાભ, હેલ્થ મેનેજમેન્ટ સર્વિસીસ, માતૃત્વ સંબંધિત ચુકવણી અને કેન્સર સહાયનો લાભ પણ તેમાં સમાવિષ્ટ છે.

હોર્મુઝ સ્ટ્રેટમાં ઇરાની વેપારી જહાજો પરના હુમલા બાદ યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઇરાન સાથેના વચગાળાના શાંતિ કરારની સમાપ્તીની જાહેર કર્યા પછી ભૂ-રાજકીય તણાવ ફરી શરૂ થયો અને વૈશ્વિક ઉર્જા પુરવઠા અંગે નવી ચિંતાઓ ઉભી થવાને કારણે ભારતીય ઇક્વિટી બજારોમાં ભારે વેચવાલી શરૂ થઇ ગઇ હતી. ભૂરાજકીય જોખમો ફરી સપાટીએ આવતા ક્રૂડ ઓઇલના ભાવમાં લગભગ સાતેક ટકા સુધીનો તીવ્ર ઉછાળો આવતાં વૈશ્વિક નાણાકીય બજારોમાં જબરદસ્ત આંચકા જોવા મળ્યા હતા.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૫.૩૫ ટકા, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ૨.૧૧ ટકા અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ ૦.૪૯ ટકા ઘટ્યો હતો, જ્યારે હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ૨.૯૯ ટકા વધ્યો હતો. યુરોપિયન બજારો નોંધપાત્ર રીતે નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૩૯૩.૧૯ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા. પાછલા સત્રમાં બેન્ચમાર્ક ૧૦૪.૩૫ પોઈન્ટ અથવા ૦.૧૩ ટકા ઘટીને ૭૮,૧૮૦.૭૨ પર બંધ થયો હતો. નિફ્ટી ૩૧.૬૫ પોઈન્ટ અથવા ૦.૧૩ ટકા ઘટીને ૨૪,૩૯૮.૭૦ પર બંધ થયો હતો.

## ડાયમંડ પાવરને ₹ ૪૩૬ કરોડનો ઓર્ડર

મુંબઇઃ ડાયમંડ પાવર ઇન્ફ્રાસ્ટ્રક્ચરને હૈદરાબાદમાં એલએન્ડટી, સ્ટર્લિંગ અને વિલ્સન, બ્લુ સ્ટારના ૩૧૦ મેગાવોટ હૈદરાબાદ ડેટા સેન્ટર પ્રોજેક્ટ્સ માટે હાઇ અને લો ટેન્શન પાવર કેબલ્સના સપ્લાય માટે રૂ. ૪૩૬ કરોડનો સપ્લાય ઓર્ડર મળ્યો છે. એક્સચેન્જ ફાઇલિંગ અનુસાર આ ઓર્ડર ભારતના ડેટા સેન્ટર સેગમેન્ટમાં સૌથી મોટા સિંગલ કેબલ સપ્લાય ઓર્ડર્સમાંનો એક છે.

કંપનીનો શેર ગુરુવારે રૂ. ૨૪૦ની બાવન અઠવાડિયાની ઊંચી સપાટીએ પહોંચી અંતે ૨.૮૦ ટકા વધી રૂ. ૨૩૧.૬૦ બોલાયો હતો. દરમિયાન, વિવિધ રાજ્ય સરકારો પણ નવા રોકાણોને આકર્ષવા માટે તેમના વીજ માળખામાં વધારો કરી રહી છે. તાજેતરમાં, ગુજરાત સરકારે શહેરી અને અર્ધશહેરી વિતરણ માળખાને આધુનિક બનાવવાના પ્રયાસના ભાગરૂપે ભૂગર્ભ કેબલ માટે રૂ. ૨૨,૦૦૦ કરોડની જોગવાઈ કરી છે.

## ક્રૂડ તેલ ઉછળતાં વૈશ્વિક સોનામાં એક ટકાનો અને ચાંદીમાં બે ટકાનો કડાકોઃ સ્થાનિકમાં ચાંદી ₹ ૫૬૫૦ અને સોનું ₹ ૧૭૩૩ ગબડ્યું

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેનાં વચગાળાના શાંતિ કરાર પૂરા થઈ ગયા હોવાનું જણાવતાં આજે વિશ્વ બજારમાં ફરી ભૂરાજકીય તણાવ સપાટી પર આવતાં ક્રૂડ તેલના ભાવમાં ઉછાળો અને ડૉલર ઈન્ડેક્સ પણ મજબૂત થતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં એક ટકાનો અને ચાંદીના ભાવમાં બે ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હોવાના નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૫૬૫૦ અને સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૨૬થી ૧૭૩૩ ગબડી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વિશ્વ બજાર પાછળ હાજરમાં ચાંદીના વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૫૬૫૦ના ઘટાડા સાથે રૂ. ૨,૨૧,૫૫૦ના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં વધુ ઘટાડાના આશાવાદ હેઠળ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહી હતી. તે જ પ્રમાણે હાજરમાં સોનાના વેરારહિત ધોરણે ભાવમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૨૬ના ઘટાડા સાથે રૂ. ૧,૪૧,૭૮૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૭૩૩ના ઘટાડા સાથે રૂ. ૧,૪૨,૩૫૦ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકા ઘટીને ગત બીજી જુલાઈ પછીની નીચી ઔંસદીઠ ૪૦૬૧.૩૨ ડૉલરની સપાટીએ અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ બે ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૪૦૭૪ ડૉલર આસપાસ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૫૮.૭૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ઈરાન સાથે ચાર મહિના સુધી ચાલેલા વિવાદ પશ્ચાત્ થયેલા શાંતિ માટેના સમજૂતી કરારનો અંત આવ્યો છે અને હવે અમે ઈરાન સાથે વધુ સંકળાયેલા રહેવાનું ઈચ્છતા નથી એવાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના નિવેદન પછી વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં છ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. આમ ક્રૂડતેલના ભાવ વધી આવતા ફુગાવામાં અપેક્ષિત વધારાની સાથે અમેરિકી ફેડરલ રિઝર્વનાં નીતિવિષયક નિર્ણય પર પણ માઠી અસર પડે તેમ હોવાથી આજે સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું યુબીએસનાં વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ જણાવતાં ઉમેર્યું હતું કે ભૂરાજકીય તણાવને પગલે તેલના પુરવઠા પર અસર પડે છે કે નહીં તેના પર બજાર વર્તુળોની નજર છે.

સામાન્યપણે વધતા ફુગાવાના સંજોગોમાં સોના અને ચાંદી જેવી કિંમતી અસ્ક્યામતોમાં રોકાણકારોની હેજરૂપી લેવાલી રહેતી હોય છે, પરંતુ હાલના તબક્કે વધતા ફુગાવાને અંકુશમાં લેવા કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ હોવાથી સોનાની હેજરૂપી માગ દબાણ હેઠળ રહે છે. નોંધનીય બાબત એ છે કે આગામી સપ્ટેમ્બર મહિનામાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૮ ટકા શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો મૂકી રહ્યા હતા. જોકે, ગઈકાલે આ શક્યતા ૬૨ ટકા મુકાઈ રહી હતી.

## ખાંડમાં વધુ ₹ ૧૦થી ૨૦ની આગેકૂચ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની આક્રમક લેવાલી જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર વધુ ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૧૧૦થી ૪૧૬૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦ની અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦ની આગેકૂચ જોવા મળી હતી. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ ઉપરાંત મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો ઉછાળો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**શુદ્ધિપત્ર**

નિવિદા સૂચના સંખ્યા: Dy. CE/C/III/ADI/TRAINSET-III નું શુદ્ધિપત્ર; ઉપરોક્ત એનઆઈટી (NIT) ના સંદર્ભમાં, આથી નીચે મુજબનો સુધારો/વધારો બહાર પાડવામાં આવે છે:- ક્રમ નં. (1); એનઆઈટી (NIT) માં દર્શાવેલ પૂર્ણ કરવાનો સમયગાળો: ચોમાસા સહિત 90 દિવસ (નેવુ દિવસ); પૂર્ણ કરવાનો સમયગાળો આ મુજબ વાંચવો: ચોમાસા સહિત 24 મહિના (ચોવીસ મહિના); ઉપરોક્ત સંદર્ભિત એનઆઈટી (NIT) ની અન્ય તમામ નિયમો અને શરતો યથાવત રહેશે. આ સુધારાપત્ર મૂળ નિવિદા સૂચના નો અભિન્ન ભાગ ગણાશે. તમામ નિવિદાકર્તાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ પોતાની નિવિદાઓ રજૂ કરતી વખતે ઉપરોક્ત સુધારાનો નોંધ લે. વેબસાઇટ વિગત: www.ireps.gov.in CPM-027

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – રતલામ**

**ઈ-ટેન્ડર નોટિસ**

ટેન્ડર નં.: EL/TRD/ ૫૮/૨૦૨૬-૨૭/૧૧. કામનું નામઃ સિંહસ્થ ૨૦૨૮ હેઠળ "B" ક્લાસ સ્ટેશનમાં હાલના "D" ક્લાસ સ્ટેશન લેકોડાના અપગ્રેડેશન સાથેના સંબંધમાં TRD કામ. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૨,૨૦,૩૪,૭૨૧/- બાના રકમ ડિપોઝિટ/ બિડ સુરક્ષાઃ રૂ. ૪,૪૦,૭૦૦/- પૂર્ણતાની મુદતઃ ૧૮ મહિના. ટેન્ડર દસ્તાવેજોની કિંમતઃ NIL. બંધ થવાની તારીખ અને સમયઃ ૩૧.૦૭.૨૦૨૬ ૧૫.૦૦ ક. ઓફરની માન્યતાઃ ખોલવાના તારીખથી ૬૦ દિવસ. વેબસાઈટ વિગતોઃ www.ireps.gov.in 0134

અમને લાઈક કરો: facebook.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**આસીસ્ટન્ટ કમિશનર D વોર્ડ ઓફિસ**

**OACD/૨૨૩૨/AE (M) તા. ૦૮/૦૭/૨૦૨૬**

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે આપેલ મુજબ કામો માટે ક્વૉટેશન મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ અને બાના રકમ ડિપોઝિટ (બારડી) |
|---|---|
| ૧ | ૨ |
| ૧. | ''ગણપતિ વિસર્જન-૨૦૨૬ દરમિયાન સ્વરાજયભૂમિ ગિરગામ ચોપાટી ખાતે વોચ ટાવરના કેટરિંગ અને ઈરેકશન માટે B.M.C. સ્ટાફ, SWM વિભાગ, MOH વિભાગ, PRO વિભાગ, NGO, HAM રેડિયો, કૃતિ સમિતિ અને બિરલા ક્રિડા કેન્દ્ર માટે સેટિંગ વ્યવસ્થા (ફર્નિચર) સાથે માઇલ્ડ સ્ટીલ સ્ટ્રકચરમાં ડેકોરેટિવ વોટરપ્રુફ પંડાલના ઈરેકશન'' માટે ટેન્ડર (ટેન્ડર નં. ૨૦૨૬-MCGM-૧૩૧૫૦૯૦-૧) G.S.T. સાથે બાના રકમ ડિપોઝિટ (બારડી) - રૂ. ૪૩૦૦૦/-. |
| ૨. | ''D વોર્ડમાં સ્વરાજયભૂમિ ગિરગામ ચોપાટી ખાતે ગણપતિ વિસર્જન-૨૦૨૬ માટે BMC સ્ટાફ માટે લંચ અને ડિનર સહિત રિફ્રેશમેન્ટસની સપ્લાય'' માટે ટેન્ડર. ટેન્ડર નં. ૨૦૨૬-MCGM-૧૩૧૫૦૯૫-૧) બાના રકમ ડિપોઝિટ (બારડી) - રૂ. ૧૪૦૦૦/-. |

વધુ વિગતો માટે https://mahatenders.gov.in પર લોગ ઓન કરો.

સહી/-
વોર્ડ એક્ષિ. એન્જી. D વોર્ડ

PRO/748/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**SWM- ટ્રાન્સપોર્ટ (શહેર) ડિવિઝન**

**EETr/c/OD/૧૮૪૬/SWM તા. ૦૮.૦૭.૨૦૨૬**

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચેના ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| ટેન્ડર નોટીસ | |
|---|---|
| વિભાગ | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ |
| પેટા વિભાગ | ડે. ચી. એન્જિ. (S.W.M.) ટ્રા./એક્ષિ. એન્જિ. ટ્રા. (શહેર) |
| વિષય | ૨ વર્ષની મુદત માટે BMCમાં વિવિધ વિભાગોના ઉપયોગ માટે ટેમ્પો વાહનોની ભરતી. |
| બીડ નંબર | GEM/૨૦૨૬/B/૭૭૫૫૩૪૪ |
| બીડ પ્રારંભ તારીખ અને સમય | ૦૭.૦૭.૨૦૨૬ સ. ૦૪.૪૯ ક. થી |
| બીડ અંતિમ તારીખ અને સમય | ૨૨.૦૭.૨૦૨૬ સાં. ૦૫.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | http://gem.gov.in |
| ઈમેલ સરનામું | eetrcity@gmail.com |

ટેન્ડર કોપી પોર્ટલ (https://gem.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે. વધુ વિગતો માટે, https://gem.gov.in પર લોગ ઓન કરો.

સહી/-
આસી. એન્જિ. ટ્રાન્સપોર્ટ (શહેર) i/c

PRO/765/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**પબ્લિક નોટીસ**

અમારા અસીલો અહીં નીચે લખેલ **પરિશિષ્ટમાં** વધુ વિગતવાર વર્ણવેલ મુજબ, RA રેસિડેન્સીઝ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડના સભ્યપદ સાથે, સદર બિલ્ડિંગમાં ૪ કાર પાર્કિંગ જગ્યાઓ માણવા, ઉપયોગ કરવા અને ભોગવટો કરવાના વિશિષ્ટ હક્ક અને 'RA રેસિડેન્સીઝ' તરીકે જાણીતા બિલ્ડિંગની A વિંગમાં નં. ૨૯૦૨ ધરાવતા એક રહેણાંક ફ્લેટ પર કે તેમાં ઈચ્છુક વિક્રેતાના તમામ હક્ક, ટાઈટલ અને હિત, ઈચ્છુક વેન્ડર પાસેથી સંપાદન કરવા માટે B- ૩૭, સ્ટર્લિંગ એપાર્ટમેન્ટ્સ, ૩૮, પેડર રોડ, કંબાલા હિલ, મુંબઈ-૨૬ ખાતે તેણીનું સરનામું ધરાવતી મુંબઈના એક ભારતીય રહેવાસી **શ્રીમતી સુષ્મા આનંદ જૈન (ઈચ્છુક વેન્ડર)** સાથે વાટાઘાટો કરી રહ્યા છે. **(સંયુક્ત રીતે 'સદર મિલકત')** ઈચ્છુક વેન્ડરે અમારા અસીલોને જાણ કરી છે કે RA રેસિડેન્સીઝ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડએ 'RA રેસિડેન્સીઝ' તરીકે જાણીતા સદર બિલ્ડિંગમાં પ્રિમાઈસિસના સંબંધિત ખરીદદારો/ ધારકોને આજ દીન સુધી શેર્સ ઈશ્યૂ કરેલ નથી.

કોઈપણ શખ્સો જે સદર મિલકત કે તેના કોઈપણ ભાગ પર કે તેમાં કે સામે વેચાણ, અદલાબદલી, ગીરો, ચાર્જ, ભેટ, ટ્રસ્ટ, જાળવણી, કબજો, ટેનાન્સી, લીઝ, લીવ એન્ડ લાયસન્સ, લિઅન અથવા બીજી કોઈ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય અથવા બીજી કોઈ રીતે અમારા અસીલોની તરફેણમાં ઈચ્છુક વેન્ડર દ્વારા સદર બિલ્ડિંગના વેચાણ અને ટ્રાન્સફર માટે વાંધો ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં આવા દાવા કે વાંધાના સહાયક દસ્તાવેજો સાથે નીચે સહી કરનારને લો સ્ક્રાઈબ્સ, ૭૦૩, DLH પ્લાઝા, બીટા સોસાયટી, S.V. રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૫૮ ખાતે, આ નોટીસ છપાયાની તારીખથી ૧૪ દિવસની મુદતમાં કરે, જેના નિષ્ફળ જવા પર અમારા અસીલો દ્વારા અર્થઘટન કરવામાં આવશે અને સ્વીકાર કરવામાં આવશે કે આવા કોઈ દાવો કે વાંધો ત્યાં અસ્તિત્વમાં નથી; અને સદર અસ્તિત્વમાં ન હોય તેવું/ ત્યજી દીધેલ/ છોડી દીધેલ તરીકે ગણાશે; અને ત્યારબાદ, અમારા અસીલો કોઈપણ દાવા કે વાંધાને ધ્યાનમાં લીધા વિના ઈચ્છુક વેન્ડર પાસેથી સદર મિલકત હસ્તગત સંપાદન કરવા આગળની કાર્યવાહી કરશે.

**પરિશિષ્ટ**

**સદર મિલકતનું વર્ણન**

રજીસ્ટ્રેશન નંબર MUM/W.F-N/ HSG/ (TC)/ ૯૮૧૪/ ૨૦૨૨-૨૩/ વર્ષ-૨૦૨૨ ધરાવતા મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ સોસાયટી એક્ટ, ૧૯૬૦ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલ એક કો-ઓપ. સોસાયટી, RA રેસિડેન્સીઝ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડના સભ્યપદ સાથે અને; સદર બિલ્ડિંગમાં ૪ કાર પાર્કિંગ જગ્યાઓ વાપરવાના/ ભોગવટો કરવાના અને માણવાના વિશિષ્ટ હક્ક સાથે ડૉ. B. R. આંબેડકર માર્ગ, દાદર (પૂર્વ), મુંબઈ-૧૪ ખાતે આવેલ, પડેલ અને રહેલ અને મુંબઈ શહેરના રજીસ્ટ્રેશન પેટા-જિલ્લામાં માટુંગા ડિવિઝનનો કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૨, ધરાવતી જમીનનો ભાગ રચતી જમીન પર ઊભેલ 'RA રેસિડેન્સીઝ' તરીકે જાણીતી બિલ્ડિંગના 'A' વિંગમાં ૨૯મા માળ પર ભરતમાં ૨,૦૬૪ ચો.ફીટ કાર્પેટ એરિયા, ૧૯૧.૭૫ ચો.મી.ની સમકક્ષ, નં. ૨૯૦૨ ધરાવતો એક રહેણાંક ફ્લેટ.

આજ તા. ૯મી જુલાઈ, ૨૦૨૬

**લો સ્ક્રાઈબ્સ માટે**
**સહી/-**
**(નીલ માંડેવિયા)**
**એડવોકેટ અને સોલિસિટર**

**પબ્લિક નોટીસ**

આથી **ખબર** આપવામાં આવે છે કે મીરા વેલ્લા CHS લી., ૨જો માળ, F. નં. ૧૧, લિન્કીંગ રોડ, નેશનલ કોલેજ પાસે, બાન્દ્રા (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૦ ખાતે તેનું સરનામું ધરાવનાર, એક પ્રોપરાઈટરશીપ પેઢી, મે. એમ. કે. બીલ્ડર્સએ મારા અસીલોને જણાવ્યું છે કે તેઓ અહીં નીચે લખેલ પ્રથમ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ મિલકતનો વિકાસ કરવા માટે સંપૂર્ણરીતે અને કાયદેસર રીતે હક્કદાર છે. (**''સદર મિલકત''**)

મે. એમ. કે. બીલ્ડર્સએ વધુમાં મારા અસીલોને જણાવ્યું છે કે તેઓની દ્વારા હાથ ધરાએલ વિકાસના અન્વયે, તેઓ સદર મિલકત પર **''એમ. કે. હેરીટેજ''/ ''વોટર CHS''** તરીકે જાણીતા બીલ્ડીંગ બાંધી રહ્યા છે અને સદર માટે જરૂરી પ્લાનો, મંજૂરીઓ અને એપ્રુવલો મેળવેલ છે તેમજ **મહારેરા** સાથે પ્રોજેક્ટ પણ નોંધાવ્યો છે અને નં. P51800014952 ધરાવતા પ્રોજેક્ટ નોંધણી સર્ટિફિકેટ મેળવેલ છે.

મે. એમ.કે. બિલ્ડર્સે વધુમાં રજૂઆત કરી છે કે ઉપરોક્ત પ્રોજેક્ટનું રજીસ્ટ્રેશન માન્ય અને અમલમાં છે અને કે પ્રોજેક્ટ હવે સ્થગિત રાખવામાં આવ્યો નથી. જોકે **મહારેરાની** વેબસાઈટ પર આ બાબતની વિગતો હજુ સુધી અપડેટ કરવાની બાકી છે.

મે. એમ.કે. બિલ્ડર્સ તમામ બોજાઓ, ગીરો, દાવાઓથી મુક્તપણે અને સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલ સાથે અહીં નીચે લખેલ દ્વિતીય પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ રહેણાંક યુનિટસ (**''સદર યુનિટસ''**)ના વેચાણ અને/અથવા ટ્રાન્સફર માટે મારા અસીલો સાથે વાટાઘાટો ચલાવી રહ્યા છે.

કોઈપણ શખ્સ જે સદર મિલકત અને/ અથવા સદર યુનિટસ કે તેના કોઈપણ ભાગની બાબતમાં ફાળવણી, કરાર, વેચાણ, ટ્રાન્સફર, અદલાબદલી, ટેનાન્સી, સબ-ટેનાન્સી, લીઝ, સબ-લીઝ, ગીરો, (ઈક્વીટેબલ કે બીજી રીતે), ભેટ, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, વારસો, નિભાવ, બીક્વેસ્ટ, કબજો, ઈઝમેન્ટ, એસાઈનમેન્ટ, લાયસન્સ, ડીમાઈસ, બીકવેસ્ટ, પાર્ટીશન, ચાર્જ, પ્લેજ, ગેરંટી, પારિવારિક વ્યવસ્થા, વિકાસ હક્ક, સંયુક્ત સાહસ, FSI/TDR કંઝમ્પશન, રાઈટ ઓફ પ્રીસ્ક્રીપ્શન કે પ્રી-એમ્પ્શન, પાર્ટનરશીપ, લોન્સ, એડવાન્સીસ, એકવીઝીશન, રીકવીઝીશન, બોજા, ભોગવટો, ઇંજંકશન અને/કે કોઈપણ જપ્તી હેઠળ, કે કોઈપણ ચુકાદા હેઠળ, કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ ડીક્રી, હુકમ કે એવોર્ડ હેઠળ, આર્બીટ્રલ ટ્રીબ્યુનલ, રેવન્યુ કે સ્ટેચ્યુટરી ઓથોરીટી કે આર્બીટ્રિટર, પ્રીસ્ક્રીપ્શન કે પ્રી-એમ્પ્શનનો હક અથવા કાયદાના સંચાલન દ્વારા અથવા બીજી કોઈ રીતે કે પ્રકારે કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ, એસ્ટેટ, હિસ્સો કે હિત ધરાવતા હોય અને/ અથવા સદર મિલકત અને/કે સદર યુનિટસ પરના હક્કો અને વધુમાં સદર મિલકત અને/ કે સદર યુનિટસની બાબતમાં કોઈપણ અસલ ટાઈટલ ડીડસના કબજામાં કોઈપણ શખ્સ અને/અથવા બીજી કોઈ રીતે કોઈપણ દાવા ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં સહાયક દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને તેમની ઓફિસ ૨૦૫ (૨૨એ), ૨જો માળ, સર યુસુફ બિલ્ડીંગ કોન્ડોમિનિયમ, વીર નરીમાન રોડ, ફલોરા ફાઉન્ટન નજીક, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે આ તા. થી ૧૪ દિવસમાં કરે, જેમાં નિષ્ફળ જવા પર સદર યુનિટસના વેચાણ આવા કોઈપણ દાવા કે હિતના સંદર્ભ વિના પૂર્ણ કરવામાં આવશે અને આવા જો કોઈ હોય તો તમામ હેતુ અને ઉદ્દેશ્ય માટે ત્યજી દીધેલ તરીકે ગણાશે.

**અહીં ઉપર ઉલ્લેખેલ પ્રથમ પરિશિષ્ટ**

**[''સદર મિલકત'']**

મ્યુનિસિપલ K-પશ્ચિમ વોર્ડ સ્થાનિક મર્યાદામાં અને વિલેપાર્લા પશ્ચિમ, મુંબઈ-૫૪ના રેવેન્યુ ગામમાં ઈર્લા ખાતે ભરતમાં ૭૮૯.૨૦ ચો.મી., C.T.S. નં. ૪૭૭/B/૧/૮, ૪૭૭/B/૨ અને ૪૭૭/B/૩ ધરાવતી જમીનનો તે તમામ ટુકડો અને કકડો અને નીચે પ્રમાણે ઘેરાયેલ છેઃ

પૂર્વે કે તે તરફ : સ્વામી વિવેકાનંદ રોડ
પશ્ચિમે કે તે તરફ : સર્વોત્તમ CHS
દક્ષિણે કે તે તરફ : ૯.૧૫ પહોળો રસ્તો
ઉત્તરે કે તે તરફ : તલાઠી એપાર્ટમેન્ટ

**અહીં ઉપર ઉલ્લેખેલ દ્વિતીય પરિશિષ્ટ**

**[''સદર યુનિટસ'']**

| ફ્લેટ નં. | માળ | રેરા કારપેટ એરીયા |
|---|---|---|
| ૧૦૧ | ૧લો માળ | ૬૨.૭૦ |
| ૧૦૨ | ૧લો માળ | ૪૩.૨૮ |
| ૧૦૩ | ૧લો માળ | ૪૩.૨૮ |
| ૨૦૧ | ૨જો માળ | ૬૨.૭૦ |
| ૨૦૨ | ૨જો માળ | ૪૩.૨૮ |
| ૨૦૩ | ૨જો માળ | ૪૩.૨૮ |
| ૩૦૧ | ૩જો માળ | ૬૨.૭૦ |
| ૩૦૨ | ૩જો માળ | ૪૩.૨૮ |
| ૩૦૩ | ૩જો માળ | ૪૩.૨૮ |

તમામ અહીં ઉપર ઉલ્લેખેલ પ્રથમ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ મિલકત પર બાંધવામાં આવી રહેલ **એમ. કે. હેરીટેજ વોટર CHS** તરીકે જાણીતા બીલ્ડીંગમાં છે, જે કાર પાર્કીંગ જગ્યાઓના ૩ નં. & સ્ટેક કાર પાર્કીંગ જગ્યાઓના ૩ નં. સાથે છે.

આજ તા. ૯મી જુલાઈ, ૨૦૨૬

સહી/-
(ધીરેન એચ. શાહ)
(એડવોકેટ & સોલીસીટર)

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨**

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ**

**નં. KEM/૪૨૪/TDRE-III તારીખઃ ૦૨.૦૭.૨૦૨૬**

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ''રેટ ધોરણે'' નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | વર્ણન | ટેન્ડર ફી (રૂ.) | બારડી રકમ રૂ. | સોલ્વન્સી રૂ. | ઓનલાઈન ડાઉનલોડિંગ માટે પ્રારંભ તારીખ & સમય | ઓનલાઈન સુપ્રતિ માટે અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| ૧. | **KEM/ ૪૨૪/ TDRE-III** ICMR ની મંજૂર થયેલ ગ્રાન્ટ દ્વારા KEM હોસ્પિટલ ખાતે માઈક્રોબાયોલોજી વિભાગમાં IRDL માટે ત્રણ વર્ષની વોરંટી પૂર્ણ થયા પછી પાંચ વર્ષ માટે CMC તથા સ્ટાન્ડર્ડ એસેસરીઝ સાથે કેમેરા અને કોમ્પ્યુટર (૦૧ નં.) સાથે ડાર્ક ગ્રાઉન્ડ માઈક્રોસ્કોપી અને બ્રાઈટ ફિલ્ડ ફેઝ કોન્ટ્રાસ્ટ સાથે ચાર ફિલ્ટર સાથે ફ્લોરોસેન્ટ માઈક્રોસ્કોપનું SITC ટેન્ડર ID- **GEM/2026/B/7742571** | રૂ. ૯,૪૨૪/- (૧૮% GST સાથે) | રૂ. ૩૭,૦૫૦/- | ૧૦ લાખ | GeM પોર્ટલમાં આપ્યા મુજબ | GeM પોર્ટલમાં આપ્યા મુજબ |

ટેન્ડર દસ્તાવેજ આ ટેન્ડર નોટીસ સાથે BMC પોર્ટલ (https://portal.mcgm.gov.in) પર ઉપલબ્ધ છે. જો કે, બિડ સરકારી ઈ-માર્કેટ પ્લેસ/ નેશનલ પબ્લિક પ્રોક્યોરમેન્ટ પોર્ટલ (https://gem.gov.in) દ્વારા મંગાવવામાં આવશે. ટેન્ડરોએ નોંધ લેવી જોઈએ કે આ ટેન્ડર નોટીસ અંગે ઈશ્યૂ કરાયેલ કોઈપણ સુધારા ફક્ત GeM પોર્ટલ પર પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા ઈશ્યૂ કરવામાં કે પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
ડીન
(KEM હોસ્પિટલ)

PRO/760/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**વિષયઃ-** M/પૂર્વ વોર્ડમાં કચરાના ટ્રકો પર કચરો લોડ કરવા માટેની સંસ્થાઓ પાસેથી અરજી મંગાવવા અંગે.

**હિતની અભિવ્યક્તિ**

**જાહેરાત**

'M/પૂર્વ વોર્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ'માં સેનીટેશન કાર્ય માટે વિવિધ યોજનાને અમલમાં મૂકવા માટે, રસ ધરાવતી સ્થાનિક રજીસ્ટર લેબર કોપરેટિવ સોસાયટીઝ, સર્વિસ કોપરેટિવ સોસાયટીઝ, બેરોજગાર સેવા સરકારી સોસાયટીઝ, બિન સરકારી સંસ્થાઓ 'M/પૂર્વ' વોર્ડ ઓફિસના અધિકારક્ષેત્રમાં નોંધાયેલા મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે નોંધાયેલા છે. તેઓની પાસેથી લોટરી પદ્ધતિ દ્વારા પસંદગી માટે અરજી મંગાવાય છે જે સપ્લાય, પાત્રતા યાદી તૈયાર કરવા માટે સંસ્થાની પસંદગી માટે છે.

| ક્ર.નં. | યોજનાનું નામ |
|---|---|
| ૧. | મોટર લોડર યોજના |

તારીખ ૦૯.૦૭.૨૦૨૬ થી તારીખ ૧૪.૦૭.૨૦૨૬ના સવારે ૧૦.૩૦ થી બપોરે ૦૧.૦૦ કલાક સુધીની મુદત દરમિયાન કોઈપણ પૂર્વ નોટીસ વિના ડિવિઝનલ ઓફિસની જરૂરીયાત મુજબ વિષયના કાર્ય માટે પસંદ કરવામાં આવનાર સંસ્થાઓની સંખ્યા તેમજ સંસ્થાના એકમોની સંખ્યામાં ફેરફાર કરવાનો અધિકાર મહાનગરપાલિકા પાસે છે. સંસ્થા દ્વારા ચલણની માંગણી માટે અલગ અરજી સુપ્રત કર્યા પછી જ ચલણ જારી કરવામાં આવશે. ચલણ ઈશ્યુ કરવાની છેલ્લી તારીખ તા. ૧૪.૦૭.૨૦૨૬ બપોરે ૦૧.૦૦ કલાક સુધી. M પૂર્વ ડિવિઝન ઓફિસમાં આસીસ્ટન્ટ એન્જિનિયર (સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ)ને અરજીની નકલ રૂ. ૩૬૩૦/- + ૧૮% GST રોકડમાં અથવા રાષ્ટ્રીયકૃત બૅંક D.D. માં અરજી મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ ગ્રેટર મુંબઈ (નોન-રિફંડપાત્ર)ના નામે નાગરિક સુવિધા કેન્દ્ર (C.F.C) ખાતે જમા કરાવ્યા પછી આ ઓફિસમાંથી જારી કરવામાં આવશે. પાત્રતા સંસ્થાઓની યાદી અને ડ્રોની તારીખ M/પૂર્વ ડિવિઝન ઓફિસ ખાતેના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવશે. લાયક સંસ્થાઓની યાદીમાંથી સફળ સંસ્થાઓને કામની ફાળવણી યોજનાના નિયમો અને શરતો અનુસાર સંબંધિત વિભાગના આસીસ્ટન્ટ કમિશનર દ્વારા કરવામાં આવશે. દરેક નોકરી માટે અલગ અરજી અને અલગ રકમની ચુકવણી જરૂરી છે.

રસ ધરાવતી સંસ્થાઓએ વધુ વિગતો, અરજી ફોર્મ અને એફિડેવિટના નમૂના માટે 'M/પૂર્વ' વોર્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ઓફિસનો સંપર્ક કરવો જોઈએ. M/પૂર્વ વોર્ડ ઓફિસમાં સંસ્થામાંથી અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫.૦૭.૨૦૨૬ બ. ૦૧.૦૦ કલાક સુધી છે.

ઉલ્લેખિત ઓફિસ સમય પછી સુપ્રત કરેલી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સહી/-
આસી.એન્જિ.(SWM)M/પૂર્વ

PRO/754/ADV./2026-27

વૃક્ષ વાવો, વૃક્ષ બચાવો.

# વરસાદી આફત મોડી રાતના વસઈ-વિરારના પ્રવાસીઓ રઝળી પડ્યા, હવે રાહત...

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પાલઘર જિલ્લામાં અવિરત વરસાદને કારણે સ્થાનિકોનું જનજીવન હજુ થાળે પડે એમ લાગતું નથી. વરસાદનું જોર ઘટ્યા પછી પણ વરસાદી પાણી સંપૂર્ણપણે ઓસર્યાં નથી, જ્યારે અનેક સોસાયટી હજુ જળમગ્ન છે, ત્યારે હજુ લોકોને રાહત થઈ નથી.

પીવાના પાણીથી લઈ વીજળી અને જાહેર પરિવહન મુદ્દે પરેશાની જ ભોગવવી પડે છે, ત્યારે મંગળવારે સાંજ પછી રેલવેએ અચાનક ટ્રેનસેવા બંધ કરતા વિરાર-દહાણુવાસીઓએ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા, પરંતુ પશ્ચિમ રેલવેમાં હવે લોકલ ટ્રેનો રાબેતા મુજબ ચાલતી હોવાથી પ્રવાસીઓ રાહતનો (જુઓ પાનું ૪) ▶▶

## રાતના વસઈમાં ધમાલ

પશ્ચિમ રેલવેએ સવારના લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનોની સાથે લોકલ ટ્રેનો પણ ચાલુ કરવામાં આવી હતી, પરંતુ ટ્રેક પર પાણી આવ્યા પછી ટ્રેનસેવા સ્થગિત કરવામાં આવી હતી. સવારના લોકો મુંબઈ આવનારા પ્રવાસીઓ અટવાઈ ગયા હતા. સાંજ સુધી તો પરિસ્થિતિ વિકટ બની હતી. નજીકના સ્ટેશનના પ્રવાસીઓ તો ટ્રેક પર ચાલીને ગયા હતા, પરંતુ મોડી રાતના લોકોએ વસઈ સ્ટેશન પર મોટરમેન અને રેલવેના કર્મચારીઓ વિરુદ્ધ હંગામો કર્યો હતો. મહિલાઓ સહિત સિનિયર સિટિઝન પ્રવાસીઓએ વસઈ સ્ટેશને ટ્રેન રોકી દીધા પછી જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી.

## અમારો દોષ એટલો કે વિરારમાં રહીએ છીએ

વસઈના રહેવાસીએ એક પ્રવાસીએ કહ્યું હતું કે રેલવે સવારે જો ટ્રેન દોડાવી શકતી હોય તો પછી રાતના કેમ અચાનક રેલવે ટ્રેક પર પાણી આવી ગયા. લોકોની હાલાકીને સમજવાને બદલે અવગણવામાં આવે છે. વસઈ-વિરારના વીડિયો જોઈને સરકાર અને રેલવેને વાસ્તવિકતા સમજાઈ શકે છે કેટલી મુશ્કેલ પરિસ્થિતિ છે. નિર્દોષ લોકોનો દોષ એટલો જ છે કે તેઓ નાલાસોપારા, વસઈ-વિરાર રહે છે. અમારી મુશ્કેલી એક નથી ઘરે વીજળી નહીં, પાણી નહીં હોવા છતાં પેટિયું રળવા માટે મુંબઈ સુધી લાંબા થવું પડે છે. ગીચ ટ્રેનમાં મુશ્કેલીઓ વચ્ચે પણ લોકલ ટ્રેનમાં મુસાફરી કરીએ છીએ, પણ ટ્રેનો નિયમિત ચાલે નહીં તો શું કરવાનું. આ મુદ્દે રેલવેએ વિચારવાનું જરૂરી છે, એમ વિરારના રહેવાસી મહેશ જોશીએ જણાવ્યું હતું.

## ચર્ચગેટ-વિરાર/દહાણુ વચ્ચે ટ્રેન શરૂ

નાલાસોપારા, વસઈ, વિરારમાં રેલવે ટ્રેક પર પાણી હોવાથી ટ્રેનસેવા સ્થગિત કર્યા પછી ટ્રેનોને વસઈથી રોકી દેવામાં આવતા પ્રવાસીઓએ મોડી રાતે હોબાળો મચાવ્યો હતો અને ટ્રેનને આગળ લઈ જવાની વિનંતી કરી હતી. આ મુદ્દે વીડિયો પણ સોશ્યલ મીડિયા પર વાઇરલ થયો હતો. મહિલાઓએ ટ્રેનના લોકો પાઈલટને પણ વિનંતી કરી હતી. વાઇરલ વીડિયો અંગે રેલવેએ કોઈ પ્રતિક્રિયા આપી નહોતી પણ કહ્યું હતું કે લોકલ ટ્રેનો હવે ચર્ચગેટથી વિરાર-દહાણુ વચ્ચે દોડાવાય છે, જે સ્પીડ રિસ્ટ્રક્શન સાથે. સુરત-નવસારીમાં ભારે વરસાદને કારણે ગુજરાતના ટ્રેનવ્યવહાર પર અસર થઈ છે, જેમાં લાંબા અંતરની ૩૯ ટ્રેન રદ કરી હતી, જ્યારે ૨૧ શોર્ટ ટર્મિનેટ અને ૪૬ ટ્રેન રિશેડ્યૂલ્ડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.



## અલ નીનોની આર્થિક અસરનો સામનો કરવામાં ઇન્શ્યોરન્સ કેવી રીતે મદદ કરી શકે છે

**ડૉ. તપન સિંઘલ, એમડી અને સીઇઓ, બજાજ જનરલ ઇન્શ્યોરન્સ**

આપણે જાણીએ જ છીએ તેમ, અલ નીનો એ મધ્ય અને પૂર્વીય પેસિફિક મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન સમયાંતરે વધવાની એક કુદરતી ઘટના છે અને વૈશ્વિક હવામાન પેટર્નના સૌથી પ્રભાવશાળી પરિબળોમાંની એક છે. અલ નીનો હવે દૂરની આબોહવાકીય ઘટના નથી, પરંતુ તે આર્થિક વિક્ષેપ સર્જનારું એવું પરિબળ છે જેને ભારત ઓછું આંકી શકે તેમ નથી. આ ઘટનાનું ઉદ્ભવસ્થાન ભારતથી દૂર હોવા છતાં, તેની અસર દેશની આબોહવા, ખાસ કરીને દક્ષિણ-પશ્ચિમ ચોમાસા પર નોંધપાત્ર રીતે જોવા મળે છે. અલ નીનોની સ્થિતિ ઘણીવાર વરસાદની પેટર્નમાં વિક્ષેપ સાથે સંકળાયેલી હોય છે, જેના પરિણામે વરસાદનું અસમાન વિતરણ, લાંબા સમય સુધી વરસાદ ન પડવો, હીટવેવ, પાણીની અછત અથવા કેટલાક પ્રદેશોમાં અતિ ભારે વરસાદ જેવી પરિસ્થિતિઓ સર્જાય છે. આવા હવામાનની વિસંગતિઓ આર્થિક પ્રવૃત્તિ પર શૃંખલાબદ્ધ અસરો ઊભી કરી શકે છે, જે કૃષિ ઉત્પાદન, પુરવઠા શૃંખલાઓ, ઇન્ફ્રા-સ્ટ્રક્ચર, કાર્યબળ ઉત્પાદકતા અને તમામ ક્ષેત્રોમાં બિઝનેસ ઑપરેશનને અસર કરી શકે છે. આવા સંજોગોમાં ઇન્શ્યોરન્સ વ્યક્તિઓ અને વ્યવસાયોને હવામાન સંબંધિત વિક્ષેપોથી થતી ફાઇનાન્શિયલ અસરને મેનેજ કરવામાં મદદ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અલ નીનોની અસરોનો સૌથી વધુ પ્રભાવ જે ક્ષેત્રો પર પડે છે, તેમાં કૃષિ એક છે. વરસાદની પેટર્નમાં ફેરફારો વાવણીના સમયપત્રકમાં વિક્ષેપ ઊભો કરી શકે છે, પાકની ઊપજને અસર કરી શકે છે અને ખેતી અને સંલગ્ન પ્રવૃત્તિઓ પર આધારિત લાખો લોકો માટે આવકમાં અનિશ્ચિતતા ઊભી કરી શકે છે. પેરામેટ્રિક ઇન્શ્યોરન્સ ઉકેલો પણ સુસંગતતા મેળવી રહ્યા છે કારણ કે વ્યવસાયો અને સમુદાયો હવામાન સંબંધિત જોખમોને મેનેજ કરવા માટે વધુ પ્રતિભાવક્ષમ ઉકેલો શોધી રહ્યા છે. પરંપરાગત ઇન્શ્યોરન્સથી વિપરીત, આ ઉકેલો પૂર્વનિર્ધારિત હવામાનના ટ્રિગર જેમ કે વરસાદનાં સ્તર, તાપમાનની નિર્ધારિત મર્યાદા અથવા દુષ્કાળ જેવી પૂર્વનિર્ધારિત હવામાન ટ્રિગર સાથે જોડાયેલા હોય છે, જેથી નિર્ધારિત પરિમાણો પૂર્ણ થતાં જ ઇન્શ્યોરન્સની ચુકવણી થઈ શકે છે. આ ખાસ કરીને એવી પરિસ્થિતિઓમાં મૂલ્યવાન હોઈ શકે છે જ્યાં સમયસર ફાઇનાન્શિયલ સપોર્ટ મહત્ત્વપૂર્ણ છે, પછી ભલે તે મજૂરી-સઘન ઉદ્યોગોને અસર કરતા હીટવેવ હોય, વરસાદની અછત કૃષિ ઉત્પાદનને પ્રભાવિત કરતી હોય અથવા ભારે હવામાનની ઘટનાઓ બિઝનેસ ઑપરેશનમાં વિક્ષેપ ઊભો કરતી હોય.

ભારત સરકારના વાર્ષિક રિપોર્ટ ૨૦૨૪-૨૫ મુજબ, ૮.૫ કરોડથી વધુ સાહસો ધરાવતું એમએસએમઇ સેક્ટર ભારતના આર્થિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાનકર્તા તરીકે ઊભરી આવ્યું છે અને દેશના જીડીપીના ૩૦ ટકાથી વધુનું યોગદાન આપે છે.

## માત્ર ૩ મહિનામાં રૂા. ૧૫ કરોડ એકત્રિત કર્યા – દેવેનભાઈ શેઠ

### ભાવનગરમાં રૂા. ૧૫ કરોડના ખર્ચે કિરણભાઈ દ્વારકાદાસ સંઘવી વૃદ્ધનિકેતન (વૃધ્ધાશ્રમ)નું ઉદઘાટન થયું

**નવું મકાન બનાવવું એ ચાલું ગાડીએ ટાયર બદલવા જેવુ કપરૂ... આનંદ બાવાશ્રી**

ભાવનગરમાં આજથી ૫૦ વર્ષો પહેલા સામાજિક સેવક શ્રી માનભાઈ ભટ્ટ દ્વારા ઉભુ કરાયેલ વૃધ્ધાશ્રમનું બિલ્ડીંગ હાલ જર્જરીત થઈ ગયુ હોવાથી તેની જગ્યાએ નવું બિલ્ડીંગ બાંધવાની તાતી જરૂરિયાત હતી. આ માટે રૂા. ૧૫ કરોડની જરૂરિયાત સંસ્થાને હતી. તેમાં વૃધ્ધાશ્રમના ટ્રસ્ટી શ્રી અચ્યુતભાઈ જગજીવનદાસ મહેતાના મોટા બહેન શ્રી દુલારીબેન કિરણભાઈ સંઘવી એ સંસ્થાને રૂા. ૨.૪૧ કરોડનું અનુદાન આપી સંસ્થાને ખૂબ જ મદદરૂપ થયા હતા. વૃધ્ધાશ્રમનું આ નવું બિલ્ડીંગ બનાવવામાં સંસ્થાના ટ્રસ્ટી શ્રી કિર્તીભાઈ સખપરા તથા અચ્યુતભાઈ મહેતા એ ભારે જહેમત ઉઠાવી હતી. આ નવુ વૃધ્ધાશ્રમ વડીલોની તમામ જરૂરિયાતોને ધ્યાનમાં લઈને બનાવવામાં આવ્યું છે. હવા-ઉજાસ તથા બાલ્કનીવાળા રૂમ, પ્રાર્થના ખંડ, વિશાળ ભોજનાલય, ઈન્ડોર ગેઈમ માટેનો રૂમ, વિશાળ લાઈબ્રેરી, લીફ્ટ તથા ખુલ્લામાં બેસવા માટે વિશાળ બગીચો વિગેરે તમામ સવલતો ઉપલબ્ધ છે.

આ નવા વૃધ્ધાશ્રમના બિલ્ડીંગનું ઉદ્ઘાટન દુલારીબેનના ભાભી શ્રીમતી પારૂલબેન અચ્યુતભાઈ મહેતા તથા સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી શ્રી હર્ષદભાઈ શેઠના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નંદાલય હવેલીના પ.પૂ. આનંદબાવાશ્રીએ આશીર્વચન પાઠવ્યા હતા. પ્રમુખશ્રી નીલાબેન ઓઝાએ સંસ્થા વિશેની વિગતવાર માહિતી આપી હતી. મંત્રીશ્રી બુધાભાઈ પટેલ એ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે શહેર ભા.જ.પા. પ્રમુખશ્રી કુમારભાઈ શાહ, મેયરશ્રી ઉષાબેન, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી કિશનભાઈ મહેતા તથા શહેરના પ્રતિષ્ઠિત નાગરીકો તથા દાતાશ્રીઓએ હાજરી આપી હતી.

#### ઈશ્વરે તક આપી તે મે ઝડપી લીધી – દેવેન શેઠ

આ અંગે દેવેનભાઈ સાથે વાત કરતા તેઓએ જણાવેલ હતું કે હું ભાવનગર વૃધ્ધાશ્રમમાં છેલ્લા ૧૬ વર્ષોથી સહમંત્રી તરીકે સેવા આપુ છું. શ્રી માનભાઈ ભટ્ટ દ્વારા બનાવવામાં આવેલ બિલ્ડીંગ ૫૦ વર્ષ જુનુ થતા જર્જરીત થઈ ગયુ હતું. તેની જગ્યાએ નવુ બિલ્ડીંગ બનાવવાની તાતી જરૂરિયાત હતી. પરંતુ આટલુ મોટુ રૂા. ૧૫ કરોડનું ડોનેશન કઈ રીતે ભેગુ કરીશું તે મોટો પ્રશ્ન હતો. આ દરમિયાન સંસ્થાના મંત્રીશ્રી ૩ મહિનાની રજાએ જતા મંત્રીપદ મારે સંભાળવાનું આવ્યુ હતું. મેં પ્રથમ જ દિવસે ટ્રસ્ટી મંડળની મિટીંગ બોલાવી કોઈપણ ભોગે વૃધ્ધાશ્રમનું નવું બિલ્ડીંગ બાંધવા અંગે ટ્રસ્ટીગણને રજૂઆત કરી હતી અને સૌએ ઉત્સાહ, ઉમંગ અને આત્મવિશ્વાસ સાથે તે સ્વિકારી હતી. આ મિટીંગ દરમિયાન જ અમોને માત્ર ફોન થી જ આશરે રૂા. ૪ કરોડનું અનુદાન મળી ગયું હતું. ત્યારબાદ મંત્રીશ્રી દેવેનભાઈ શેઠ સહિત ટ્રસ્ટીશ્રી અચ્યુતભાઈ મહેતા, શ્રી ભરતભાઈ શાહ, શ્રી સંજયભાઈ શાહ, શ્રી સુનીલભાઈ વડોદરીયા, શ્રી કીર્તીભાઈ સખપરા તથા શ્રી લત્તાબેન શાહ સહિત સૌ સાથે મળીને ભાવનગરના મોટા-મોટા ઉદ્યોગપતિઓનો ડોનેશન મેળવવા સંપર્ક કર્યો અને માત્ર ત્રણ મહિનામાં જ નવા બિલ્ડીંગ માટે જરૂરી તમામ ડોનેશન અથાગ મહેનત અને પરિશ્રમથી એકઠુ કરી નાખ્યું. ત્યારબાદ જુનુ બિલ્ડીંગ જમીનદોસ્ત કરવાનું હોય ત્યાં રહેતા લગભગ ૧૨૦ જેટલા વડીલો માટે અન્ય સારી જગ્યા ગોતવા ખૂબજ મહેનત ઉઠાવી સૌ વડીલોને ત્યાં શીફ્ટ કર્યા. ત્યારબાદ નવા આધુનિક બીલ્ડીંગના બાંધકામનું કામ ટ્રસ્ટીશ્રી કિર્તીભાઈ સખપરા અને અચ્યુતભાઈ મહેતાએ બખુબી નીભાવી આમ આજે વૃધ્ધાશ્રમનું નવું સુંદર મજાનું તમામ સુવિધાવાળુ બિલ્ડીંગ બની જતા સૌ ટ્રસ્ટીઓનું સ્વપ્ન સાકાર થયું.

## ડોમ્બિવલીની હૉસ્પિટલમાં ડૉક્ટરોની મારપીટના કેસમાં શિવસેનાના નગરસેવકની ધરપકડ

થાણે: કેડીએમસી સંચાલિત ડોમ્બિવલીની હૉસ્પિટલમાં ડૉક્ટરો અને મેડિકલ સ્ટાફ સાથે કથિત મારપીટ કરવાના કેસમાં શિવસેનાના નગરસેવક રમેશ મ્હાત્રેની બુધવારે ધરપકડ કરવામાં આવી હતી.

કલ્યાણના ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી) અતુલ ઝેંડે જણાવ્યું હતું કે મ્હાત્રે અને તેના સાથીઓને વિષ્ણુનગર પોલીસે ફોજદારી ગુનામાં કસ્ટડીમાં લીધો હતો. મ્હાત્રે વિરુદ્ધ નોંધાયેલા ગુના પછી આ કાર્યવાહી કરવામાં આવી છે. વધુ તપાસ કરવામાં આવી રહી છે.

ડૉક્ટરોની મારપીટની ઘટના સોમવારની સાંજે ડોમ્બિવલીની હૉસ્પિટલમાં બની હતી. ઘટનાનો વીડિયો વાયરલ થતાં ભારે હોબાળો (જુઓ પાનું ૪) ▶▶

### સંસદસભ્ય શ્રીકાંત શિંદેએ કૃત્યને વખોડ્યું

મુંબઈ/થાણે: મહારાષ્ટ્રના થાણે જિલ્લાની એક હોસ્પિટલમાં એક પરિવારને નવજાત શિશુને બીજી હોસ્પિટલમાં ખસેડવાની સલાહ આપવામાં આવ્યા બાદ શાસક શિવસેનાના નગરસેવક અને તેના સાથીઓએ બે ડોકટર અને અન્ય સ્ટાફની મારપીટ કરી હોવાનો આરોપ પોલીસે બુધવારે મૂક્યો હતો.

વિપક્ષ શિવસેના (યુબીટી ) એ સરકાર પર નિશાન સાધી સવાલ કર્યો કે શું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ આવી ગુંડાગીરી ચલાવી લેશે? જવાબમાં શાસક (જુઓ પાનું ૪) ▶▶

## પ્રતિબંધ મહારાષ્ટ્રમાં ત્રીજી સપ્ટેમ્બર સુધી ધોધ પાસે અને નદી કિનારે પર્યટન પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચોમાસાની ઋતુમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવતા હોય તેવા ભિવંડી, શાહપુર, મુરબાડ, કલ્યાણ અને અંબરનાથ તાલુકા જેવા ગ્રામીણ વિસ્તારોમાં પ્રખ્યાત પર્યટન સ્થળોએ ૪ જુલાઈથી ૩ સપ્ટેમ્બર સુધી પ્રતિબંધિત આદેશો લાગુ કરવામાં આવ્યા છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૬૮ હેઠળ ગ્રામીણ પોલીસે આ આદેશ જારી કર્યો છે.

ચોમાસાની ઋતુ દરમિયાન, ગ્રામીણ વિસ્તારોમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ ધોધ, તળાવો, નદીઓ અને બંધોની મુલાકાત લે છે. જોકે, પાણીના અણધાર્યા પ્રવાહને કારણે ઘણા લોકોના જીવ ગયા છે. ઉપરાંત, કેટલીક જગ્યાએ છેડતી, બળાત્કાર અને મહિલાઓ સાથે અભદ્ર વર્તનની ઘટનાઓ બની છે. આ પૃષ્ઠભૂમિ સામે, શાંતિ, કાયદો અને વ્યવસ્થા (જુઓ પાનું ૪) ▶▶

## રમકડાંની માફક વહ્યાં હજારો ગેસનાં સિલિન્ડર

રાયગઢ: મહારાષ્ટ્રમાં ભારે વરસાદ વચ્ચે એક ચોંકાવનારા સમાચાર જાણવા મળ્યા છે. ચાવણે સ્થિત હિંદુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ)ના પ્લાન્ટ પરિસરમાં અચાનક પૂરના પાણી ઘૂસી આવતા હજારો સિલિન્ડર વરસાદના પાણીમાં રમકડાંના માફક વહી ગયા હતા, જ્યારે તેનો વીડિયો વાયરલ થયા પછી લોકોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ધીમે ધીમે મેઘરાજાએ આફતનું નિર્માણ કર્યું છે, ત્યારે વરસાદી આફતનો એક ચોંકાવનારો વીડિયો વાયરલ થયો હતો. એચપીસીએલના આશરે ૧,૨૦૦થી વધુ ગેસના સિલિન્ડર વરસાદી પૂરમાં વહી ગયા હતા. રાહતની વાત એ હતી કે એ સિલિન્ડર ખાલી હતા. વાયરલ વીડિયોમાં પણ (જુઓ પાનું ૪) ▶▶

## બેસ્ટની બસ અને છોડના મોટા કૂંડા વચ્ચે રાહદારી ફસાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાંડુપમાં બનેલી વિચિત્ર ઘટનામાં રિવર્સમાં આવેલી બેસ્ટની બસ અને રસ્તાને કિનારે મુકાયેલા છોડના મોટા કૂંડા વચ્ચે રાહદારી ફસાઈ ગયો હતો. ટર્ન લેવા અપૂરતી જગ્યાને કારણે ડ્રાઈવરે બેદરકારીથી બસ રિવર્સ લેતાં આ ઘટના બની હતી. ફસાયેલા રાહદારીને કાઢવાના પ્રયાસમાં ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે બસે ત્રણ વાહનને અડફેટે લીધાં હતાં. ગંભીર રીતે ઘવાયેલા રાહદારીને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

ડીસીપી ઝોન ઈસ્ટ-૩ના ડેપ્યુટી પોલીસ કમિશનર અભયસિંહ દેશમુખે જણાવ્યું હતું કે ભાંડુપ પશ્ચિમમાં કોંકણ નગર ખાતેની ક્રિટી કૅર હૉસ્પિટલ પાસે બુધવારની સવારે ૮.૩૦ વાગ્યે બનેલી ઘટનામાં (જુઓ પાનું ૪) ▶▶

## વિપક્ષની બુમરાણ બાદ આજે મહારાષ્ટ્ર વિધાનસભામાં વરસાદની સ્થિતિ પર ચર્ચા

મુંબઈ: મહારાષ્ટ્રની વરસાદની સ્થિતિ પર ગુરુવારે રાજ્ય વિધાનસભામાં ટૂંકી ચર્ચા થશે. વિપક્ષે આ મુદ્દાને ઉઠાવવામાં વિલંબનો વિરોધ કર્યા બાદ સ્પીકર રાહુલ નાર્વેકરે કહ્યું કે આ મુદ્દો ગૃહ સમક્ષ સૌથી વધુ ચિંતાનો વિષય છે. બુધવારે વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવી વિપક્ષના સભ્યોએ પૂછ્યું કે ગૃહમાં ઘણી અન્ય ચર્ચાઓ થવા છતાં વરસાદની પરિસ્થિતિ પર ટૂંકા ગાળાની ચર્ચા માટે નોટિસ કેમ સ્વીકારવામાં આવી નથી.

તેમણે અધ્યક્ષ પાસેથી સ્પષ્ટતા માગી કહ્યું કે જો ચાલુ સત્ર દરમિયાન ચર્ચા નહીં કરવામાં આવે તો આ મુદ્દો ઉઠાવવાનો હેતુ નિષ્ફળ જશે. માંગણીનો જવાબ આપતા સ્પીકર નાર્વેકરે કહ્યું કે ગૃહ ગુરુવારે ટૂંકા ગાળાની ચર્ચા હાથ ધરશે. ચર્ચા માટે દરખાસ્તો સભ્યો દ્વારા મંગળવારે રજૂ કરવામાં આવી હતી, પરંતુ બુધવાર માટે 'દિવસનો ક્રમ' નક્કી થઈ ગયા પછી પ્રાપ્ત થઈ હતી. રાજ્યભરમાં ગંભીર પરિસ્થિતિનો ઉલ્લેખ કરી વિપક્ષે આ મુદ્દા પર તાત્કાલિક ધ્યાન આપવાની માંગ કરી (જુઓ પાનું ૪) ▶▶

## બે જળાશય છલકાયાં ૪૨ ટકા જ પાણી!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અનરાધાર વરસાદને કારણે મુંબઈને પીવાનું પાણી પૂરું પાડતાં બે જળાશય વિહાર અને તુલસી છલકાયાં હોવા છતાં અત્યારે પાણીના કુલ જથ્થા કરતાં માત્ર ૪૨ ટકા જ પાણી જળાશયોમાં ભરાયું હોવાનું મુંબઈ મહાનગરપાલિકાનું કહેવું છે. વરસાદે છેલ્લા ચારથી (જુઓ પાનું ૪) ▶▶

## ખડકવાસલા ડેમમાંથી પાણી છોડવાનું શરૂ

પુણે: પુણે અને તેની આસપાસના કેચમેન્ટ વિસ્તારોમાં છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલા અવિરત વરસાદને કારણે ખડકવાસલા ડેમમાંથી મુઠા નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. આના લીધે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી (જુઓ પાનું ૪) ▶▶

## ગોદાવરીની જળસપાટીમાં વધારો

નાશિક: મહારાષ્ટ્રના નાશિક જિલ્લામાં સતત વરસાદને કારણે ગોદાવરી નદીની જળસપાટીમાં ભારે વધારો થયો છે, જેના લીધે કેટલાક સ્થળોએ ભૂસ્ખલન અને રસ્તાઓ બંધ થવાની ઘટનાઓ સામે આવી છે.

પાલખેડ અને નાંદુર (જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે 'મિસિંગ લિંક' પ્રોજેક્ટનો ફડણવીસે બચાવ કર્યો

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે મુંબઈ-પુણે એક્સપ્રેસવે 'મિસિંગ લિંક' પ્રોજેક્ટનો તીવ્રતાથી બચાવ કર્યો હતો. તાજેતરમાં મિસિંગ લિંક નજીક ભૂસ્ખલન થયું એ અનુસંધાનમાં તેમણે ઉમેર્યું હતું કે મોટા માળખાકીય કાર્યોમાં પ્રારંભિક પડકારો અનિવાર્ય હોય છે.રાજ્ય વિધાનસભામાં ધોધમાર વરસાદ અને પૂર વ્યવસ્થાપન પર ચર્ચાનો જવાબ આપતા ફડણવીસે પ્રોજેક્ટના ટીકાકારો દ્વારા ભાડે રાખેલા ટ્રોલ દ્વારા ટીવી અને સોશ્યલ મીડિયા પર જૂઠાણા ફેલાવવાનો આરોપ કરી ચેતવણી આપી કે ખોટી માહિતીથી મહારાષ્ટ્રને બદનામ કરનારાઓ સાથે કડક હાથે કામ લેવામાં આવશે.. આ પ્રોજેક્ટમાં ભારતનો સૌથી પહોળો કેબલ-સ્ટેડ બ્રિજ અને ૧૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવનનો સામનો (જુઓ પાનું ૪) ▶▶

મોટાભાઈ! ૪૦ વરસો નો અનુભવ છે.
ચારધામ
કેરલમ
લેહ-લદાખ
સ્પીતી-વેલી
•••• મહારાજ સાથે ••••
Heena Tours & Travels
9137890531 / 9326474508

## થાણેના 'બિન-કાર્યક્ષમ' અધિકારીઓ સસ્પેન્ડ

થાણે: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ બુધવારે બેજવાબદાર અને બિનકાર્યક્ષમ અધિકારીઓને એક અઠવાડિયા માટે સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે. થાણેના કોર્પોરેટરોએ કટોકટી દરમિયાન કેટલાક નાગરિક વિભાગો, ખાસ કરીને વૃક્ષ સત્તામંડળના 'અપ્રતિભાવી વલણ'નો આરોપ લગાવ્યા બાદ આ આદેશ આપવામાં આવ્યો છે.

ચોમાસાની તૈયારીઓની સમીક્ષા કરવા માટે અહીં પ્રાદેશિક ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ કંટ્રોલ રૂમની મુલાકાત દરમિયાન, થાણેના પાલક પ્રધાન શિંદેએ ચોમાસા દરમિયાન 'ઝીરો ડેથ ટોલરન્સ' નીતિની જાહેરાત કરી, સાથે સાથે બિનકાર્યક્ષમ અધિકારીઓને તાત્કાલિક એક અઠવાડિયા માટે સસ્પેન્શન અને બદલી કરવાનો અને તેમની જગ્યાએ અન્ય વિભાગોના સક્ષમ કર્મચારીઓને મુકવાનો આદેશ આપ્યો હતો.

તેમણે વૃક્ષ સત્તામંડળ અને આપત્તિ વ્યવસ્થાપન (જુઓ પાનું ૪) ▶▶

## કચરાના ઢગલાને કારણે બિલ્ડિંગ ધરાશાયી, ૧૬ લોકો ફસાયા હોવાની આશંકા

પુણે: બુધવારે પુણે જિલ્લાના પિંપરી ચિંચવડમાં ભારે વરસાદ બાદ એક ત્રણ માળની ઇમારત પર કચરાનો મોટો ઢગલો ધસી પડતાં બિલ્ડિંગ ધરાશાયી થઇ હતી, જેમાં ૧૬ લોકો ફસાયા હોવાની આશંકા છે, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.આ ઘટના મોશી ખાતે બની હતી, જ્યાં આ ઇમારતનો ઉપયોગ સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશન વતી કચરાનું પ્રોસેસિંગ કરતી એક ખાનગી કંપનીની વહીવટી ઓફિસ તરીકે કરવામાં આવતો હતો.પિંપરી ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વિજય સૂર્યવંશીએ જણાવ્યું હતું કે, આ વહીવટી ઇમારત કચરાના પહાડ જેવા મોટા ઢગલાની બિલકુલ બાજુમાં આવેલી (જુઓ પાનું ૪) ▶▶

## વરસાદમાં કેળવેની અવસ્થાનું વરવું દૃશ્ય | દરવાજાને સ્ટ્રેચર બનાવીને છાતીસમાણા પાણીમાં સગર્ભાને હૉસ્પિટલ લઈ જવાઈ

પાલઘર: છેલ્લા ચાર-પાંચ દિવસથી મુશળધાર વરસાદને કારણે પાલઘર જિલ્લાની કપરી પરિસ્થિતિનો ચિતાર આપતું દૃશ્ય મંગળવારે જોવા મળ્યું હતું. સગર્ભાને અચાનક પીડા ઊપડતાં ઘરના દરવાજાને ઉખેડી તેનો ઉપયોગ સ્ટ્રેચર તરીકે કરાયો હતો અને છાતીસમાણાં પાણીમાંથી પસાર થઈને સ્થાનિકો મહિલાને હૉસ્પિટલે લઈ ગયા હતા.

મહિલાએ બાદમાં સફાળે ગ્રામીણ હૉસ્પિટલમાં બાળકને જન્મ આપ્યો હતો. માતા અને બાળક બન્ને સ્વસ્થ હોવાનું હૉસ્પિટલના અધિકારીએ બુધવારે જણાવ્યું હતું.

ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોમાં સ્થાનિકો છાતી જેટલાં ભરાયેલાં પાણીમાંથી સ્ટ્રેચર પર મહિલાને લઈ જતાં હોવાનું દેખાય છે.

કેળવે રોડના માયખોપ ગામમાં રહેતી પ્રિયંકા રવિ યાદવને મંગળવારે એકાએક પ્રસૂતિની (જુઓ પાનું ૪) ▶▶

## વિપક્ષી ધારાસભ્યના પાણીની અછતના દાવા આંશિક રીતે સાચા: મહારાષ્ટ્ર સરકારની કબૂલાત

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે બુધવારે વિધાનસભામાં સ્વીકાર્યું કે વ્યાપક પાણીની અછત અંગે કોંગ્રેસના ધારાસભ્યના દાવા આંશિક રીતે સાચા છે, અને આ વર્ષે ૨૨ જૂન સુધીમાં ૧,૨૦૦ થી વધુ ગામડાઓને ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવામાં આવી રહ્યું હતું.અ

કોંગ્રેસના ધારાસભ્ય અમિત દેશમુખે કહ્યું હતું કે પાણીની અછત સત્તાવાર આંકડાઓ કરતાં વધુ વ્યાપક છે. તેના જવાબમાં પીવાના પાણી અને સ્વચ્છતા પ્રધાન ગુલાબરાવ (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**